

પેજ-08

'કેદારનાથ'ના 7 વર્ષ: સારા અલી ખાને સુશાંતને યાદ કરી આભાર માન્યો

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

આંસુ સાથે લેન્ડો નોરિસે ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 29.00 | 16.00 |
| વડોદરા | 30.00 | 16.00 |
| સુરત | 32.00 | 19.00 |

પેજ 5



નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪% કૃષિ વૃદ્ધિનું અનુમાન પશુધન અને...

09 DECEMBER-2025 TUESDAY

ઇતિહાસ રચ્યો : 29 વર્ષીય લારા વિશ્વની સૌથી નાની ઉંમરની અબજોપતિ



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 85102.69 ▼ | 609.10 |
| નિફ્ટી | 25960.55 ▼ | 225.90 |
| સોનું | 129990.00 ▼ | 472.00 |
| ચાંદી | 181850.00 ▼ | 1558.00 |

વર્ષ-15 । અંક-028 । વિક્રમ સંવત-2082 । માગસર વદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ઇન્ડિગોની ફ્લાઇટ 6E 1073માં ફુકેટ ભાગ્યા

## ગોવા ક્લબ અગ્નિકાંડ : બંને માલિક થાઈલેન્ડ ભાગી ગયા



(એજન્સી) ગોવા | તા.08

ગોવાના પ્રખ્યાત 'બિર્ચ બાય રોમિયો લેન' નાઈટ ક્લબમાં થયેલા અગ્નિકાંડ મુદ્દે મોટા સમાચાર સામે આવ્યા છે. મુખ્ય આરોપી સૌરભ અને ગૌરવ લુથરા ઘટનાના પાંચ કલાક બાદ ભારતમાંથી ફરાર થઈ થાઈલેન્ડના ફૂકેટ ભાગી ગયા છે.

ગોવા પોલીસે સમગ્ર મામલે નિવેદન આપતા કહ્યું કે હાલમાં આરોપીના ઠેકાણા અને વિદેશ ભાગી જવાની સમગ્ર પ્રક્રિયાની તપાસ ચાલી રહી છે.

પોલીસે વધુ વિગતો આપતા જણાવ્યું કે 7 ડિસેમ્બરની સાંજ સુધીમાં બંને શખ્સો સામે લુકઆઉટ સર્ક્યુલર (LOC) જાહેર કરી દેવામાં આવ્યો હતો. મુંબઈ ઈમિગ્રેશનનો સંપર્ક કરવામાં આવતા તેમને જાણવા મળ્યું કે બંને આરોપીઓ 7 ડિસેમ્બરના રોજ સવારે 5:30 વાગ્યે ઈન્ડિગોની ફ્લાઈટ 6E 1073 માં ફુકેટ જવા રવાના થયા હતા. આ અકસ્માત ગઈકાલે (7 ડિસેમ્બર) રાત્રે મધ્યરાત્રિની આસપાસ થયો હતો, જેનાથી સ્પષ્ટ થયું કે બંને શખ્સ તપાસથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### ગોવા પોલીસે ઇન્ટરપોલની મદદ માંગી

દંપતીના વિદેશ ભાગી જવાની માહિતી મળતાં, ગોવા પોલીસે તાત્કાલિક મુંબઈ ઈમિગ્રેશન બ્યુરોનો સંપર્ક કર્યો. ત્યારથી તેમને શક્ય તેટલી વહેલી તકે પકડવા માટે સીબીઆઈના ઈન્ટરપોલ વિભાગ સાથે સંકલન શરૂ કરવામાં આવ્યું છે. સીબીઆઈની મદદથી, ગોવા પોલીસે ઈન્ટરપોલ દ્વારા તેમના સ્થાનને શોધવાના પ્રયાસો શરૂ કર્યા છે. દરમિયાન, ગોવા પોલીસે આજે દિલ્હીથી તેમના મેનેજર ભરત કોહલીની ધરપકડ કરી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# વંદે માતરમ એ સમગ્ર વિશ્વમાં ભારતનું ગૌરવ : રાજનાથ સિંહ

**સંસદમાં વંદે માતરમ પર ચર્ચા :** PM મોદી અને પ્રિયંકા ગાંધીએ નેહરુ વિશે શું કહ્યું, ઓવૈસીએ કહ્યું-વફાદારીનું પ્રમાણપત્ર ન માંગવું જોઈએ



(એજન્સી) નવી દિલ્હી | તા.08

લોકસભામાં આજે વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થતા વિશેષ સત્રનું આયોજન કરાયુ છે. 10 કલાક ચર્ચા માટે ફાળવાયા છે. ત્યારે લોકસભામાં રક્ષામંત્રી રાજનાથ સિંહે સંબોધન કર્યું હતું. તેમણે કહ્યુ કે વંદેમાતરમ સ્વયં પૂર્ણ છે પરંતુ તેને અપૂર્ણ બનાવવાના પ્રયાસો થયા. કોંગ્રેસે ગીતને ખંડિત કરવાનો નિર્ણય લીધો. બ્રિટિશ શાસને વંદેમાતરમ પર રોક લગાવી હતી.

રાજનાથ સિંહે કહ્યું, બંગાળના ભાગલા સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન, વંદે માતરમ જનતામાં ગુંજતું રહ્યું. બ્રિટિશ સરકારે તેની વિરુદ્ધ એક પરિપત્ર બહાર પાડ્યો. જોકે, તેઓ જાહેર ચેતનામાંથી વંદે માતરમને દૂર કરવામાં અસમર્થ રહ્યા. તે સમયે રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવા માટે એક વંદે માતરમ સમિતિની રચના કરવામાં આવી હતી. 1906માં જ્યારે ભારતનો પહેલો ધ્વજ બનાવવામાં આવ્યો ત્યારે, વંદે માતરમ મધ્યમાં લખાયેલું હતું. વંદે માતરમ નામનું એક અખબાર પણ હતું.

### 'ભારત માતા' ના નારા પર ઓવૈસીનો વાંધો



**ઓવૈસીએ 'ભારત માતાના નારા પર પોતાનો સખત વાંધો વ્યક્ત કરતાં દલીલ કરી હતી કે, 'જો આપણે ભારત માતાને એક દેવી તરીકે સંબોધી રહ્યા છીએ, તો આપણે આમાં ધર્મને લાવી રહ્યા છીએ. બંધારણમાં દેશ પ્રત્યેની નિષ્ઠાની વાત છે, કોઈ દેવીની પૂજા કરવાની નહીં.' ઓવૈસીએ સત્તાધારી પક્ષને ઘેરતાં સ્પષ્ટ કહ્યું કે, મુસલમાનો પાસેથી વારંવાર વફાદારીનું પ્રમાણપત્ર માંગવાનું બંધ કરવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમણે પોતાની મરજીથી ભારતને પોતાનો દેશ પસંદ કર્યો છે અને તેઓ અહીં જ જીવશે અને અહીં જ મરશે, પરંતુ પોતાની દેશભક્તિ સાબિત કરવા માટે કોઈના દબાણમાં નહીં આવે.**



“ જો ગાંધીજી વંદે માતરમને આટલું મહાન માનતા હતા, તો કોંગ્રેસે આટલા શક્તિશાળી ગીત સાથે અન્યાય કેમ કર્યો, અને કઈ શક્તિઓ ગાંધીજીના વિચારોને હાંસિયામાં ધકેલી દેવામાં સફળ થઈ?

**-વડાપ્રધાન નરેન્દ્ર મોદી**



“ દેશનું ધ્યાન મહત્વપૂર્ણ મુદ્દાઓ પરથી હટાવવા માટે ગૃહમાં વંદે માતરમ પર ચર્ચા થઈ રહી છે. ગૃહમાં બેરોજગારી, મહિલાઓની સુરક્ષા, મોંઘવારી જેવા મુદ્દાઓ પર ચર્ચા કેમ નથી થતી?

**- પ્રિયંકા ગાંધી વાડ્રા**

### 3900 ફ્લાઈટ્સનો જવાબ માગશે DGCA

## ઇન્ડિગોના CEO સહિત ટોચના અધિકારીઓને DGCAનું સમન્સ



(એજન્સી) નવી દિલ્હી | તા.08

ફ્લાઈટ કટોકટી વચ્ચે, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ઈન્ડિગોના ટોચના અધિકારીઓને સમન્સ પાઠવવામાં આવ્યા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા એરલાઈનના સીઈઓ અને સીઓઓને સમન્સ પાઠવવામાં આવ્યા છે. પ્રતિનિધિઓને આવતીકાલે સવારે 11 વાગ્યે જવાબ આપવાનો રહેશે. ડીજીસીએ ઈન્ડિગોના વધારાના રૂટ ઘટાડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડીજીસીએએ ચાર સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિ આવતીકાલે સવારે 11 વાગ્યે ઈન્ડિગો એરલાઈન્સના ટોચના અધિકારીઓની પૂછપરછ કરશે. સમિતિ છેલ્લા છ દિવસમાં આશરે 3,900 ફ્લાઈટ રદ કરવા અંગે આ અધિકારીઓની પૂછપરછ કરશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનની આ સમિતિ ક્રૂ પ્લાનિંગ, ઓપરેશનલ તૈયારીઓ અને નવા ફ્લાઈટ ડ્યુટી નિયમોની તપાસ કરી રહી છે. ડીજીસીએએ ઈન્ડિગોને કારણદર્શક નોટિસનો જવાબ આપવા માટે વધુ 24 કલાકનો સમય આપ્યો હતો.

### ઈન્ડિગોનું સંકટ સાતમા દિવસે પણ ચાલુ

હકીકતમાં, ઈન્ડિગોનું સંકટ સાતમા દિવસે પણ ચાલુ છે. ઓપરેશનલ મુશ્કેલીઓને કારણે 450 થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. 2 ડિસેમ્બરથી શરૂ થયેલા આ સંકટથી હજારો મુસાફરો પરેશાન થયા છે. જોકે, ઈન્ડિગોએ માફી માંગી છે અને કહ્યું છે કે 10 ડિસેમ્બર સુધીમાં વસ્તુઓ સામાન્ય થઈ જશે. DGCA એ ઈન્ડિગોના CEO અને COO ને પણ નોટિસ ફટકારી છે. ઈન્ડિગોએ અત્યાર સુધીમાં રૂા.610 કરોડનું રિફંડ યાત્રીઓને આપ્યું છે.

**500 કરોડના સ્ટેટમેન્ટ પર કાર્યવાહી :** વરિષ્ઠ નેતાઓ પર લગાવ્યો હતો પૈસા લઈને ટિકિટ વેચવાનો આરોપ

## નવજોત કૌર સિદ્ધુ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ

(એજન્સી) ચંદીગઢ | તા.08

પંજાબ કોંગ્રેસે પૂર્વ ક્રિકેટર અને નેતા નવજોત સિંહ સિદ્ધુના પત્ની નવજોત કૌર સિદ્ધુને તાત્કાલિક સસ્પેન્ડ કરી દીધા છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી પાર્ટીના વરિષ્ઠ નેતાઓ વિરુદ્ધ જાહેરમાં નિવેદનબાજી કરી રહ્યા હતા અને તેમણે વરિષ્ઠ નેતાઓ પર પૈસા લઈને ટિકિટ વેચવા સહિતના ગંભીર આરોપો લગાવ્યા હતા. સોમવારે જ નવજોત કૌરે આક્ષેપ કર્યો હતો કે, 'ચરણજીત સિંહ ચન્ની, સુખજિન્દર સિંહ રંધાવા, અમરિંદર સિંહ રાજા વડિંગ અને પ્રતાપ બાજવા જેવા નેતાઓ પોતાના પદનો દુરુપયોગ કરીને દરેક ચૂંટણીમાં પૈસા લઈને ટિકિટ વેંચે છે. કાઉન્સિલરની ટિકિટો પાંચ-પાંચ કરોડ રૂપિયામાં વહેંચવામાં આવી હતી. આ ઉપરાંત, પાર્ટીએ જે નેતાઓને અન્ય રાજ્યોની જવાબદારી સોંપી હતી, ત્યાં પણ પૈસા લઈને ટિકિટો વહેંચવામાં આવી હતી.'

## વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલની ભારતીયોને ચેતવણી, ચીનની મુસાફરી સમયે ખાસ સાવધાની રાખજો...

(એજન્સી) નવી દિલ્હી | તા.08

ભારતે ચીનની યાત્રા કરતા અથવા ચીની એરપોર્ટ્સ પરથી ટ્રાન્ઝિટ કરનારા નાગરિકો માટે એક મોટી ચેતવણી જારી કરી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે, ચીની એરપોર્ટ્સ પર ટ્રાન્ઝિટ કરનારા ભારતીયો સાથે અયોગ્ય અને ભેદભાવપૂર્ણ વર્તન ન થવું જોઈએ. મંત્રાલયે તાજેતરની એક ઘટનાને ટાંકીને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને ભારતીય નાગરિકોને ચીનની મુલાકાત લેતા પહેલા સંપૂર્ણ સતર્કતા રાખવાની સલાહ આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, ભારત અપેક્ષા રાખે છે કે ચીન ભારતીય પ્રવાસીઓને નિશાન બનાવશે નહીં કે મનસ્વી રીતે અટકાયતમાં લેશે નહીં. તેમણે આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરીના નિયમોનું સન્માન કરવાની અને ભારતીયોને કારણ વગર પરેશાન ન કરવાની અપીલ કરી છે. પ્રવક્તાએ કહ્યું કે તાજેતરની ફરિયાદો બાદ સરકાર ભારતીય નાગરિકોને ચીન જતી વખતે અથવા ત્યાંથી ટ્રાન્ઝિટ કરતી વખતે ખાસ સાવધાની રાખવાની સલાહ આપે છે.

### વનતારાને મળી આંતરરાષ્ટ્રીય ઓળખ

## અનંત અંબાણી પ્રતિષ્ઠિત 'ગ્લોબલ હ્યુમેનિટેરિયન એવોર્ડ'થી સન્માનિત

(એજન્સી) નવી દિલ્હી | તા.08

વન્યજીવન સંરક્ષણ અને પશુ કલ્યાણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ યુનાઈટેડ સ્ટેટ્સ(US)માં આયોજિત એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર સમારોહમાં અનંત અંબાણીને ગ્લોબલ હ્યુમેનિટેરિયન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન તેમને વનતારા દ્વારા પ્રાણીઓના બચાવ, સારવાર, પુનર્વસન અને સંરક્ષણમાં તેમના નેતૃત્વ માટે આપવામાં આવ્યું હતું. આ સિદ્ધિ સાથે, અનંત અંબાણીએ એક ખાસ રેકોર્ડ પણ બનાવ્યો છે. તેઓ આ સન્માન મેળવનારા સૌથી યુવા અને પ્રથમ એશિયન વ્યક્તિ બન્યા છે. અગાઉ, આ પુરસ્કાર હોલિવૂડ સેલિબ્રિટીઓ અને અમેરિકન પ્રમુખ જોન એફ કેનેડી અને બિલ ક્લિન્ટન સહિત અનેક વૈશ્વિક નેતાઓને



આપવામાં આવ્યો છે. આ સન્માન સાથે ફરી એકવાર વનતારાનું કાર્ય વૈશ્વિક સ્તરે ચર્ચામાં આવ્યું છે.

વનતારા આજે વિશ્વના સૌથી અનોખા અને સૌથી મોટા વન્યજીવન સંરક્ષણ પ્રોજેક્ટ્સમાં સામેલ છે. તે ઘાયલ, બીમાર અને લુપ્તપ્રાય પ્રાણીઓને નવું જીવન આપવા તેમજ લુપ્તપ્રાય પ્રજાતિઓને બચાવવા અને તેમને સુરક્ષિત વાતાવરણમાં પુનઃસ્થાપિત કરવા માટે સતત કાર્ય કરે છે.

## MPના સિવનીમાં હાઈ વોલ્ટેજ તાર સાથે ટકરાયું ટ્રેઈની વિમાન, ગામલોકોએ પાયલટને બચાવ્યા

(એજન્સી) ભોપાલ | તા.08

મધ્યપ્રદેશના સિવની જિલ્લામાં સોમવારે સાંજે એક મોટી દુર્ઘટના ટળી છે. જેમાં એક ટ્રેઈની વિમાન ઉડાન દરમિયાન હાઈ-વોલ્ટેજ લાઈન સાથે અથડાયું હતું. સમગ્ર ઘટનામાં ગ્રામજનો તાત્કાલિક સ્થળ પર પહોંચીને પાયલટને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. રેડ બર્ડ એવિએશન કંપનીનું એક ટ્રેઈની વિમાન સાંજે લગભગ 6:30 વાગ્યે કુરઈ બ્લોકના સુકતરા વિસ્તારમાં 33 kV પાવર લાઈન સાથે ટકરાયું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, વિમાન અચાનક નીચે આવવા લાગ્યું, એટલામાં હાઈ-વોલ્ટેજ લાઈન સાથે અથડાયુ હતું. આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ મોટું નુકસાન થયું ન હતું. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું કે, વિમાન ટ્રેનિંગ દરમિયાન પાયલટે અચાનક નિયંત્રણ ગૂમાવ્યું હતું.

## જાપાનમાં 7.6 ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીની ચેતવણી જારી

સુનામીના નાના મોજાં આવવાના શરૂ; સમુદ્રની 50 કિમી ઊંડાઈએથી જાપાનને હચમચાવ્યું



### 3 મીટર સુધીની સુનામી ચેતવણી જારી કરવામાં આવી છે.

જાપાન હવામાન એજન્સીએ અહેવાલ આપ્યો છે કે સોમવારે આઓમોરી અને હોક્કાઈડોના દરિયાકાંઠે રિક્ટર સ્કેલ પર ૭.૨ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. શક્તિશાળી ભૂકંપ પછી, આ પ્રદેશમાં ૩ મીટર સુધીની સુનામી ચેતવણી જારી કરવામાં આવી છે.

(એજન્સી) ટોકિયો | જાપાનના ઉત્તરપૂર્વીય દરિયાકાંઠે 7.6 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. ભૂકંપનું કેન્દ્ર આઓમોરી પ્રીફેક્ચરના દરિયાકાંઠે 80 કિમી દૂર, 50 કિમીની ઊંડાઈએ હતું. ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે ભૂકંપ આઓમોરી અને હોક્કાઈડોના દરિયાકાંઠે આવ્યો હતો અને ઉત્તરપૂર્વીય દરિયાકાંઠે ત્રણ મીટર (10 ફૂટ) ઊંચા સુનામી આવી શકે છે. અનેક સ્થળોએ 20 થી 50 સેમી ઊંચા સુનામીના મોજા પણ નોંધાયા છે. હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્ર (PTWC) એ ચેતવણી જારી કરી છે કે ભૂકંપથી ઉત્પન્ન થતા ખતરનાક સુનામીના મોજા જાપાન અને રશિયાના દરિયાકાંઠાને અસર કરી શકે છે. ભૂકંપના કેન્દ્રથી 1,000 કિમીની અંદરનો કોઈપણ વિસ્તાર વિનાશક મોજાઓનો ભય ધરાવે છે. હોક્કાઈડોના એક રહેવાસીએ ભૂકંપનો વીડિયો પણ શેર કર્યો છે.


સીડૅક CDAC | ઍક્ટસ acts

સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC)
(ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયની એક વૈજ્ઞાનિક સંસ્થા)

આઇસીટી ડોમેન માટે ફેબ્રુઆરી 2026 બેચ

**પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ**

કોર્ષ માટે પ્રવેશની જાહેરાત

C-DAC એન્જિનિયરિંગ અથવા MCA માં સ્નાતક અને વિજ્ઞાનમાં માસ્ટર્સ (પસંદ કરેલા વિષયો) માટે નીચેના કારકિર્દી-લક્ષી પૂર્ણ-સમય 24 અઠવાડિયા, 900 કલાક અને 12 અભ્યાસક્રમોમાં પ્રવેશની જાહેરાત કરે છે. સામાન્ય પાત્રતા અને અભ્યાસક્રમ મુજબની પાત્રતા માટે, કૃપા કરીને અમારી વેબસાઇટ www.cdac.in; acts.cdac.in ની મુલાકાત લો.

NCVET ધોરણો અનુસાર, C-DACના 900 કલાકના PG ડિપ્લોમા અભ્યાસક્રમોને 1200 કલાક (24 અઠવાડિયા) 40 ક્રેડિટના પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ પ્રોગ્રામ્સમાં અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. NSQF સંરેખણ અને NCVET મંજૂરીની પ્રક્રિયા ચાલુ છે.

ICTમાં
અનુસ્નાતક (PG) પ્રમાણપત્ર અભ્યાસક્રમો

એડવાન્સ્ડ કમ્પ્યુટિંગમાં અનુસ્નાતક પ્રમાણપત્ર (PGCP-AC)
બિગ ડેટા એનાલિટિક્સ (PGCP-BDA)માં અનુસ્નાતક પ્રમાણપત્ર
એમ્બેડેડ સિસ્ટમ્સ ડિઝાઇનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ (PGCP-ESD)
આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સિસ્ટમ્સ અને સિક્યુરિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ (PGCP-ITISS)
આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (PGCP-AI) માં પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ
VLSI ડિઝાઇનમાં અનુસ્નાતક પ્રમાણપત્ર (PGCP-VLSI)
મોબાઇલ કમ્પ્યુટિંગમાં અનુસ્નાતક પ્રમાણપત્ર (PGCP-MC)
એડવાન્સ્ડ સિક્યોર સોફ્ટવેર ડેવલપમેન્ટમાં અનુસ્નાતક પ્રમાણપત્ર (PGCP-ASSD)
રોબોટિક્સ અને એલાઇડ ટેક્નોલોજીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ (PGCP-RAT)
HPC સિસ્ટમ એડમિનિસ્ટ્રેશનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ (PGCP-HPCSA)
ફિનટેક અને બ્લોકચેન ડેવલપમેન્ટમાં અનુસ્નાતક પ્રમાણપત્ર (PGCP-FBD)
સાયબર સિક્યુરિટી અને ફોરેન્સિક્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ (PGCP-CSF)

નેશનલ કોમન કેમ્પસ પ્લેસમેન્ટ પ્રોગ્રામ (NCCPP) બેંગલુરુ, હૈદરાબાદ, મુંબઈ, નોઈડા અને પુણેમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

સિલેબસ હાઇલાઇટ્સ

- ઉત્તમ પ્લેસમેન્ટ રેકોર્ડ સાથે સુસ્થાપિત અભ્યાસક્રમ.
- ૨૪ અઠવાડિયાનો પૂર્ણ-સમયનો કોર્સ જેમાં ૯૦૦ કલાકનો થિયરી + લેબ + પ્રોજેક્ટ અને 300 કલાકનો સ્વ-અભ્યાસનો સમાવેશ થાય છે.
- મોટાભાગના કેન્દ્રોમાં અઠવાડિયામાં 6 દિવસ, દરરોજ 6-8 કલાક થિયરી અને લેબ સત્રો.
- સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન સતત પ્રયોગશાળા અને આંતરિક મૂલ્યાંકન.
- બધા કેન્દ્રોમાં કેન્દ્રીયકૃત અભ્યાસક્રમ-અંતિમ સિદ્ધાંત પરીક્ષા.
- અભ્યાસક્રમો C-DAC, શૈક્ષણિક સંસ્થાઓ અને ICT ઉદ્યોગના ક્ષેત્ર નિષ્ણાતો સાથે પરામર્શ કરીને ડિઝાઇન અને વિકસાવવામાં આવે છે.
- સી-ડેક અને આઇસીટી ઉદ્યોગના અનુભવી ફેકલ્ટી, જેમના ક્ષેત્રમાં વ્યાપક જ્ઞાન છે.
- ICT ઉદ્યોગના ધોરણો અનુસાર ટ્યુટોરિયલ્સ, હેન્ડ્સ-ઓન્સ અને પ્રોજેક્ટ્સ.
- યોગ્યતા, અસરકારક સંદેશાવ્યવહાર અને ઇન્ટરવ્યૂ કૌશલ્ય પર ખાસ તાલીમ.
- વ્યાપક પ્લેસમેન્ટ ઓરિએન્ટેશન અને પ્રદેશવાર સામાન્ય કેમ્પસ પ્લેસમેન્ટની સુવિધા આપે છે.

મહત્વપૂર્ણ તારીખો

ઓનલાઇન રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ
29 ડિસેમ્બર, 2025

C-DAC કોમન એડમિશન ટેસ્ટ
સી-કેટ. : 10 જાન્યુઆરી, 2026
સી-કેટ.. : 11 જાન્યુઆરી, 2026

કોર્સ શરૂ તારીખ
25 ફેબ્રુઆરી, 2026

CBC 06132/12/0021/2526

કોર્ષ ઓફરિંગ કેન્દ્રો: • બેંગલુરુ (બેંગલુરુ) • ભુવનેશ્વર • ચેન્નાઇ • ગુવાહાટી • હૈદરાબાદ • ઇન્દોર • કરાડ • કોચી • કોલકાતા • મુંબઈ • નાગપુર • નાસિક • નવી દિલ્હી • નોઈડા • પટના • પુણે • તિરુવનંતપુરમ

અભ્યાસક્રમ, અભ્યાસક્રમ, સી-કેટ, પાત્રતા, નોંધણી અને અરજી, પ્રવેશ અને ડિલિવરીની પદ્ધતિ વિશે વધુ વિગતો માટે, વેબસાઇટ www.cdac.in/acts.cdac.in ની મુલાકાત લો.

9373731598/ +91 20 25503134
ફોન નંબરો કામકાજના દિવસોમાં સવારે 10 થી બપોરે 1 વાગ્યા અને બપોરે 2 થી સાંજે 5 વાગ્યા સુધી ઉપલબ્ધ છે.

www.facebook.com/OfficiallyACTS | www.cdac.in ; acts.cdac.in

**કડદા પ્રથાના વિરોધમાં પોતાનો હક માંગનાર ખેડૂતોને જેલમાં નાખવામાં આવ્યા: હડદડના ખેડૂતોએ ખુબ હિંમત બતાવી, તેમની સાથે આખો દેશ ઊભો છે**

# હડદડનું આંદોલન "ભાજપ ગુજરાત છોડો" આંદોલન બની રહ્યું છે



દિલ્હીમાં સત્તા મેળવ્યા પછી આ લોકોએ હોસ્પિટલ બંધ કરી, મહોલ્લા ક્લિનિક બંધ કર્યા અને હવે સ્કૂલ પણ બંધ કરી રહ્યા છે: આ જ લોકો દારૂ વેચાવડાવે છે અને એના પૈસા તેમની જ પાર્ટીમાં જાય છે

**(એજન્સી) અમદાવાદ | તા. 08**

હડદડમાં ખેડૂતો પર ભાજપ સરકારે અત્યાચાર ગુજાર્યા અને જેલમાં ધકેલ્યા. ત્યારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે રાજકોટમાં તે તમામ ખેડૂત પરિવારો તેમજ તાજેતરમાં જેલમાંથી પરત ફરેલા ખેડૂતોને મળ્યા અને તેમનું સન્માન કર્યું હતું. અરવિંદ કેજરીવાલની સાથે પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, પ્રદેશ સંગઠન મંત્રી અજિત લોખીલ અને અન્ય પદાઅધિકારીઓ અને મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હડદડ ગામના અનેક ખેડૂતો પણ હાજર રહ્યા હતા.આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે હડદડના ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે તમે માત્ર તમારી નહીં પરંતુ સમગ્ર ગુજરાતના ખેડૂતોની લડાઈ લડી રહ્યા છો. એક સમયે જ્યારે આપણો દેશ ગુલામ હતો ત્યારે અંગ્રેજોનું એવું અભિયાન હતું કે ભારત દેશ હંમેશા તેમનો ગુલામ રહેશે. પરંતુ ગુજરાતનાં ગાંધીજી અને સરદાર પટેલે મળીને સમગ્ર દેશને આઝાદ કરાવ્યો. ભાજપ સરકારને પણ 30 વર્ષથી સરકાર ચલાવતા ચલાવતા એવું અભિમાન થઈ ગયું છે કે તેમને કોઈ હટાવી શકતું નથી. ડંડા મારી ટિઅરગેસનાં સેલ છોડી જેલ અને FIRનો ડર બતાવી તેઓ જનતાને કંટ્રોલ કરવા માંગે છે. પરંતુ ગુજરાતની જનતાનાં મનમાંથી હવે ડર ખતમ થતો જાય છે. હડદડનાં ખેડૂતો પર લાઠીચાર્જ થયો, અત્યાચાર થયો, ત્યારે હું તમને મળવા આવ્યો હતો. પરંતુ ગુજરાત સરકારે મને તમને મળવા ન દીધાં. તેથી મેં મારી ટીમને કહ્યું કે હડદડનાં ખેડૂતો અને તેમના પરિવારજનોને મળવા માટે અલગથી કાર્યક્રમ કરવામાં આવે. અંગ્રેજો સામે આપણા દેશનાં લોકોએ "અંગ્રેજો ભારત છોડો" આંદોલન શરૂ કર્યું હતું અને આજે હડદડનું આંદોલન "ભાજપ ગુજરાત છોડો" આંદોલન સાબિત થતું જઈ રહ્યું છે.

## News Brief

### અદાણી ગ્રીન હવે પ્રકૃતિ-સકારાત્મક નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર TNFD ફ્રેમવર્ક અપનાવ્યું

અમદાવાદ : ભારતની સૌથી મોટી અને વિશ્વની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) એ TNFD ફ્રેમવર્ક (ટાસ્કફોર્સ ઓન નેચર-રિલેટેડ ફાઈનાન્શિયલ ડિસ્ક્લોઝર્સ)ને તેની સમગ્ર એન્ટરપ્રાઈઝ-વ્યાપી વ્યૂહરચનામાં મુખ્ય પ્રવાહમાં લાવીને તેના સસ્ટેનેબિલિટી રોડમેપને મજબૂત બનાવ્યો છે. આ પગલું તેના પ્રકૃતિ-સકારાત્મક અભિગમમાં એક નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે, જે સ્વચ્છ ઊર્જાના વિસ્તરણની સાથે ઈકોલોજીકલ રક્ષણને પ્રાથમિકતા આપે છે.સોમવારે કંપનીના સત્તાવાર નિવેદન મુજબ, TNFD ફ્રેમવર્ક સંસ્થાઓને પ્રકૃતિ અને જૈવવિવિધતા સંબંધિત તેમની નિર્ભરતાઓ, અસરો, જોખમો અને તકોને ઓળખવા, તેનું મૂલ્યાંકન કરવા, તેનું સંચાલન કરવા અને જાહેર કરવા માટે એક સંરચિત, વિજ્ઞાન-આધારિત અભિગમ પ્રદાન કરે છે.અદાણી ગ્રીન દ્વારા આ વ્યૂહાત્મક જોડાણ તેના પરંપરાગત ESG (પર્યાવરણ, સામાજિક અને શાસન) અનુપાલનથી આગળ વધીને એક સર્વગ્રાહી રિન્યુએબલ એનર્જી વૃદ્ધિ મોડેલ તરફ આગળ વધવાની મહત્વાકાંક્ષાને વધુ મજબૂત બનાવે છે. કંપનીએ ભારપૂર્વક જણાવ્યું કે રાષ્ટ્રીય અને વૈશ્વિક રિન્યુએબલ એનર્જી લક્ષ્યોની સાથે ઈકોલોજીકલ સુખાકારી પણ સમાંતર પ્રગતિ કરવી જોઈએ.અદાણી ગ્રીનના સીઈઓ આશિષ ખન્નાએ જણાવ્યું હતું કે, 'પ્રકૃતિ અમારી વૃદ્ધિની વાર્તાનું કેન્દ્ર છે. TNFD ફ્રેમવર્કના સિદ્ધાંતોને અમારા કાર્યોમાં મુખ્ય પ્રવાહમાં લાવીને, અમે રિન્યુએબલ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સ્થિતિસ્થાપક ઈકોસિસ્ટમ્સના નિર્માણ માટેની તકો શોધી રહ્યા છીએ.

### આંકોલવાડી કન્યા શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ એમ મહેતા નું બાળકો માટેનું રિસર્ચ પેપર (સંશોધન પત્ર) ઝોન કક્ષામાં પસંદગી પામ્યું

નરેન્દ્ર દવે | જૂનાગઢ તાલાળા તા.૮. આંકોલવાડી કન્યા શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ એમ મહેતાનું બાળકો માટેનુ રિસર્ચ પેપર (સંશોધન પત્ર) ઝોન કક્ષામાં પસંદગી પામ્યું,જે બદલ ગીર સોમનાથ ડાયેટ પ્રાચાર્યશ્રી પંપાણીયા સાહેબ, જૂનાગઢ ડાયેટ પ્રાચાર્યશ્રી આશાબેન, ભરતભાઈ મેસિયા, ધર્મેન્દ્રભાઈ, તજજ્ઞ મિત્રો તેમજ સમગ્ર સ્ટાફ પરીવાર દ્વારા શ્રી નિશાંતભાઈ ને અભિનંદન પાઠવવામાં આવેલ છે, હવે નિશાંતભાઈ તથા આશાબેન રાજ્ય કક્ષાએ આ રિસર્ચ પેપરમાં ભાગ લેશે. આ બંન્ને શિક્ષક મિત્રોને સમગ્ર સ્ટાફ પરીવાર દ્વારા અભિનંદન તથા શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે.

### એસઓજી પોલીસે ખાનગી બાતમીના આધારે ખારી ધારીયાલ ગામેથી ચાઇનીઝ દોરી ૧૮૦ નંગ ફીરકીઓ સાથે એક ઈસમને દબોચ્યો

નિતીન ઠાકર | ચાણસ્મા તાલુકાના ખારી ધારીયાલ ગામે બસ સ્ટેશન પાસે પોતાના કેબીનમાં ઉપેન્દ્ર જી જુહાજી મફાજી ઠાકોર ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યો હોવાનું પાટણ એસ.ઓ.જી પોલિસને ખાનગી હકીકત મળતાં એસઓજી પોલિસ બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતાં ઠાકોર ઉપેન્દ્ર જી પોતાના કેબીનમાં પેટીમાંથી ચાઈનીઝ પ્રતિબંધિત સિન્થેટિક દોરીનું વેચાણ કરતાં જોવા મળતાં પેટી માંથી ચાઈનીઝ દોરીની ફીરકીઓ નં.૧૮૦ જેની કિં ૩૬ હજારનો મુદ્દામાલ મળી આવતાં એટેક કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

### નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪% કૃષિ વૃદ્ધિનું અનુમાન પશુધન અને મત્સ્યઉદ્યોગ આપશે મુખ્ય વેગ: નીતિ આયોગ

અમદાવાદ : નીતિ આયોગના સભ્ય રમેશ ચંદે સોમવારે જાહેર કર્યું કે ભારતના કૃષિ ક્ષેત્રનો વિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૬ (માર્ચમાં સમાપ્ત થતા વર્ષ)માં મજબૂત થવાની ધારણા છે. પાછલા વર્ષના ૩.૫ ટકાની સરખામણીમાં આ વર્ષે કૃષિ વૃદ્ધિ દર વધીને લગભગ ૪ ટકા સુધી પહોંચી શકે છે. આ વધારા પાછળ મુખ્યત્વે પશુધન અને મત્સ્યઉદ્યોગ ક્ષેત્રનો તીવ્ર વિકાસ જવાબદાર રહેશે, જેમાં મરઘાં ઉછેર અને ઈંડાના ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે.નવી દિલ્હીમાં આયોજિત એગ્રી બિઝનેસ સમિટ ૨૦૨૫ના મંચ પરથી રમેશ ચંદે વધુમાં જણાવ્યું કે બાગાયત પણ ઉચ્ચ કૃષિ વૃદ્ધિ દરમાં મુખ્ય યોગદાન આપનારું ક્ષેત્ર છે.રમેશ ચંદે પૂરના કારણે પંજાબમાં થયેલા કૃષિ નુકસાન અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે પંજાબમાં તાજેતરમાં આવેલા પૂરથી રાષ્ટ્રીય ઉત્પાદનના ચિત્ર પર કોઈ મોટો ફટકો પડશે નહીં. તેમણે કહ્યું કે નુકસાન મર્યાદિત વિસ્તારોમાં થયું હતું, જ્યારે એકંદરે ઉપજમાં સુધારો થયો છે.લાંબા ગાળાના પ્રદર્શનને જોતાં, ચંદે દાવો કર્યો કે ભારતનું કૃષિ ક્ષેત્ર દાયકાઓથી નોંધપાત્ર રીતે મજબૂત બન્યું છે અને હવે કૃષિ વૃદ્ધિ દર સતત વધી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, 'અમે કૃષિ વિકાસમાં નંબર વન પર છીએ. ચીન પણ અમારાથી પાછળ છે.'ચંદે ભારપૂર્વક જણાવ્યું કે ભારતના વ્યાપક આર્થિક મહત્ત્વાકાંક્ષાઓ માટે ઉચ્ચ કૃષિ વૃદ્ધિ જાળવવી અનિવાર્ય છે. તેમણે કહ્યું, 'જો ભારત વિકસિત ભારત બનવા માંગે છે અને તે લક્ષ્ય હાંસલ કરવા માંગે છે, તો કૃષિ વૃદ્ધિ દર ૫ ટકા હોવો જોઈએ.

આગામી ૧૧ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રીશ્રીના હસ્તે બનાસકાંઠાના ૨૨થી વધુ વિકાસ કાર્યોનું ખાતમુર્હુત તથા લોકાર્પણ કરાશે

## મુખ્યમંત્રી બનાસકાંઠા જિલ્લાને રૂ.૧૦૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે

■ એરોમા સર્કલ પાલનપુર ખાતે થતી ટ્રાફિકની સમસ્યા બનશે હવે ભૂતકાળ: મુખ્યમંત્રીશ્રી ગ્રીનફીલ્ડ બાયપાસનું કરશે ખાતમુર્હુત

■ મુખ્યમંત્રીશ્રીના સમગ્ર કાર્યક્રમના સુચારુ આયોજનને લઈને જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



**રામલીલા મેદાન સ્થિત સશક્ત નારી મેળાની મુલાકાત લેશે**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પાલનપુર રામલીલા મેદાન સ્થિત સશક્ત નારી મેળાની મુલાકાત લેશે તથા પાલનપુર ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રીશ્રીના સમગ્ર કાર્યક્રમના સુચારુ આયોજનને લઈને આજરોજ જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી પાલનપુર ખાતે સબંધિત અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી. પાલનપુર એરોમા સર્કલ ખાતે થતી ટ્રાફિક સમસ્યા હવે ભૂતકાળ બનશે તો નવાઈ નહીં કારણ કે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પાલનપુર ગ્રીનફીલ્ડ બાયપાસનું ખાતમુર્હુત થયા બાદ બાયપાસ રોડ બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે.

**(એજન્સી) અમદાવાદ | તા. 08**

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગામી ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બનાસકાંઠા જિલ્લાને રૂ. ૧૦૦૦ કરોડથી વધુની રકમના વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપશે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે બનાસકાંઠાના સાતથી વધુ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા પંદરથી વધુ વિકાસ કામોનું ખાતમુર્હુત કરાશે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉમરદશી નદી ઉપર છ માર્ગીય રસ્તાને અનુરૂપ નવીન ચાર માર્ગીય પુલનું, ગઠામણ જંકશન ઉપર વીયુપીના કામનું, પી.એચ.સી મડાણા (ગઢ), પી.એચ.સી વેડંચા, પાલનપુર ખાતે અનુસૂચિત જાતિના વિધાર્થીઓ માટે આધુનિક સુવિધાસભર સરકારી કુમાર છાત્રાલયનું, કીડોતર પ્રાથમિક શાળા અને સેજલપુરા પ્રાથમિક શાળાના ૨૨ નવીન વર્ગખંડોનું લોકાર્પણ કરાશે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે પાલનપુર બાયપાસ રોડ, બાયપાસ ઓન પાલનપુર સીટી ફોર અમદાવાદ ટુ ડીસા એન્ડ ડીસા ટુ આબુરોડ (ફોર લેન) રસ્તાને અનુરૂપ નવિન ચાર માર્ગીય પુલનું કામ, પાટણ-ડીસા માર્ગનો વિસ્તરણ તથા મજબૂતીકરણ, રેલવે લાઈન પર આર.ઓ.બી.નું નિર્માણ, પાલનપુર નજીક ઉમરદશી નદી પર ૪-લેન પુલનું બાંધકામ અને ડી.એફ.સી.સી. રૂટ પર નવા આર.ઓ.બી.નું નિર્માણ સહિતના ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વપૂર્ણ કાર્યોનું ખાતમુર્હુત થશે. આ સાથે ડીસામાં વિવિધ સરકારી કચેરીઓના કેમ્પસ ડેવલપમેન્ટ, વિરુણા બસ સ્ટેશનથી દેવપુરી બાઈ મંદિર રોડ, તેમજ એટા થી ગોલા રોડના વિકાસ કાર્યો, પાલનપુરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું નવું બિલ્ડિંગ, કન્યાઓ માટે ૨૫૦ ક્ષમતા ધરાવતી આદર્શ નિવાસી શાળા-છાત્રાલય, સમૌ મોટા, રામપુરા મોટા અને જૂના ડીસા ખાતે પી.એચ.સી.ના નવા બાંધકામ તેમજ પાલનપુર સ્ટ્રોમ વોટર પ્રોજેક્ટના કાર્યોનું ખાતમુર્હુત કરાશે.

બનાસકાંઠાની કુલ ૯ વિધાનસભા વિસ્તારમાં ૧૦૦ ટકા ડિજીટાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ

## મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ બનાસકાંઠા

કુલ ૨૪,03,3૭૫ મતદારોનું EF ડિજીટાઈઝેશન તથા ૨,૨૧,૬૧૧ મતદારોનું ASD તરીકે ડિજીટાઈઝેશન પૂર્ણ કરાયું

**(એજન્સી) અમદાવાદ | તા. 08**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૧૧થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મિહિર પટેલના નેતૃત્વમાં બનાસકાંઠા જિલ્લાની કુલ ૯ વિધાનસભા વિસ્તારમાં ૧૦૦ ટકા ડિજીટાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે. બનાસકાંઠાની કુલ ૦૯ વિધાનસભા વિસ્તારમાં ૨૬,૨૪,૯૫૨ મતદારો નોંધાયેલા છે જે પૈકી ૯૧.૫૬ ટકા મતદારો એટલે કે કુલ ૨૪,૦૩,૩૭૫ મતદારોનું EF ડિજીટાઈઝેશન તથા ૮.૪૪ ટકા એટલે કે ૨,૨૧,૬૧૧ મતદારોનું ASD તરીકે ડિજીટાઈઝેશન મળીને કુલ ૧૦૦ ટકા ડિજીટાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ વિધાનસભા વિસ્તાર દીઠ કુલ ૨,૨૧,૬૧૧ મતદારો ASD એટલે કે (Absent - Shifted - Death) તરીકે નોંધાતા આ યાદી તમામ ગ્રામ પંચાયતો ખાતે મોકલી આપવામાં આવેલ છે. પરત મેળવી ના શકાયેલ હોય તેવા ગણતરી ફોર્મ એટલે કે ASD પૈકી બનાસકાંઠામાં કુલ ૬૪,૬૬૯ લોકો મૃત્યુ, ૨૩૬૨૭ ગેરહાજર, ૧,૧૧,૭૩૮ મતદારોનું કાયમી સ્થળાંતર, ૧૯,૯૬૯ અગાઉથી નોંધાયેલા રિપિટેડ મતદારો તથા ૧૬૦૮ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. આ સાથે કમી થતા મતદાર (ASD)ની યાદી દરેક મતદાન મથક ખાતેના BLOશ્રી તથા માન્ય.રાજકીય પક્ષો દ્વારા મતદાન મથક ખાતે નીમવામાં આવેલ એજન્ટ સાથે પ્રિ ડ્રાફ્ટ મિટિંગ તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ યોજીને દરેક એજન્ટને આપવામાં આવેલ છે.

### ચાઈનીઝ દોરી: જાનલેવા માજા હવે કારમાં છુપાઈને! એસઓજીએ પકડ્યો મોતનો સોદાગર

પાટણ : તહેવારોની સિઝન આવે અને આકાશમાં પતંગો ઊડવા લાગે, ત્યારે આનંદને બદલે એક ભયનું વાતાવરણ ફેલાઈ જાય છે – અને તેનું કારણ છે ચાઈનીઝ દોરી. આ એ જ દોરી છે, જે માત્ર પતંગો જ નથી કાપતી, પણ આપણા બાળકો અને યુવાનોના ગળા કાપે છે. આ વખતે, આ જાનલેવા માજા કારની ડેકીમાં છુપાવીને આપણા ગામડાઓની શાંત સડકો પર ખૂની ખેલ ફેલાવવાની તૈયારીમાં હતી, પરંતુ પાટણ એસઓજી (SOG) પોલિસે સમયસર ત્રાટકીને આ આઘાતજનક પ્લાનનો પર્દાફાશ કરી દીધો છે.ચાણસ્મા તાલુકાના ધરમોડા-ખોરસમ ચાર રસ્તા પાસેથી પસાર થતી એક શિફ્ટ ગાડીમાં લાખો રૂપિયાની પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો પકડાયો છે.

### ધારી દીપડાનો હુમલો: ૧૦ લાખનો ચેક! શું આ કિંમત દીકરીના જીવની છે?

અમરેલી : ધારી તાલુકાનું ત્રંબકપુર ગામ આજે ભારે હૈયે છે. અહીંના ઘરોમાં ન દિવાળી જેવો ઉત્સાહ છે, ન હોળી જેવો રંગ. અહીં તો માત્ર એક માસૂમ બાળકીને ગુમાવવાનું દુ:ખ છે, જેને થોડા દિવસો પહેલા એક દીપડાએ પોતાનો શિકાર બનાવી દીધી. તમે વિચારી જુઓ, જે ઘરની દીકરી ચાય-સમોસા માટે જીદ કરતી હોય, જેની રિક્ષાની રાહ જોવાય, તે દીકરી આજે નથી. આ હુમલાએ આખા વિસ્તારમાં ડરનો માહોલ પેદા કરી દીધો છે. સવાલ ૧૦ લાખનો નથી, સવાલ તે મા-બાપના તૂટેલા દિલનો છે, જે ક્યારેય જોડાઈ શકશે નહીં.*આંસુની વચ્ચે વળતરનો ચેક* રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ, વન વિભાગે તાત્કાલિક અસરથી મૃતકના પરિવારને ૧૦ લાખનો ચેક અર્પણ કર્યો છે.

### ડાંગ ગાંજાની હેરાફેરી યુવાનીનો શિકાર! નશાના સોદાગરોને સજા ક્યારે?

ડાંગ: આહવાના પટેલપાડામાં પોલીસના સપાટાથી ખળભળાટ મચી ગયો છે. ચાય-સમોસાની લારીઓ પર ઊભા રહેતા આપણા જ યુવાનોને ધીમું ઝેર પીવડાવવાનું એક વધુ ષડયંત્ર સામે આવ્યું છે. સવાલ એ છે કે આ ડાંગ ગાંજાની હેરાફેરીમાં યુવાનોને ધકેલનારા એ કાળા વેપારીઓ કોણ છે? પોલીસની બાતમી મળી અને જે યુવાનના હાથમાં કિતાબ હોવી જોઈએ, તે માદક પદાર્થની પડીકીઓ સાથે પકડાયો. માત્ર ૬૧ ગ્રામ ગાંજાના આ વેપારે એક ઘરની દિવાળી બગાડી નાખી છે, અને આહવાના દરેક મા-બાપના દિલમાં ડર પેદા કર્યો છે.*સમગ્ર ઘટના ક્રમ* ડાંગ જિલ્લાના એસપી પૂજા યાદવના સખત માર્ગદર્શન હેઠળ તેમની સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (એસઓજી)ની ટીમ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

### વિદેશમાં બાગાયતી પાકો નિકાસ કરવા માટે અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી

નરેન્દ્ર દવે | જૂનાગઢ જિલ્લામાં બાગાયતી પાકો જેવા કે કેરી, ચીકુ, જામફળ, સીતાફળ વગેરે ફળો તેમજ શાકભાજી પાકો જેવા કે સરગવો, ટામેટા, કાકડી, કેપ્સીકમ વગેરેની ખેતી કરતા ખેડૂતોને વિદેશમાં નિકાસ કરવા માટે ખેડૂતોએ પોતાના ખેતર કે બગીચાનું અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું જરૂરી છે. આ રજીસ્ટ્રેશનની કામગીરી જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે.

### જૂનાગઢ ખાતે જિલ્લાકક્ષાના યુવા ઉત્સવમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો

નરેન્દ્ર દવે | જૂનાગઢમાં ભવનાથ ખાતેની મીનરાજ શૈક્ષણિક સંસ્થામાં આયોજિત જિલ્લા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૫- ૨૬માં કલા સાહિત્યની ૩૬ જેટલી કૃતિઓમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા થયેલા કલાકારો હવે પ્રદેશકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ -ગાંધીનગર અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ- ગાંધીનગર આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-જૂનાગઢ સંચાલિત જિલ્લા કક્ષા- મહાનગર કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધામાં જિલ્લાભરમાંથી સાહિત્ય, સાંસ્કૃતિક, કલા વગેરે જેવી વિવિધ ૩૬ કૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

### જૂનાગઢ ખાતે POSCO ACT અને ગુડ ટચ, બેડ ટચ અંગે જાગૃતતા કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે | બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત POSCO ACT- 2012 અને ગુડ ટચ, બેડ ટચ અંગે જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી. સોજીત્રા અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન સ્ટાફ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બાળકોને સુરક્ષા પ્રદાન કરવા માટે બાળકોને જાતીય હુમલા, જાતીય સતામણી અને પોર્નોગ્રાફી જેવા ગુનાઓથી સુરક્ષા આપવા માટે બાળકોને 'સારો સ્પર્શ' (Good Touch) અને 'ખરાબ સ્પર્શ' (Bad Touch) વચ્ચેનો તફાવત સરળ ભાષામાં સમજાવવામાં આવ્યો હતો.

### નિયમો નેવે મૂકી લાખોના ફંડની લૂંટ, ટેન્ડર વિના વાહન વેચાણના ગંભીર આક્ષેપો..

ડાંગ | જિલ્લા આયુર્વેદિક ફાર્મસી મંડળીમાં વર્ષોથી ચાલી રહેલ ગેરવહીવટ અને ભ્રષ્ટાચારની પ્રવૃત્તિઓ હવે ચરમસીમાએ પહોંચી છે,જેના કારણે જિલ્લાનું આયુર્વેદિક સેવા ક્ષેત્ર શંકાના દાયરામાં આવ્યું છે.ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી મંડળીના જવાબદાર પદાધિકારીઓ પર નિયમોનું ઉલ્લંઘન કરીને લાખો રૂપિયાના ફંડની લૂંટ ચલાવવાના અનેક ગંભીર આક્ષેપો થયા છે.સૌથી ગંભીર આક્ષેપ એ છે કે મંડળીના પ્રમુખ-મંત્રી સહિતના જવાબદારોએ જૂના સરકારી વાહનોને ટેન્ડર વિના જ ખાનગી રીતે વેચી દીધા છે. સરકારી કે અર્ધસરકારી સંસ્થામાં કોઈપણ મિલકતનું વેચાણ પારદર્શિતા જાળવવા માટે ફરજિયાતપણે ટેન્ડર પ્રક્રિયા દ્વારા કરવાનું હોય છે.

### ધોળા-દિવસે દીપડાનો આતંક:- ઢોર પર જીવલેણ હુમલો, ગામમાં દહેશતનો માહોલ..

ડાંગ | જિલ્લાનાં આહવા તાલુકાના નિરગુડમાળ ગામે દિવસના અજવાળે દીપડાએ ઢોર પર જીવલેણ હુમલો કરતાં સમગ્ર પંથકમાં ભયનું વાતાવરણ ફેલાયું છે.વન્ય પ્રાણીના આ આતંકથી ગ્રામજનોમાં ભારે દહેશત વ્યાપી છે અને ખેતીના કામકાજ માટે જતાં લોકોની સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે.મળતી માહિતી મુજબ, સવારે અંદાજે 8:30 વાગ્યે નિરગુડમાળ ગામના રહેવાસી સાધુરામભાઈના ઢોર પર દીપડાએ હુમલો કર્યો હતો.આ ઘટના ઢોર ચરાવવા ગયેલા સમયે બની હતી. અચાનક દીપડો ત્રાટકતાં ઢોરના ગળાના ભાગે તેના તીખા દાંત અને નખના ઘા જોવા મળ્યા હતા, જેના કારણે ઢોરને નાની-મોટી ઈજાઓ પણ પહોંચી છે.

કડદા પ્રથા વિરુદ્ધ આંદોલન બાદ

## જેલવાસ ભોગવી રહેલા AAP નેતાઓના પરિવાર સાથે કેજરીવાલે કરી મુલાકાત

ખેડૂતો માટે અવાજ ઉઠાવનાર AAP નેતા રાજુ કરપડા, પ્રવીણ રામ, રાજુ બોરખતરીયા, રમેશ મેર, પિયુષ પરમાર, મહેશ કોટડીયાના પરિવાર સાથે અરવિંદ કેજરીવાલે કરી મુલાકાત

**(એજન્સી) અમદાવાદ | તા. 08**

બોટાદ માર્કેટ યાર્ડમાં કડદાની પ્રથાના કારણે ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો હેરાન થઈ રહ્યા હતા અને તેમનું શોષણ થઈ રહ્યું હતું. આ સમસ્યા મુદ્દે આમ આદમી પાર્ટીના કિસાન સેલના પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાએ આંદોલન ચલાવ્યું અને ત્યારબાદ ખેડૂતોની માંગ માનવાની જગ્યાએ ભાજપ સરકારે હડદડ ગામમાં ખેડૂતો પર બેરહમીથી લાઠીચાર્જ કર્યો અને અત્યાચાર કર્યો. ત્યારબાદ AAP નેતા રાજુ કરપડા, પ્રવીણ રામ, રાજુ બોરખતરીયા, રમેશ મહેર, પિયુષ પરમાર, મહેશ કોટારીયા સહિત અનેક આમ આદમી પાર્ટીના આગેવાનો અને ખેડૂતોને જેલમાં મોકલવામાં આવ્યા. હજુ પણ આમ આદમી પાર્ટીના આ તમામ આગેવાનો જેલમાં છે. આજે રાજકોટ ખાતે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીએ રાજુ કરપડા, પ્રવીણ રામ, રાજુ બોરખતરીયા, રમેશ મેર, પિયુષ પરમાર, મહેશ કોટડીયાના પરિવાર સાથે મુલાકાત કરી હતી.રાજકોટ ખાતે આજે અરવિંદ કેજરીવાલજીએ આ તમામ ક્રાંતિકારી આમ આદમી પાર્ટીના નેતાઓના પરિવાર સાથે મુલાકાત કરીને તેમની હિંમત આપી હતી અને ખાતરી પણ આપી હતી કે સમગ્ર આમ આદમી પાર્ટી આ તમામ નેતાઓ સાથે ઉભી છે.

**અરવિંદ કેજરીવાલજી રાજકોટ જેલમાં બંધ ખેડુતો અને AAP નેતાઓને મળવા જશે**

AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી રાજકોટ જેલમાં બંધ ખેડુતો અને AAP નેતાઓને મળવા જશે. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વિસ્તારપૂર્વક જણાવતા કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ કડદા પ્રથા વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું હતું, એ આંદોલન બાદ ભાજપ સરકારે ખેડૂતો પર અત્યાચાર કર્યો અને કેટલાક ખેડૂતો અને આમ આદમી પાર્ટીના નેતાઓ તથા કાર્યકર્તાઓને જેલમાં નાખવામાં આવ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ઘડિયાળી પોળમાં ખરીદી માટે ગયા ને પર્સની ચોરી

## લંડનથી લગ્નમાં આવેલા NRI મહિલાના 18 તોલા સોનાના દાગીના અને 41 હજારની રોકડ લઈ તસ્કર ફરાર

(એજન્સી) વડોદરા | તા. 08

મૂળ મહારાષ્ટ્રના અને હાલ લંડનમાં વસવાટ કરતી NRI મહિલા વડોદરાની ઘડિયાળી પોળમાં ખરીદી માટે ગયા ત્યારે, તેમનું કલરનું પર્સ ચોરાઈ ગયું છે. આ પર્સમાં આશરે 17-18 તોલા સોનાના દાગીના, 41,000 રૂપિયાની રોકડ અને એક ડેબિટ કાર્ડ હતું. જેની કુલ કિંમત 7.56 લાખ રૂપિયા જેટલી થાય છે. વાડી પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ કાર્યવાહી શરૂ કરી છે.

62 વર્ષીય મહિલા સુનંદા માલુસરેએ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે સુનંદા માલુસરે તેમની નાની પુત્રી જાગૃતિની નણંદ પ્રતિક્ષાના લગ્નમાં હાજરી આપવા માટે 2 ડિસેમ્બરના રોજ મુંબઈથી વડોદરા આવ્યા હતા. તેઓ દંતેશ્વર વિસ્તારમાં આવેલી હોટેલમાં રોકાયા હતા. 5 ડિસેમ્બરના રોજ તેઓ ગોર્વધન હોલમાં લગ્ન સમારોહમાં હાજર રહ્યા હતા.

6 ડિસેમ્બરના રોજ બપોરે આશરે 1.30 વાગ્યે સુનંદા તેમની મોટી પુત્રી ત્રિવેણી, જમાઈ મંગેશ અને બહેનપણી ભાગ્ય પવાર સાથે ઘડીયાળી પોળમાં ખરીદી કરવા ગયા હતા. આશરે 1.45 વાગ્યે તેઓ અંબા માતાની ગલીમાં આવેલી જયશ્રી સિલ્ક સાડીની દુકાનમાં પહોંચ્યા હતા અને ત્યાં સાડીઓની ખરીદી કરી હતી. આશરે 2.45 વાગ્યે તેઓ દુકાનમાંથી બહાર આવ્યા અને અલગ-અલગ જગ્યાએ ખરીદી કરીને સાંજે આશરે 6.30 વાગ્યે હોટેલ પર પરત ફર્યા હતા.




રાત્રે આશરે 10 વાગ્યે સામાન પેક કરતી વખતે સુનંદાએ જોયું તો તેમનું મરૂન કલરનું પર્સ ગુમ થયું હતું. આ પર્સમાં સોનાનું મંગળસૂત્ર, સોનાનો નેકલેસ, એક જોડી સોનાના કાનના ઝુમ્કા અને આશરે 41,000 રૂપિયાની રોકડ હતી. આ ઉપરાંત એક્સિસ બેંકનું ડેબિટ કાર્ડ પણ હતું.

તેઓએ છેલ્લે જયશ્રી સિલ્ક સાડીની દુકાનમાં પેમેન્ટ કરવા માટે કાળા પર્સમાંથી મરૂન પર્સ કાઢ્યું હતું અને ત્યાર બાદ તેને પરત મૂક્યું હતું. તેઓને શંકા છે કે, અજાણ્યા ચોરે ત્યાંથી પર્સ ચોરી લીધું છે. તેઓએ હોટેલના રૂમમાં અને અન્ય જગ્યાઓ પર તપાસ કરી હતી, પરંતુ પર્સ મળ્યું નહોતું. જેથી સુનંદા તેમના સંબંધી અને પુત્રી સાથે વાડી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

## કંડલાના મીઠા પોર્ટ પર મેગા ડિમોલિશન, 250 કરોડની 100 એકર જમીન ખુલ્લી કરાશે

# 20 JCB અને 100 ટ્રેક્ટર સાથે 500 પોલીસકર્મીઓ તહેનાત...



(એજન્સી) કચ્છ (ભુજ) |તા. 08

કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકના કંડલાના મીઠા પોર્ટ પર આજે વહેલી સવારથી મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઈ છે. 20 JCB અને 100 ટ્રેક્ટર સાથે 500 પોલીસ કર્માચારીઓના ચુસ્ત બદોબસ્ત સાથે આ કાર્યવાહી થઈ રહી છે. સાંજ સુધીમાં 250 કરોડની 100 એકર જેટલી જમીન ખુલ્લી કરવામાં આવશે.

દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA) અને પૂર્વ કચ્છ જિલ્લા પોલીસે સંયુક્ત રીતે આ કામગીરી વહેલી સવારથી શરૂ કરી દીધી છે, જે સાંજ સુધી ચાલુ રહેશે. દબાણ દૂર કરવા માટે પૂર્વ કચ્છ જિલ્લામાંથી આશરે 40 અધિકારી અને 500 પોલીસકર્મચારી તહેનાત કરવામાં આવ્યા છે. દરિયાઈ સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. આ વિસ્તારમાં આશરે 4,000થી 5,000 લોકોની વસતિ હતી. આ દબાણવાળો વિસ્તાર શરીરસંબંધી, મિલકતસંબંધી ગુનાઓ અને જાણીતા પ્રોહિબિશન બૂટલેગરો માટે કુખ્યાત હતો. ખાસ કરીને આ વિસ્તારમાં પેટ્રોલિયમ એક્ટ અને ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ સંબંધિત ગુનાઓનું પ્રમાણ વધુ જોવા મળતું હતું.



### ડ્રોન મારફત વીડિયોગ્રાફી સાથે કાર્યવાહી

આ મેગા ઓપરેશનમાં આશરે 20 જેસીબી, 20 હિટાચી, 40 લોડર, 40 ડમ્પર, 100 ટ્રેક્ટર અને વીડિયોગ્રાફી માટે ડ્રોન તથા કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દબાણ હટાવતી વખતે પૂર્વ કચ્છ પોલીસવડા સહિત તમામ પોલીસઅધિકારીઓ, LCB, SOG અને કંડલા પોલીસનો મોટો કાફલો સુરક્ષા માટે ખડકી દેવામાં આવ્યો છે.

આ અંગે અંજાર નાયબ પોલીસવડા મુકેશ ચૌધરીએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં જે ગેરકાયદે બાંધકામ છે એને તોડવાની કામગીરી અત્યારે ચાલુ છે. આ વિસ્તારના એ રહેવાસી છે, જેમાં મોટા ભાગના લોકો ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.

## ન્યૂઝ ફ્લેશ

### પોરબંદર સિવિલમાં 90 દિવસમાં 9058 દર્દી દાખલ



પોરબંદર | પોરબંદરની ભાવસિંહજી સિવિલ હોસ્પિટલે છેલ્લા 90 દિવસમાં 97,839 થી વધુ દર્દીઓને ઓપીડીમાં સારવાર આપી છે. આ સમયગાળા દરમિયાન, 9,058 દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરીને તબીબી સેવા પૂરી પાડવામાં આવી હતી.

હોસ્પિટલમાં દાખલ થયેલા કુલ 9,058 દર્દીઓની માસવાર વિગતો ઉપલબ્ધ છે. સપ્ટેમ્બરમાં 3,165 દર્દીઓ, ઓક્ટોબરમાં 3,019 દર્દીઓ અને નવેમ્બરમાં 2,874 દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા.

છેલ્લા ત્રણ મહિનામાં ઈમરજન્સી વિભાગે પણ નોંધપાત્ર સેવા આપી છે, જ્યાં કુલ 1,588 દર્દીઓને સારવાર મળી હતી. સપ્ટેમ્બરમાં 537, ઓક્ટોબરમાં 536 અને નવેમ્બરમાં 517 દર્દીઓએ ઈમરજન્સી સેવાઓનો લાભ લીધો હતો.

ઓપીડીમાં સારવાર લેનારા કુલ 97,839 દર્દીઓમાં, સપ્ટેમ્બરમાં 35,175, ઓક્ટોબરમાં 31,237 અને નવેમ્બરમાં 31,427 દર્દીઓએ દવાઓ, ચેકઅપ અને વિવિધ સારવાર મેળવી હતી.

આ માહિતી પોરબંદર ભાવસિંહજી હોસ્પિટલના ડો. ગૌરવ ભંભાણી (એમ.ડી., પી.જી.ડી.એચ. એચ.એમ., સી.આઈ.એચ.) દ્વારા આપવામાં આવી છે.

## સુરતમાં રત્નકલાકારે મકાનમાલિકના ઘરમાંથી અઢી લાખ ચોર્યા

# ચોરીના પૈસા પોલીસ પાસેથી લઈ ફોટોસેશન

(એજન્સી) સુરત | તા. 09

લોકો માટે સોશ્યિલ મીડિયા ક્યારેક નુકશાનકારક તો ક્યારેક ફાયદાકારક સાબીત થયુ હોય છે અને આવો જ એક કિસ્સો સુરતમાં બન્યો છે. રાંદેર પોલીસને રોકડા રૂ. 2.69 લાખ લટકાવેલી થેલી સાથે બિનવારસી હાલતમાં એક બાઈક મળી આવી હતી. પોલીસે બાઈકના નંબરના આધારે તેના મુળ માલિક હીરના કારખાનામાં મેનેજરને શોધીને પરત કરી હતી. દર વખતની જેમ આ વખતે પણ પોલીસે રૂપિયા પરત આપતો વીડિયો બનાવ્યો અને મુળ માલિકની ખરાઈ કર્યા વગર રોકડ રકમ પરત કરી દીધી હતી.

આ ઘટનાના થોડા દિવસ પહેલાં મેનેજરના મકાનમાલિકના ઘરમાં ચોરી થઈ હતી અને તેની ફરિયાદ પણ નોંધાઈ હતી. પોલીસે બનાવેલો વીડિયો મકાનમાલિક સુધી પહોંચતા તેઓને થયું કે, ત્રણ મહિનાથી ભાડું ચુકવ્યું નથી તો મેનેજર પાસે આટલા પૈસા ક્યાથી આવ્યાં અને ભાંડો ફૂટી ગયો હતો. જે પૈસાથી મેનેજરે પોલીસ સાથે ફોટોસેશન કર્યું તે મકાનમાલિકના ઘરમાંથી જ ચોર્યા હતાં. શાતિર ચોરે પોલીસની આંખમાં પણ ધૂળ નાખી હતી.

રાંદેર રામનગર વિસ્તારમાં એક પાન સેન્ટરની બહાર લાંબા સમયથી પડેલી બાઈક જોઈ દુકાનદારને શંકા જતા તેણે બાઈક પર લટકાવેલા એક થેલાની તપાસ કરી હતી. જેમાં થેલામાંથી રોકડા રૂપિયા 2.69 લાખ, ચાર જોડી કપડાં, દારૂની એક નાની બોટલ મળી આવી હતી. બાદમાં દુકાનદારે રાંદેર પોલીસને જાણ કરી હતી અને પોલીસે 36 કલાકની જહેમત બાદ કતારગામ પોલીસનો સંપર્ક કરી બાઈક માલિકને શોધી કાઢ્યો હતો. આ બાઈક દક્ષેશકુમાર અરવિંદભાઈ પટેલ (ઉં.વ46)ની હતી, જે 53, પંચદેવ સોસાયટી, આંબા તલાવડી, કતારગામમાં રહે છે અને હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.

પોલીસ સ્ટેશને પહોંચેલા દક્ષેશએ જણાવ્યું હતું કે, તે જહાંગીરપુરા ખાતે રહેતા મિત્રના ઘરેથી પરત ફરી રહ્યા હતા. તેમની પાસે રહેલા 2.69 લાખ રૂપિયા તેમના દીકરાની ફી ભરવા માટે હતા. દક્ષેશને રામનગર ચાર રસ્તા પાસે અચાનક જ જબરદસ્ત ચક્કર આવ્યા, જેથી તે મેડિકલ સ્ટોર શોધવા લાગ્યા હતા. મેડિકલ સ્ટોર તો મળી ગયો, પણ ત્યાં દવાની લ્હાયમાં તે તેમનું બાઈક અને તેમાં રહેલા લાખો રૂપિયા ત્યાં જ ભૂલી ઘરે જતા રહ્યા હતા. બાદમાં પોલીસે તેને બેગ સુપરત કરી અને ફોટોસેશન પણ કર્યું હતું. સાથે જ રાંદેર પોલીસે દક્ષેશના ઘર જઈ સર્વે કર્યો તો તેનો એક દીકરો વિધાનગરમાં અભ્યાસ કરે છે અને તેની ફી ભરવાના પૈસા હોવાનું માની લીધુ હતું.



### સો. મીડિયામાં વીડિયો જોઈ મકાનમાલિકને શંકા ગઈ

આ સમયે એકલા રહેતા દક્ષેશના મકાનમાલિક આકાશભાઈના ધ્યાને સમગ્ર ઘટનાનો વીડિયો આવ્યો હતો. તેઓને શંકા ગઈ કે, દક્ષેશે છેલ્લા 3 મહિનાથી તેણે ભાડું ચૂકવ્યું નથી તો આટલી મોટી રકમ તેની પાસે ક્યાંથી આવી? જે શંકાના આધારે તેમને ઘરમાં તપાસ કરી તો તેમના ઘરમાં જ રોકડ અને સોનાની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું, જેથી તેમણે કતારગામ પોલીસનો સંપર્ક કર્યો હતો. કતારગામ પોલીસે ગુનો નોધી તપાસ કરતાં દક્ષેશે જ આકાશભાઈના ઘરમાં ચોરી કરી હોવાનું બહાર આવતા તેની ધરપકડ કરી હતી.

કતારગામ આંબાતલાવડી રોડ ઉપર આવેલી પંચદેવ સોસાયટીમાં રહેતા આકાશભાઈ હિમંતભાઈ શિરોયા હીરાનો વેપાર કરે છે. તેમના મકાનની ઉપરના માળે રહેતો દક્ષેશકુમાર અરવિંદભાઈ પટેલ હીરા કારખાનામાં મેનેજર તરીકે કામ કરે છે. બંનેના પરિવારો વચ્ચે સારા સંબંધો હોવાથી દક્ષેશ અવારનવાર આકાશભાઈના ઘરે આવતો હતો.

આ કારણે ઘરના લોકર અને કબાટની ચાવી ક્યાં મુકવામાં આવે છે તેની તેને જાણકારી હતી. આ દરમિયાન 26 નવેમ્બર, 2025ના સવારે 10 વાગ્યાથી લઈને 5 ડિસેમ્બર, 2025ના સાંજે 5 વાગ્યા સુધીના સમય ગાળા દરમિયાન ઘરે મોટા સભ્યો નહીં હોવાથી તે અહીં આવ્યો હતો અને લોકરમાંથી 1,00,000નું 20 ગ્રામ સોનું અને રોકડા 3,55,000 મળી કુલ રૂ. 4,55,000ની મત્તા ચોરી ગયો હતો.

# ઈન્ડિગોની છઠ્ઠા દિવસે 26 ફ્લાઈટ કેન્સલ : મુસાફરોનો ગુસ્સો સાતમા આસમાને

(એજન્સી) રાજકોટ | તા. 08

પાઈલટ્સ અને ક્રૂ-મેમ્બર્સની અછતને કારણે દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની કટોકટીનો આજે છઠ્ઠો દિવસ છે. 8 ડિસેમ્બરને સોમવારે ગુજરાતમાં ઈન્ડિગોની 26 ફ્લાઈટ કેન્સલ થઈ છે. રાત્રિના 12થી સવારના 9 વાગ્યા સુધીમાં અમદાવાદની 18, રાજકોટની 4, સુરતની 3 અને વડોદરાની 1 ફ્લાઈટ રદ થવાની માહિતી મળી રહી છે. મુસાફરોને પડતી મુશ્કેલીને ધ્યાને રાખીને રેલવે દ્વારા મોટા શહેરો, જેમ કે મુંબઈ, દિલ્હી, પુણે, હાવડા, હૈદરાબાદ સહિતમાં વિશેષ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. આ સાથે જ અમદાવાદ એરપોર્ટ પર ટ્રેનનું બુકિંગ કરવા માટે RCTCનું કાઉન્ટર પણ ખોલવામાં આવ્યુ છે.

અમદાવાદ એરપોર્ટ પરથી મળતી માહિતી મુજબ, આજે 9 વાગ્યા સુધીમાં ઈન્ડિગોની 18 ફ્લાઈટ કેન્સલ થઈ છે, જેમાં નવ આવતી અને નવ જતી ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ એરપોર્ટની વેબસાઈટ પર આજની દિવસભરની કુલ 44 ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે, જેમાં અમદાવાદથી ઉડાન ભરતી 23 અને આવતી 21 ફ્લાઈટનો સમાવેશ થાય છે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઈન્ડિગો એર લાઈન્સની આજની રાજકોટથી મુંબઈ, ગોવા, હૈદરાબાદ, બેંગલુરુની ફ્લાઈટ રદ થતાં મુસાફરોમાં ભારે રોષ છે. શુક્રવારે રાજકોટ એરપોર્ટ પરથી ઈન્ડિગોની તમામ 8 ફ્લાઈટ રદ થઈ હતી. શનિવારે 8માંથી એક ફ્લાઈટ રદ થઈ હતી. રવિવારે 9માંથી 5 ફ્લાઈટ કેન્સલ થઈ હતી તો આજે 8 ડિસેમ્બરના 8માંથી 4 ફ્લાઈટ રદ થતાં મુસાફરોનો ગુસ્સો સાતમા આસમાને છે.

### બોટાદનો ભાંભણ-હામાપર રોડ ત્રણ વર્ષથી અધૂરો



બોટાદ | બોટાદ તાલુકાના ભાંભણથી હામાપર જતો રૂ. 3.5 કરોડના ખર્ચે બનતો 8 કિલોમીટરનો પંચાયત રોડ છેલ્લા ત્રણ વર્ષથી અધૂરો છે. આ રોડ પરનો કોઝવે તૂટી જતાં લોકોની અવરજવર બંધ થઈ ગઈ છે, જેના કારણે બોક્સ નાળા અને પુલ બનાવવાની માંગ ઉઠી છે.

પાડલીયા નદી પર બની રહેલા 100 મીટરના કોઝવે અને નાળાની નબળી ગુણવત્તાને કારણે વરસાદી વહેણમાં માટી તણાઈ ગઈ હતી. આથી રોડ પરથી વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો છે.

પાંચ પાઈપવાળા નાળામાં ઝાખરા ફસાઈ જવાથી પાણી ખેતરોમાં ઘૂસી જાય છે, જેના પરિણામે ખેડૂતોને પાકમાં મોટું નુકસાન થઈ રહ્યું છે. પ્રોટેક્શન વોલ પણ હલકી ગુણવત્તાની હોવાનું સામે આવ્યું છે.

સ્થાનિક લોકો અને ખેડૂતો દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે બોક્સ નાળું અને પુલ બનાવવાની માંગ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, અધૂરું કામ છોડી દેનાર એજન્સી સામે કડક કાર્યવાહી કરવાની પણ અપીલ કરાઈ છે. સ્થાનિક અજીતભાઈએ આ અંગે માહિતી આપી હતી.

### LCBએ 28 વર્ષથી ફરાર આરોપી સહિત બે ઝડપ્યા

(એજન્સી) પંચમહાલ | તા. 08

પંચમહાલ-ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ બે અલગ-અલગ ગુનાઓમાં લાંબા સમયથી ફરાર બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ પૈકી એક આરોપી ધાડના ગુનામાં છેલ્લા 28 વર્ષથી નાસતો ફરતો હતો, જ્યારે બીજો પ્રોહિબિશનના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ હતો.

ઝડપાયેલા આરોપીઓમાં રસુલ ઉર્ફે રસુ કલજીભાઈ મહિડા (રહે. નાના ચોરા, તા. સજ્જનગઢ, જિ. બાસવાડા, રાજસ્થાન) નો સમાવેશ થાય છે. તે ગોધરા તાલુકા અને પાવાગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ધાડના બે ગુનાઓમાં છેલ્લા 28 વર્ષથી વોન્ટેડ હતો. તેના વિરુદ્ધ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે.

પોલીસને બાતમી મળી હતી કે આરોપી રસુલ મહિડા હાલ તેના રાજસ્થાન સ્થિત ઘરે હાજર છે. આ ચોક્કસ બાતમીના આધારે LCB સ્ટાફના કર્મચારીઓએ આરોપીના ઘરે જઈ તેને ઝડપી પાડ્યો હતો. કાયદેસરની કાર્યવાહી બાદ તેને ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

www.nephroplus.com

A Global Network of 519 Clinics

PLUS

Expanded across India, Nepal, Philippines, Uzbekistan, and Kingdom of Saudi Arabia (KSA)

PLUS

High-Quality, Patient-Centric Dialysis Care

- Strategic partnerships with leading Hospitals, Public-Private Partnerships (PPP) with State Governments, and partnerships with the Ministries of Health (MOH) in KSA and Uzbekistan
- Extensive pan-India network of clinics across 328 cities**
- Offers services like Holiday Dialysis and Home Dialysis apart from traditional clinic-based dialysis



nephroplus
Nephrocare Health Services Ltd.
Asia's Largest Dialysis Service Provider*

*Based on the number of treatments performed in Fiscal 2025. (Source: F&S Report)
**As of September 30, 2025 (Source: F&S Report)

**NEPHROCARE HEALTH SERVICES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on December 2, 2025. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.nephroplus.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Ambit Private Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.icicisecurities.com, www.ambit.co, www.iiflcap.com and www.nomuraholdings.com/ company/group /asia/india/index.html, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *''Risk Factors''* beginning on page 49 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in 'offshore transactions' in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.

Adfactors 675/25

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારું સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**મિથુન : ક. છ. ઘ.**

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો.

**કર્ક : ડ. હ.**

તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો.

**સિંહ : મ. ટ.**

આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે.

**તુલા : ર. ત.**

તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો- આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

**મકર : ખ. જ.**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે.

## ગંભીર કિસ્સો

### રિક્ષાચાલકને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી ખંડણી માગનાર શખ્સ સામે ગુનો

નડિયાદ:સામાન્ય રિક્ષાચાલક પાસેથી ખંડણી માગવાનો અને તેને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી માનસિક ત્રાસ આપવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદના એક શખ્સે રિક્ષાચાલકને પાસા અથવા તડીપાર કરાવવાની ધમકી આપી ૩૦,૦૦૦ની ખંડણીની માંગણી કરી હતી. સતત ધમકીઓ અને માનસિક આઘાતથી કંટાળીને આ રિક્ષાચાલક મરવા જવાનું કહીને ઘરેથી નીકળી ગયો હતો, જોકે, તેના મિત્રોએ સમયસર તેની શોધખોળ કરી સમજાવીને પરત લાવ્યા હતા. આ બનાવ અંગે રિક્ષાચાલકના મિત્રની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસ દ્વારા ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.નડિયાદના શકર કુઈ વિસ્તારમાં રહેતા અબ્દુલસીદ અબ્દુલહફીઝ મલેકનો મિત્ર યાસીનભાઈ ઉર્ફે ખલી ઉસ્માનગની વ્હોરા રિક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૦૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ યાસીનને તેના મિત્ર ભાવેશભાઈ વાળંદે એક વીડિયો મોકલ્યો હતો. આ વીડિયોમાં અમદાવાદનો જયેશ ઠક્કર નામનો એક શખ્સ યાસીન ઉર્ફે ખલી નડિયાદમાં લાખોનો જુગાર રમાડતો હોવાનું જણાવીને ધંધો બંધ કરી દેવાની ધમકી આપતો હતો.એ જ દિવસે બપોરના સમયે, જયેશ ઠક્કરે યાસીન વ્હોરાને વોટ્સએપ કોલ કર્યો હતો અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી, સાથે જ પાસા અથવા તડીપારના કેસમાં ફસાવી દેવાની બીક બતાવી રૂ. ૩૦,૦૦૦ની ખંડણીની માંગણી કરી હતી. યાસીન વ્હોરાએ પોતે જુગાર ન રમાડતો હોવાનું જણાવતા, જયેશ ઠક્કરે પહેલા જુગાર રમતો હતો તેમ કહીને પણ પૈસા આપવા માટે સતત દબાણ કર્યું હતું.ધમકીઓનો દોર ચાલુ રહેતાં, જયેશ ઠક્કરે અંતે ગુગલ પેનું સ્કેનર મોકલીને છેલ્લે રૂ. ૧૧,૦૦૦ આપી દેવાની ધમકી આપી હતી. સતત ત્રાસ અને ખોટા કેસમાં ફસાવવાની ધમકીથી રિક્ષાચાલક યાસીન માનસિક રીતે ભાંગી પડ્યો હતો.

**ગારિયાધાર કોર્ટે બે શખ્સને કેદની સજા ફટકારી, જેલભેગા**

# ₹૬૦,૦૦૦ ન ચૂકવનારને ૩૬૦ દિવસની કેદની સજા, બીજાને ૩૩૦ દિવસનો કારાવાસ

(એજન્સી) ભાવનગર | તા.08

ભરણપોષણની રકમ ન ચૂકવીને કાયદાની અવગણના કરનારા બે શખ્સોને ગારિયાધાર કોર્ટે આજે કડક પાઠ ભણાવ્યો છે. કોર્ટે બે અલગ-અલગ અરજીઓમાં મોણપર અને ધરાઈ ગામના આ બંને આરોપીઓને લાંબી કેદની સજાનો હુકમ કર્યો છે, જેનાથી કાયદાનું પાલન ન કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. ન્યાયિક મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટે આ મામલે સખત વલણ અપનાવ્યું છે.પહેલા કેસની વિગતો મુજબ, મહુવા તાલુકાના ધરાઈ ગામે રહેતા ગૌતમ રમેશભાઈ ગોંડલિયા (ઉંમર ૩૫) નામના શખ્સ સામે ભરણપોષણની રકમ ન ચૂકવવા બદલ અરજી કરવામાં આવી હતી. ગૌતમ ગોંડલિયાએ ૧૨ માસની ભરણપોષણની કુલ રકમ રૂપિયા ૬૦,૦૦૦ ભરપાઈ કરી નહોતી.ગારિયાધાર કોર્ટના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસે આ મામલે સુનાવણી હાથ ધરી હતી અને ગૌતમ રમેશભાઈ ગોંડલિયાને કસૂરવાર



ઠેરવી કાયદાનો ભંગ કરવા બદલ ૩૬૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.બીજી એક અન્ય અરજીમાં, વલ્લભીપુર તાલુકાના મોણપર ગામે રહેતા ભીખુ કરશનભાઈ ભાયાણી (ઉંમર ૫૭) સામે પણ ભરણપોષણની રકમ બાકી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. ભીખુ ભાયાણીએ ૧૧ માસની ખાધાખોરાકી પેટેના કુલ રૂપિયા ૩૮,૫૦૦ ચૂકવ્યા નહોતા.ગારિયાધાર કોર્ટે ભીખુ કરશનભાઈ ભાયાણીને પણ તકસીરવાન ઠેરવીને ૩૩૦ દિવસની કેદની સજા ફટકારી છે. આ બંને કેસમાં કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે કાયદેસર રીતે પત્ની અને બાળકોનું ભરણપોષણ કરવું તે પતિની ફરજ છે અને તેમાં ચૂક કરનારને સજા ભોગવવી પડશે.આ બંને કેસના હુકમમાં ગારિયાધાર કોર્ટે એક મહત્ત્વની શરત પણ મૂકી છે. કોર્ટે ફરમાન કર્યું છે કે જો આરોપીઓ ગૌતમ ગોંડલિયા અને ભીખુ ભાયાણી બાકી રહેલી તેમની ભરણપોષણની તમામ રકમ એક સાથે કોર્ટમાં ભરી દે, તો તેમને તાત્કાલિક ધોરણે જેલમુક્ત કરવામાં આવશે.કોર્ટના આ નિર્ણયથી એ સ્પષ્ટ થાય છે કે આ સજા માત્ર શિક્ષાત્મક નથી, પરંતુ કાયદેસરના ભરણપોષણની રકમ ચૂકવવા માટે દબાણ લાવવાનો એક કડક પ્રયાસ છે. કાયદાકીય નિષ્ણાતોના મતે, આ પ્રકારની કેદની સજાના ચુકાદાઓ સમાજમાં એક મજબૂત સંદેશો આપે છે કે ભરણપોષણના કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં.

**યુવાન પાસેથી સોનાના દાગીના અને લોન મેળવી લીધા**

## કહેવાતા પત્રકારની છેતરપિંડીથી યુવાનના લાખો રૂપિયા ફસાયા: એસપીને રાવ

ભાવનગર : શહેરમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક શખ્સે પોતાને પ્રતિષ્ઠિત પત્રકાર તરીકે ઓળખ આપી એક યુવાનનો વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ ધંધામાં રોકાણ કરવાની લાલચ આપી કુલ રૂપિયા ૭.૫૦ લાખની ઠગાઈ આચરી છે. વિશ્વાસનો દંભ કરીને, પાર્થ મહેતાએ પરેશભાઈ ભટ્ટીને પોતાના ધંધામાં સારા વળતર સાથે રોકાણ કરવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવીને યુવાને કટકે કટકે રોકડ, સોનાના ઘરેણાં અને લોન દ્વારા મેળવેલા નાણાં સહિત કુલ ૭.૫૦ લાખની ઠગાઈનો ભોગ બન્યા છે.આ ગંભીર છેતરપિંડી અને ફ્રોડની ઘટનાથી હતાશ થઈને, પરેશભાઈ ભટ્ટીએ આખરે ન્યાય માટે જિલ્લા પોલીસ વડા સમક્ષ લેખિત રજૂઆત કરી છે. તેમણે આ કથિત પત્રકાર પાર્થ મહેતા વિરુદ્ધ તાત્કાલિક કાયદાકીય કાર્યવાહી કરીને પોતાના ૭.૫૦ લાખની ઠગાઈના નાણાં પરત અપાવવા અને આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માંગ કરી છે.

પત્રકારની ઓળખ આપનાર શખ્સ વિરુદ્ધ તપાસનો દોર ક્યારે શરૂ થાય છે, તેના પર સૌની નજર ટકેલી છે. એક તરફ જ્યાં પત્રકારત્વનું કામ સમાજને સાચી દિશા આપવાનું છે, ત્યાં આવી રીતે પવિત્ર વ્યવસાયની આડમાં આચરવામાં આવેલી પત્રકારની છેતરપિંડીની ઘટના સમાજમાં વિશ્વાસઘાતનું મોટું ઉદાહરણ પૂરું પાડે છે.

**ભાવનગર રોડ તદ્દન ખાડામાં**

## ભાવનગર રોડ ૫ વર્ષથી ખખડધજ: રોડની બિસ્માર હાલતથી ૩૫ હજારની વસ્તી પરેશાન

ભાવનગર: ભાવનગર રોડ છેલ્લા પાંચ વર્ષથી તદ્દન બિસ્માર હાલતમાં છે. આ રોડ પર ઠેર-ઠેર ખાડા પડ્યા છે, જેના કારણે વાહનચાલકો અને આ વિસ્તારના હજારો ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, માત્ર કાચા થીગડા મારીને કામ ચલાવવામાં આવી રહ્યું છે, પરંતુ હવે આ કમરતોડ રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બની ગયું છે. આ માત્ર સામાન્ય માર્ગ નથી, પરંતુ અગિયાળી અને ખાંટડી સહિત કુલ પાંચ જેટલા ગ્રામ્ય વિસ્તારો માટે ભાવનગરને જોડતી તે ધોરી નસ સમાન છે. આ રોડ પર



લઘુમતીઓનું તીર્થસ્થાન ખરકડી તેમજ સનાતનીઓનું આસ્થાનું કેન્દ્ર ગણેશ આશ્રમ પણ આવેલું છે. ૨૦ હજારની વસ્તી ધરાવતું દેવગાણા ગામ અને ખરકડી, અગિયાળી, ખાંટડી સહિત કુલ ૩૫ હજારની વસ્તી માટે આ માર્ગ જીવનરેખા સમાન છે.

## નડિયાદ પાસે ટ્રક પાછળ કાર ઘૂસી જતા આગ ભભૂકી ઉઠી

નડિયાદ : નડિયાદ નજીકથી પસાર થતા વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતી એક કાર આગળ જતી ટ્રક પાછળ ઘૂસી જતા કારમાં આગ ભભૂકી ઉઠી હતી. સદનસીબે કારમાં સવાર છોટાઉદેપુર લગ્નમાંથી પરત જતા પાંચ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. આ બનાવની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.રવિવારે સવારે એક પરિવાર છોટાઉદેપુરથી લગ્નમાંથી કારમાં પરત ફરી રહ્યો હતો.

**બોથડ પદાર્થના ઘા**

## ગઢડાના ખેતરમાં લોહીલુહાણ હાલતમાં મહિલાની હત્યા

ગઢડા: બોટાદ જિલ્લાના ગઢડા શહેર નજીક સામાકાંઠા ચાર રસ્તા પાસે આવેલી એક વાડીના ખેતરમાં રહેતી એક મહિલાની ગત મોડી રાત્રે બોથડ પદાર્થના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે. આ બનાવની જાણ થતાં જ ગઢડા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તાત્કાલિક અસરથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસને શંકા છે કે મૃતક મહિલાનો પતિ જ આ હત્યા પાછળ જવાબદાર હોઈ શકે છે, કારણ કે તે ઘટના બાદથી ફરાર છે.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગઢડાના સામાકાંઠા ચાર રસ્તા પાસે આવેલી હજારીયાની વાડીમાં મૂળ વડોદરા જિલ્લાના કણજર ગામના વતની ચંપાબેન સતીષભાઈ વસાવા અને તેમના પતિ સતીષ વસાવા ભાગીયા તરીકે મજૂરી કામ કરતા હતા. જ્યારે વાડીના માલિક નિયમિત આંટો મારવા ગયા, ત્યારે તેમણે વાડીના રૂમમાં ચંપાબેનનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ પડેલો જોયો.

**₹૧૧.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત**

## મહુધા પોલીસે કતલખાને લઈ જવાતા ૮ પશુઓને બચાવ્યા



નડિયાદ : પશુઓની ગેરકાયદેસર હેરાફેરી અને કતલખાને લઈ જવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવવા માટે મહુધા પોલીસ દ્વારા શનિવારની રાત્રે એક સફળ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસની સક્રિયતાના કારણે ફીણાવ ભાગોળ રોડ પરથી બે વાહનોમાં ક્રૂરતાપૂર્વક ભરીને કતલખાને લઈ જવાતા ૮ પશુઓને સમયસર બચાવી લેવામાં આવ્યા હતા. પોલીસે આ કાર્યવાહીમાં પશુઓ, બે વાહનો અને અન્ય મુદ્દામાલ મળીને કુલ ૧૧.૨૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે અને ચાર શખ્સો સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.મહુધા પોલીસને બાતમી મળી હતી કે કઠલાલ તરફથી બે વાહનો (એક બોલેરો અને એક પિકઅપ)માં પશુઓને ક્રૂરતાપૂર્વક ભરીને કતલખાને લઈ જવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે મહુધા પોલીસે ફીણાવ ભાગોળ રોડ પર તાત્કાલિક વોચ ગોઠવી દીધી હતી.

વોચ દરમિયાન, કઠલાલ તરફથી આવતા બોલેરો અને પિકઅપ વાહનોને પોલીસે ઊભા રહેવાનો ઈશારો કર્યો હતો. પરંતુ બંને વાહનચાલકોએ પોલીસને જોઈને વાહનોને પૂરપાટ ઝડપે ભગાવવાનો પ્રયાસ કર્યો. જોકે, પોલીસે રોડ પર અગાઉથી મૂકેલી આડાસને કારણે બંને વાહનો આખરે ઊભા રહી ગયા હતા અને બંને વાહનચાલકો ઝડપાઈ ગયા હતા.પોલીસે પકડાયેલા બંને વાહનચાલકોની અટકાયત કરી પૂછપરછ કરતાં તેમની ઓળખ જુનેદ મહંમદ ખુદાબક્ષ પઠાણ અને શહેજાદ સાબીર હુસેન મલેક (બંને રહે. મહુધા) તરીકે થઈ હતી.તેમણે કબૂલાત કરી હતી કે પશુઓ તેમને અયુબ મિયાંએ ખોખરવાડાથી ભરી આપ્યા હતા અને આ જથ્થો અમદાવાદમાં રહેતા નદીમને આપવા માટે જઈ રહ્યા હતા. આ કબૂલાતના આધારે મહુધા પોલીસે જુનેદ પઠાણ, શહેજાદ મલેક, અયુબમિયાં અને નદીમ સહિત કુલ ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

**બાલાસિનોરના ખેડૂતોને દૂરના વિરપુર-લુણાવાડા યાર્ડના ધક્કા ખાવા પડે છે**

# બાલાસિનોરનું ૬ દસકા જૂનું માર્કેટિંગ યાર્ડ શોભાના ગાંઠિયા સમાન, હરાજી બંધ

(એજન્સી) બાલાસિનોર | તા.08

એક તરફ બાલાસિનોરમાં ઔદ્યોગિક ક્ષેત્રે જીઆઈડીસીની સ્થિતિ કફોડી છે, ત્યારે બીજી તરફ સહકારી ક્ષેત્રની કરોડરજ્જુ ગણાતી અગત્યની સંસ્થા માર્કેટિંગ યાર્ડ પણ માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહી છે. લગભગ છ દસકા કરતાં વધુ જૂના આ માર્કેટિંગ યાર્ડમાં હાલ ખેત જણસોની હરાજી જ બંધ છે. આ ગંભીર પરિસ્થિતિના કારણે તાલુકાના વીસ હજારથી વધુ નાના ખેડૂતોને ખુલ્લા બજારમાં જે ભાવ મળે તે ભાવે પોતાનો પાક વેચી દેવાની ફરજ પડી રહી છે. સ્પર્ધાત્મક વાતાવરણના અભાવે ખેડૂતોને તેમના



ઉત્પાદનનો પૂરતો ભાવ મળી રહ્યો નથી, જેના કારણે ખેડૂત જગત ભારે મુશ્કેલીમાં મુકાયું છે.બાલાસિનોર તાલુકામાં ખેતીની કુલ જમીન ૨૧,૨૦૩ હેક્ટર જેટલી વિશાળ છે. અહીંના ૨૦ હજારથી વધારે ખેડૂતો દ્વારા કપાસ, ડાંગર, દિવેલા, ઘઉં, સોયાબિન, મગફળી, બાજરી, તમાકુ, રાય અને ચણા જેવા વિવિધ પ્રકારના પાક લેવામાં આવે છે. શક્તિ ટોકિઝ સામે આવેલું આ ૬૦ વર્ષ જૂનું માર્કેટિંગ યાર્ડ હોવા છતાં, ખેડૂતોને તેમના ઉત્પાદનોના વેચાણ માટેની પાયાની સુવિધા મળી રહી નથી. જો માર્કેટિંગ યાર્ડ કાર્યરત હોય તો હરાજી દ્વારા ખેડૂતોને યોગ્ય અને સારા ભાવ મળી શકે, પરંતુ હાલની સ્થિતિમાં ખેડૂતોએ કાં તો ખુલ્લા બજારમાં ઓછા ભાવે પોતાની જણસો વેચી દેવી પડે છે અથવા તો મોંઘા ભાડાં ખર્ચીને વિરપુર, ડેમાઇ, કે લુણાવાડા જેવા દૂરના માર્કેટિંગ યાર્ડ સુધી ખેત ઉત્પાદનો લઈ જવાની ફરજ પડે છે.

## બોક્સાઈટ લીઝમાં ગેરરીતિ કરનારની નવી એજન્સી દ્વારા 5 હેક્ટરની લીઝ લેવાની તૈયારી

નડિયાદ : ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના તૈયબપુર વિસ્તારમાં ૦.૮૪૯૯ હેક્ટર વિસ્તાર ધરાવતી મેસર્સ મહેન્દ્ર બોક્સાઈટ કંપનીએ માઈનિંગ લીઝમાં નિયમોની અવગણના કરી હોવાનું સામે આવતા ભારતીય ખાણ બ્યુરો દ્વારા કરાયેલા નિરીક્ષણ રિપોર્ટ અને ત્યારબાદ મોકલાયેલી ઉલ્લંઘન નોટિસ તેમજ કારણ બતાવો નોટિસમાં જણાવાયું હતું કે, લીઝ ધારક મેસર્સ મહેન્દ્ર બોક્સાઈટના પ્રતિનિધિ તરીકે બ્રિજેશ રાજેશભાઈ પટેલ હાજર રહેલા હતા. જેમનું નામ નોટિસમાં પ્રાપ્તકર્તા તરીકે પણ દર્શાવેલું છે. આ લીઝમાં સૌથી ગંભીર ગેરરીતિએ હતી કે ખનિજ સંરક્ષણ અને વિકાસ નિયમાવલિ, ૨૦૧૭ના નિયમ ૫૫(૧)(૩) હેઠળ ફરજિયાત એવા સંપૂર્ણ સમયના માઈનિંગ એન્જિનિયર અને ભૂસ્તરશાીની નિમણૂક કરવામાં આવી ન હતી.

**₹૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે: દેશી દારૂ આપનાર બળદેવ પગીનું નામ પણ ખુલ્યું**

## ધોલેરા નજીક ભીમ તળાવમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો, બે શખ્સ ગિરફ્તાર

ધંધુકા : ધોલેરા વિસ્તારમાં કથિત દારૂબંધીના કાયદાના ખુલ્લેઆમ ધજાગરા ઉડાડતા બે શખ્સોને ધંધુકા નાયબ પોલીસ અધિક્ષકની ટીમે ભીમ તળાવ ગામની બહારથી વિદેશી દારૂના જથ્થા અને કાર સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓની પૂછપરછમાં આ દેશી-વિદેશી દારૂ સપ્લાય કરનાર અન્ય બે શખ્સોના નામ પણ ખૂલતાં કુલ ચાર શખ્સો વિરુદ્ધ ધોલેરા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ



કરવામાં આવી છે.ધંધુકા નાયબ પોલીસ અધિક્ષકની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, તે દરમિયાન તેમને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ ધોલેરા ખાતે રહેતા સંજયસિંહ નાગદેવસિંહ ચુડાસમા અને ઈંદ્રજીતસિંહ ઉર્ફે વિનુભાઈ લખધીરસિંહ ચુડાસમા ધોલેરા ભીમ તળાવ ગામની બહાર એલ એન્ડ ટીમાં રિન્યુ પાવર તરફ જવાના રોડની બાજુમાં આવેલા એક કન્ટેનરમાં દેશી અને વિદેશી દારૂનું ગેરકાયદેસર વેચાણ કરી રહ્યા હતા.આ બાતમીના આધારે નાયબ પોલીસ અધિક્ષકની ટીમે તુરંત જ ભીમ તળાવ પાસે દરોડો પાડ્યો હતો. કન્ટેનરની અંદર તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.પોલીસે દરોડા દરમિયાન સંજયસિંહ ચુડાસમા અને ઇંદ્રજીતસિંહ ચુડાસમાની ધરપકડ કરી હતી અને સ્થળ પરથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિને લગતો મોટો જથ્થો કબજે લીધો હતો.

**પાણીના નિકાલના અભાવે ખેડૂતોને નુકસાન: ૨૦૦ હેક્ટર જમીનને માઠી અસર**

# વાડદ રોડ પર ગરનાળું ચોકઅપ થતા ૨૦૦ હેક્ટર જમીનનો ઉભો પાક નાશ પામે છે

(એજન્સી) ઠાસરા | તા.08

ખેડા જિલ્લાના ગર્લતેશ્વર તાલુકાના વાડદ રોડ પરથી પસાર થતા રાજ્ય ધોરી માર્ગની બેદરકારીના કારણે અહીંના ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે. ૨૦૧૭માં બનાવેલા આ રોડ પરનું ગરનાળું ચોકઅપ થઈ જવાથી દર વર્ષે ચોમાસામાં લગભગ ૨૦૦ હેક્ટર જમીનના ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ રહે છે. આ પાણીનો યોગ્ય નિકાલ ન થતાં ખેડૂતોના ઊભા પાકનો નાશ થાય છે અને તેમને મોટું ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવે છે. આઠ વર્ષથી ચાલી આવતી આ સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે, તંત્ર દ્વારા હાલમાં જૂના અને પુરાઈ ગયેલા નાળા પર જ નવો ડામર રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, જેનાથી સ્થાનિક ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

ઠાસરા નગરપાલિકાના બળિયાદેવથી નીકળીને



હડમતીયા ઈન્દોર હાઈવેને જોડતા આ મુખ્ય માર્ગ પર આવેલા વાડદ ગામના ખેડૂતો આ સમસ્યાથી ત્રસ્ત છે. ૨૦૧૭માં જ્યારે આ રોડ બન્યો, ત્યારથી જ પાણીના નિકાલની સમસ્યાએ માથું ઊંચક્યું હતું. ખેડૂતોના જણાવ્યા મુજબ, જૂના નાળામાં માટી અને કચરો ભરાઈ જવાના કારણે ગરનાળું ચોકઅપ થઈ ગયું છે, જેનાથી પાણીનો પ્રવાહ સંપૂર્ણપણે અટકી ગયો છે.

સ્થાનિક ખેડૂતોએ જૂના નાળાને તોડીને નવું, સાયફન જેવું મોટું નાળું બનાવવા માટે આઠ વર્ષ પહેલાં ગુજરાત સરકાર સમક્ષ લેખિતમાં રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ સ્ટેટ હાઈવેના અધિકારીઓ સ્થળ તપાસ માટે આવ્યા પણ હતા, પરંતુ તે પછી આઠ વર્ષ વીતી ગયા છતાં જૂના નાળાની સાફ-સફાઈ પણ કરવામાં આવી નથી કે નવું નાળું બનાવવાની કોઈ કામગીરી શરૂ કરાઈ છે.

સ્થાનિકો દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, હાલમાં તંત્ર દ્વારા જૂના, સંપૂર્ણપણે પુરાઈ ગયેલા નાળાને તોડવા કે તેને સાફ કરવાને બદલે, તેની ઉપર જ નવો ડામર રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે આનાથી સમસ્યા ઘટવાને બદલે વધુ ગંભીર બનશે. જો નવા રોડના નિર્માણ પહેલાં ગરનાળું ચોકઅપ દૂર કરવામાં નહીં આવે, તો આવનારા ચોમાસામાં પણ ૨૦૦ હેક્ટર જમીનમાં પાણી ભરાશે અને ખેડૂતોને મોટું ખેડૂતોને નુકસાન વેઠવું પડશે.

**મહાપાલિકાના ફૂડ વિભાગે ઘેર્યું**

## સબસ્ટાન્ડર્ડ રિપોર્ટ આવતા ફૂડ વિભાગે કેસ દાખલ કરવાની તજવીજ શરૂ કરી

ભાવનગર: શહેરના ખાદ્યપદાર્થોમાં ભેળસેળને ડામવા માટે મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સખત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે ચિત્રા વિસ્તારમાં આવેલ જાણીતા શેરે પંજાબ ઢાબાનો પનીરનો નમૂનો લેબોરેટરીમાં તપાસ બાદ સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં ખળભળાટ મચી ગયો છે. મહાપાલિકાએ તુરંત જ ઢાબાના માલિક વિરુદ્ધ આગળની કાયદેસર કાર્યવાહી શરૂ કરી દીધી છે. મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ગ્રાહકોના આરોગ્યની સુરક્ષાના ભાગરૂપે સમયાંતરે ખાદ્યપદાર્થોના નમૂના લેવાની કામગીરી કરવામાં આવતી હોય છે. આ જ ઝુંબેશના ભાગરૂપે ગત તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ચિત્રા વિસ્તારમાં આવેલા શેરે પંજાબ ઢાબામાંથી લૂઝ



પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો. આ નમૂનો વૈજ્ઞાનિક તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો.તાજેતરમાં આ પનીરનો નમૂનો સત્તાવાર રીતે સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે, જે દર્શાવે છે કે પનીરની ગુણવત્તા નિર્ધારિત માપદંડો કરતાં ઘણી ઓછી છે અને તેમાં ભેળસેળ હોવાની શક્યતા છે. આ સબસ્ટાન્ડર્ડ રિપોર્ટ આવતાં જ મહાપાલિકાનું ફૂડ વિભાગ હરકતમાં આવ્યું છે. લોકોની ઉગ્ર માંગ છે કે સરકારે આ બાબતની ગંભીર નોંધ લઈને લેબોરેટરી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેનું આયોજન કરવું જોઈએ.

વર્ષ ૨૦૨૫માં ડોલર નબળો પડતા સોનામાં ૬૦ ટકાથી વધુની રેલી ૨૦૨૬માં પણ મોમેન્ટમ જળવાશે

# ૨૦૨૬માં પણ સોનાનું રોકાણ જબરજસ્ત તેજીમાં રહેશે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનો મોટો અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી | તા 08

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) દ્વારા જારી કરાયેલા એક મહત્ત્વપૂર્ણ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૨૫ દરમિયાન સોનાએ જે મજબૂત તેજી દર્શાવી છે, તે ૨૦૨૬માં પણ ચાલુ રહેવાની અપેક્ષા છે. નિષ્ણાતોના મતે, સતત ચાલતી ભૌગોલિક રાજકીય જોખમની પરિસ્થિતિ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે પીળી ધાતુ (સોનું)માં સોનાનું રોકાણ કરવાની માંગ હજી વધુ વધવાની પૂરેપૂરી સંભાવના છે.અહેવાલ મુજબ, ૨૦૨૬ માટે સોનાનો દૃષ્ટિકોણ અનિશ્ચિત આર્થિક વાતાવરણ દ્વારા ઘડવામાં આવી રહ્યો છે, જેમાંથી હાલમાં રોકાણકારો પસાર થઈ રહ્યા છે. ૨૦૨૫ની જેમ જ, આગામી વર્ષ પણ વૈશ્વિક નાણાકીય બજારોમાં નોંધપાત્ર અસ્થિરતા લાવી શકે છે. જોકે, WGCના વિશ્લેષણ સૂચવે છે કે નરમ આર્થિક વિકાસ, અનુકૂળ નાણાકીય નીતિઓ અને સતત ભૌગોલિક રાજકીય જોખમ જેવા પરિબળો સોનાને ટેકો આપવાની વધુ શક્યતા છે, તેને નબળું પાડવાની નહીં.WGC એ સ્પષ્ટ કર્યું છે કે વર્તમાન સોનાનું રોકાણ, જે આ વર્ષના પ્રદર્શન માટે નિર્ણાયક રહ્યું છે, તેમાં હજુ પણ વૃદ્ધિની શક્યતાઓ છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'જોકે સોનાનો વર્તમાન ભાવ પ્રવર્તમાન મેક્રો ઈકોનોમિક સર્વસંમતિને પ્રતિબિંબિત કરે છે અને રેન્જ-બાઉન્ડ પ્રદર્શન તરફ નિર્દેશ કરે છે, તેમ છતાં નરમ આર્થિક વિકાસ, અનુકૂળ નીતિ વલણ અને સતત ભૌગોલિક રાજકીય જોખમ સોનાને નીચેના દબાણ કરતાં વધુ ટેકો આપવાની શક્યતા છે.'વર્લ્ડ ગોલ્ડ




કાઉન્સિલે નોંધ્યું કે, વૈશ્વિક વાતાવરણમાં જ્યાં આંચકા અને આશ્ચર્ય વધુ વારંવાર બની રહ્યા છે, ત્યાં સોનાની ક્ષમતા રોકાણકારો માટે વૈવિધ્યકરણ (Diversification) અને ડાઉનસાઈડ જોખમો સામે રક્ષણ પૂરું પાડવા માટે અત્યંત સુસંગત રહે છે. અનિશ્ચિત ભૌગોલિક રાજકીય જોખમને કારણે રોકાણકારો બેરિશ પરિસ્થિતિની શક્યતા હોવા છતાં સોનામાં થોડું રોકાણ જાળવી રાખે તેવી સંભાવના છે.

વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાએ ૫૦થી વધુ ઓલ-ટાઈમ હાઈ (સર્વકાલીન ઊંચાઈ) બનાવ્યા હતા અને ૬૦ ટકાથી વધુનો ઉછાળો નોંધાવ્યો હતો. આ પ્રદર્શન તેને ૨૦૨૫માં સૌથી મજબૂત પ્રદર્શન કરનાર અસ્કયામતોમાંથી એક બનાવે છે. આ ઐતિહાસિક તેજી, જે ૧૯૭૧ પછી સોનાનું રોકાણના ચોથા સૌથી મજબૂત વાર્ષિક વળતર બનવા જઈ રહી છે, તેને મુખ્યત્વે બે મેક્રો-લેવલ ડ્રાઈવરો દ્વારા સમર્થન મળ્યું હતું:૧. અત્યંત સક્રિય ભૌગોલિક રાજકીય જોખમ અને ભૌગોલિક આર્થિક વાતાવરણ. ૨. વ્યાપક યુએસ ડોલર નબળો પડવો, સાથે નજીવા નીચા વ્યાજ દરો.

રોકાણની માંગ ઉપરાંત, કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી અને સોનાના રિસાયક્લિંગમાં થતી પ્રવૃત્તિ પણ ભાવને વધુ ટેકો આપી શકે છે. જો કે, WGC એ ચેતવણી આપી છે કે ચોક્કસ પરિસ્થિતિઓમાં આ પરિબળો વિપરીત પરિણામ પણ લાવી શકે છે, જેના કારણે વિવિધ સંભવિત પરિણામો માટે દૃશ્ય-આધારિત આયોજનની જરૂરિયાત વધી છે.સ્થાનિક બજારની વાત કરીએ તો, છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવોમાં ૬૬ ટકાથી વધુનો વધારો થયો છે. હાલમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ આશરે રૂ. ૧,૩૦,૫૪૦ પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ ચાલી રહ્યો છે. આ કિંમત પીળી ધાતુમાં મજબૂત માંગ અને બજારના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

## સેન્સેક્સ 610 પોઈન્ટ અને નિફ્ટીમાં 226 પોઈન્ટનો ઘટાડો થયો

નવી દિલ્હી | 8 ડિસેમ્બર, સોમવાર, સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 610 પોઈન્ટ (0.71%) ઘટીને 85,103 પર બંધ થયો. નિફ્ટી પણ 226 પોઈન્ટ (0.86%) ઘટીને 25,961 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 27 શેર ઘટીને બંધ થયા. BEL, ટ્રેન્ટ અને ઝોમેટોના શેરોમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો, જેમાં 5%નો ઘટાડો થયો. કુલ 19 શેરોમાં 1% થી 5નો ઘટાડો થયો.

નિફ્ટીના 50 માંથી 47 શેર ઘટીને બંધ થયા. NSE પર રિયલ્ટી સેક્ટર સૌથી વધુ ઘટ્યું, જેમાં 3.53% ઘટાડો થયો. મીડિયા, PSU બેંકો અને હેલ્થકેર શેર 3% સુધી ઘટ્યા.

આ દરમિયાન, દેશભરમાં ઈન્ડિગો ક્રાઈસિસને કારણે, કંપનીના શેરમાં 8% ઘટાડો થયો છે. કંપનીનો શેર 4,950 પર ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં, કંપનીના શેરમાં 14%થી વધુનો ઘટાડો થયો છે.

ગ્લોબલ માર્કેટમાં મિશ્ર કારોબાર

એશિયન બજારોમાં જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.03% ઘટીને 50,473 પર અને કોરિયાનો કોસ્પી 0.19% વધીને 4,107 પર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.98% ઘટીને 25,829 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.62% વધીને 3,927.19 પર કારોબાર કરી રહ્યો છે. 5 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.22% વધીને 47,954 પર બંધ થયો.

# News Brief

## ટાટા AIAએ તેના તમામ યુલિપ ફંડમાં બેન્ચમાર્કથી શ્રેષ્ઠ વળતર આપ્યું

(એજન્સી) અમદાવાદ | તા 08

ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ માર્કેટ લિંક્ડ લાઈફ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સના અગ્રણી પ્રદાતા તરીકે તેની સ્થિતિને સતત વધુ મજબૂત બનાવી રહી છે, કેમ કે કંપનીના યુલિપ ફંડ્સ ઈક્વિટી અને હાઈબ્રિડ વર્ગોમાં સતત અને સ્પર્ધાત્મક વળતર આપી રહ્યા છે.

શરૂઆતની તારીખો: ટોપ 200 ફંડ: 12 જાન્યુઆરી 2009, મલ્ટી કેપ ફંડ: 05 ઓક્ટોબર 2015, ઈન્ડિયા કન્ઝમ્પશન ફંડ: 05 ઓક્ટોબર 2015.

આ ફંડ્સ વૈવિધ્યસભર બજાર સેગમેન્ટ્સમાં વ્યાપક પહોંચ અને શિસ્તબદ્ધ રોકાણની પસંદગીના વ્યવસ્થિત માળખાનો લાભ મેળવે છે, જે ગુણવત્તા, સ્થિરતા અને લાંબા ગાળાની કમાણીની સંભાવના પર ભાર મૂકે છે.

પોર્ટફોલિયોની ગુણવત્તા માટે સતત ભાર

ટાટા એઆઈએ જીવન વીમા ક્ષેત્રમાં ઉચ્ચતમ ગુણવત્તાવાળા રોકાણમાંથી એકને જાળવી રાખે છે. ઓક્ટોબર 2025 સુધીમાં, તેની 95%થી વધુ સંચાલન હેઠળની રેટેડ અસ્કયામતોને મોર્નિંગસ્ટાર દ્વારા પાંચ વર્ષના ધોરણે ચાર કે પાંચ સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે, જે ઉદ્યોગની સરેરાશ 30% કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

## પાર્ક મેડી વર્લ્ડ લિમિટેડનો રૂ. 920 કરોડનો આઈપીઓ 10 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ | તા 08

પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 154થી રૂ. 162 નો પ્રાઈઝ બેન્ડ ફિક્સ કરવામાં આવ્યો છે ("Equity Share") બિડ/ઓફર બુધવાર, 10 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે અને શુક્રવાર, 12 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, 9 ડિસેમ્બર, 2025ના રોજ છે બિડ્સ લઘુતમ 92 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 92 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે પાર્ક મેડી વર્લ્ડ લિમિટેડ (the "Company") બુધવાર, 10 ડિસેમ્બર, 2025ના રોજ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર ખોલશે. રૂ. 9,200 મિલિયન (રૂ. 920 કરોડ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સની કુલ ઓફર સાઈઝમાં રૂ. 7,700 મિલિયન (રૂ. 770 કરોડ) સુધીના ફ્રેશ ઈશ્યૂ તથા ડો. અજિત ગુપ્તા (the "Promoter Selling Shareholder") દ્વારા રૂ. 1,500 મિલિયન (રૂ. 150 કરોડ) સુધીના મૂલ્યની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે ("The Total Offer Size"). એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, 9 ડિસેમ્બર, 2025ના રોજ રહેશે.

## શિપવેવ્સ ઓનલાઈન લિમિટેડે ડિજિટલ લોજિસ્ટિક્સ વિસ્તરણને વેગ આપવા માટે આઈપીઓની જાહેરાત કરી

(એજન્સી) મેંગ્લોર | તા 08

અગ્રણી ડિજિટલ ફ્રેઈટ ફોરવર્ડિંગ અને લોજિસ્ટિક્સ ટેક્નોલોજી કંપની શિપવેવ્સ ઓનલાઈન લિમિટેડે તેની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન નોંધાવતા તેના આઈપીઓ લોન્ચિંગની જાહેરાત કરી છે. આ આઈપીઓ 10 ડિસેમ્બર, 2025ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખુલશે અને 12 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે. કંપનીના ઈક્વિટી શેર્સનું બીએસઈ લિમિટેડના એસએમઈ પ્લેટફોર્મ (બીએસઈ એસએમઈ) પર લિસ્ટિંગ કરવાની યોજના છે.કંપની પ્રત્યેક રૂ. 12ની ફિક્સ્ડ ઈશ્યૂ પ્રાઈઝ પર 4.69 કરોડ ઈક્વિટી શેર્સ ઓફર કરી રહી છે જેનું કુલ મૂલ્ય રૂ. 5,635.20 લાખ છે. આઈપીઓમાંથી મળનારી આવકનો કાર્યશીલ મૂડીની જરૂરિયાતો પૂરી કરવા, તેની ઓપરેશનલ જરૂરિયાતો માટે કંપનીની પેટાકંપનીમાં રોકાણ કરવા, ચોક્કસ બાકી દેવાની ચુકવણી કે પૂર્વચુકવણી કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ખર્ચ કરવામાં આવશે જેમાં ઈશ્યૂ સંબંધિત ખર્ચ પણ સમાવિષ્ટ છે.શિપવેવ્સ ઓનલાઈન લિમિટેડે વ્યાપક મલ્ટીમોડલ લોજિસ્ટિક્સ પ્લેટપોર્મ તરીકે પોતાનું સ્થાન જમાવ્યું છે જે દરિયાઈ માર્ગે, જમીન માર્ગે અને હવાઈ માર્ગે ફ્રેઈટ સોલ્યુશન્સ પૂરા પાડે છે.

## એરિઓન એસેટ મેનેજમેન્ટની કેટેગરી 1 સ્પેશિયલ સિચ્યુએશન ફંડ હેઠળ રૂ. 500 કરોડની સ્કીમ IVને બહોળો પ્રતિસાદ

(એજન્સી) મુંબઈ | તા 08

એરિઓન ગ્રૂપની એઆઈએફ એરિઓન એસેટ મેનેજમેન્ટ કંપનીએ સેબીની મંજૂરી સાથે લોન્ચ કરેલી કેટેગરી 1 સ્પેશિયલ સિચ્યુએશન ફંડ અંતર્ગત તેની સ્કીમ IVને બહોળો પ્રતિસાદ મળ્યો હતો, આ સ્કીમમાં તેના રૂ. 500 કરોડના કુલ કોર્પસ કરતાં 25 ટકાથી વધુ ફંડ એકત્ર કરવામાં સફળતા મળી હતી. કંપનીની અલ્ટ્રા હાઈ નેટવર્થ ધરાવતા રોકાણકારો અને અગ્રણી ફેમિલી ઓફિસ દ્વારા સૌથી રૂચિ ધરાવતી આ સ્કીમ મારફત નાણાકીય વર્ષ 2025-26ના અંત સુધીમાં બીજા તબક્કામાં ફંડ એકત્ર કરવાની અપેક્ષા હતી. પરંતુ, આ ફંડે પહેલાંથી જ સુરક્ષિત તણાવગ્રસ્ત સંપત્તિમાં મૂડી એકત્ર કરવાનું શરૂ કરી દીધુ હતું.એરિઓન એએમસીએ 2019 માં એઆઈએફ ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો અને ત્યારથી સફળતાપૂર્વક કેટેગરી I ફંડ અને કેટેગરી II ફંડ લોન્ચ કરી એક મજબૂત મલ્ટી-ફંડ પ્લેટફોર્મ બન્યું છે. શરૂઆતથી 30 નવેમ્બર, 2025 સુધીમાં એરિઓન એએમસીએ સ્પેશિયલ સિચ્યુએશન એસેટ્સમાં રૂ. 3000 કરોડ જમા કર્યા છે.

## વૈશ્વિક પડકારોનો સામનો કરવા RBI રેટ કટ નો વિકલ્પ ખુલ્લો રાખશે

મુંબઈ : ડિસેમ્બરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો નીતિગત વ્યાજ દરમાં ઘટાડો કર્યા બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) વૈશ્વિક પડકારો ભારતના વિકાસના દૃષ્ટિકોણ પર ગંભીર અસર કરે તો વધુ નાણાકીય છૂટછાટ (Monetary Easing)નો વિકલ્પ ખુલ્લો રાખે તેવી શક્યતા છે. કેરએજ રેટિંગ્સ દ્વારા જાહેર કરાયેલા અહેવાલમાં આ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અહેવાલ દર્શાવે છે કે, એક તરફ સરકાર દ્વારા જીએસટી દરોના તર્કસંગતકરણ અને નીચા આવકવેરાના બોજ દ્વારા રાજકોષીય મોરચે રાહત આપવામાં આવી છે. જોકે, હવે વધુ રાજકોષીય (Fiscal) ટેકા માટે મર્યાદિત અવકાશ હોવાથી, જો વૃદ્ધિની સ્થિતિ બગડે તો જવાબદારી નાણાકીય નીતિ તરફ વળી શકે છે. કેરએજ રિપોર્ટ સ્પષ્ટપણે જણાવે છે કે, 'વધુ રાજકોષીય પ્રોત્સાહનો માટે મર્યાદિત અવકાશ જોતાં, RBI રેટ કટનો વિકલ્પ ખુલ્લો રાખે તેવી શક્યતા છે.

નાના અને મધ્યમ સાહસોમાં ધિરાણનો વેગ વધ્યો

## MSME ધિરાણ વૃદ્ધિ સતત વધી જોખમ પ્રોફાઈલમાં સુધારો નોંધાયો

મુંબઈ : ભારતમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ સાહસો (MSME) ને ધિરાણ આપતી કંપનીઓએ ધિરાણ વૃદ્ધિમાં સ્થિરતા જાળવી છે અને તેમના જોખમ પ્રોફાઈલમાં સુધારો નોંધ્યો છે. CRIF હાઈ માર્ક રિપોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના MSMEx સ્પોટલાઈટ રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. આ અહેવાલ ભારતની MSME ધિરાણ વૃદ્ધિ (૧૦૦ કરોડ સુધી) ના લેન્ડસ્કેપનો વિગતવાર અભ્યાસ કરે છે, જે સ્થિર પોર્ટફોલિયો વિસ્તરણ, ધીરાણ લેનારાના ઔપચારિકરણ અને ધિરાણકર્તાના શિસ્તબદ્ધ વ્યવહારથી આકાર પામેલા ધિરાણ વાતાવરણ પર ભાર મૂકે છે. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં, ભારતનું MSMEx ધિરાણ ૪૩.૩ લાખ કરોડ પર પહોંચ્યું છે, જે વાર્ષિક ધોરણે ૧૭.૮ ટકાની મજબૂત MSME ધિરાણ વૃદ્ધિ દર્શાવે છે. જોકે ત્રિમાસિક ધોરણે (જૂન ૨૦૨૫: ૪૩.૪ લાખ કરોડ) આ આંકડો સ્થિર રહ્યો છે. રિપોર્ટ અનુસાર, પોર્ટફોલિયો વૃદ્ધિ ધીરાણ લેનારાઓના વિસ્તરણ કરતાં વધુ ઝડપી છે, જે મોટા ટિકિટ-સાઈઝ ધિરાણ અને ગ્રાહક પ્રોફાઈલના પરિપક્વતા તરફના વલણને સૂચવે છે. નાના અને મધ્યમ સાહસો ના સેગમેન્ટ ધિરાણના દ્રષ્ટિકોણથી સૌથી મોટા યોગદાનકર્તા તરીકે ઉભરી આવ્યા છે.નાના સાહસો એક વર્ષમાં તેમનો કુલ ધિરાણ એક્સપોઝરમાં હિસ્સો ૩૮.૪ ટકાથી વધીને ૩૯.૫ ટકા થયો છે, જે ત્રિમાસિક ધોરણે પણ સુધારો દર્શાવે છે.

રિપ્લેસમેન્ટ સાયકલ સાત વર્ષથી વધુ લંબાઈ: જૂના વાહનો પર કંપનીઓનો મદાર

## કોમર્શિયલ વાહન માંગની રફ્તાર ધીમી રહી ૨૦૨૬માં વૃદ્ધિની આશા

નવી દિલ્હી: ભારતમાં કોમર્શિયલ વાહન માંગ હવે તહેવારોની મોસમનો ટેકો ગુમાવ્યા બાદ ધીમી ગતિએ આગળ વધી રહી છે. ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચ (Ind-Ra) ના એક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ઉત્તરાર્ધ (બીજા છ માસિક ગાળા) દરમિયાન આ માંગ ધીમી પુનઃપ્રાપ્તિના તબક્કામાં રહેવાની અપેક્ષા છે, જેમાં મુખ્યત્વે નાના લાઈટ કોમર્શિયલ વાહનો (LCVs) વૃદ્ધિનું નેતૃત્વ કરશે. મધ્યમ અને ભારે કોમર્શિયલ વાહનો (MHCV) નું વેચાણ વોલ્યુમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત વૃદ્ધિ કાર્યોના



અમલ અને નૂરની સ્થિરતા પર આધારિત રહેશે. રેટિંગ એજન્સીએ જણાવ્યું છે કે આ ઉદ્યોગ માટેનો આઉટલૂક 'સ્થિર' છે, પરંતુ 'માળખાગત વિપરીત પરિબળો' (structural headwinds) ને કારણે આગામી છ થી નવ મહિનામાં કોઈપણ તીવ્ર તેજી મર્યાદિત રહેવાની શક્યતા છે.નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ માસિક ગાળામાં, તહેવારોની ખરીદી અને GST સંબંધિત લાભો દ્વારા ટેકો મળવા છતાં કોમર્શિયલ વાહન માંગમાં માત્ર સ્થિરતા જોવા મળી હતી. આ છ માસિક ગાળામાં MHCVsમાં ૫.૨% અને LCVsમાં ૫.૩% ની હળવી વૃદ્ધિ નોંધાઈ હતી.Ind-Ra ના ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂશન્સના ડિરેક્ટર કરણ ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'રિપ્લેસમેન્ટ સાયકલ, જે ઐતિહાસિક રીતે MHCV માંગનું મુખ્ય ચાલક રહી છે, તે હવે સાત વર્ષથી વધુ લંબાઈ ગઈ છે. આ ટ્રેન્ડ છેલ્લે ૨૦૧૮-૧૯માં જોવા મળ્યો હતો.

## મેમરી ચિપ બજારમાં વધતી માંગ અને ઊંચા ભાવોને કારણે સેમસંગની કમાણી વધશે

સિઓલ : દક્ષિણ કોરિયાની દિગ્ગજ ચિપમેકર કંપની સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ આ વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં વૈશ્વિક DRAM (ડાયનેમિક રેન્ડમ એક્સેસ મેમરી) બજારમાં ફરીથી ટોચનું સ્થાન હાંસલ કરવા માટે તૈયાર છે. મેઈલ બિઝનેસ ન્યૂઝ કોરિયાના અંગ્રેજી અખબાર 'પલ્સ'ના અહેવાલ મુજબ, વધતી માંગ અને કોમોડિટી મેમરીના ઊંચા ભાવોને કારણે સેમસંગના ઓપરેટિંગ માર્જિનમાં સુધારો થઈ રહ્યો છે, જે તેને આ સફળતા તરફ દોરી જશે.બજારના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સેમસંગ ઈલેક્ટ્રોનિક્સનો ચોથા ત્રિમાસિક ગાળામાં ઓપરેટિંગ નફો $૧૨.૫ બિલિયન (લગભગ ૧૮.૪ ટ્રિલિયન વૉન) રહેવાનો અંદાજ છે, જે બજારના સામાન્ય અનુમાન ૧૫.૭ ટ્રિલિન વૉન કરતાં ઘણો વધારે છે. આ આંકડાઓ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ માટે એક મોટો ઐતિહાસિક કિર્તીમાન સ્થાપિત કરી શકે છે. જો કંપની ૧૮ ટ્રિલિયન વૉનની રેન્જમાં ઓપરેટિંગ નફો નોંધાવે છે.

હોંગકોંગ પછી ભારત બીજા ક્રમે

## અમેરિકા અને યુરોપ કરતાં ભારતીય બેંકોની મજબૂત મૂડી સ્થિતિ: મૂડીઝનો રિપોર્ટ

નવી દિલ્હી: ભારત સહિત એશિયા-પેસિફિક ક્ષેત્રની બેંકોએ યુનાઈટેડ સ્ટેટ્સ અને પશ્ચિમી યુરોપમાં તેમની સમકક્ષ બેંકોની તુલનામાં વધુ મજબૂત મૂડી સ્થિતિનું નિર્માણ કર્યું છે. આ વાત મૂડીઝ (Moody's) દ્વારા તાજેતરમાં પ્રકાશિત કરવામાં આવેલા સર્વે રિપોર્ટમાં પ્રકાશિત કરવામાં આવી છે. આ સર્વેમાં મુખ્યત્વે ભારતમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એક્સિસ બેંક, ICICI બેંક અને HDFC બેંક સહિત આઠ મુખ્ય એશિયા-પેસિફિક બેંકિંગ પ્રણાલીઓની કુલ ૩૫ બેંકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે તેમના બજારની કુલ અસ્કયામતોના લગભગ ૭૫ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. સર્વે દર્શાવે છે કે એશિયા-પેસિફિક ક્ષેત્રની સૌથી મોટી બેંકોએ સમજદાર નિયમનકારી દેખરેખ હેઠળ મજબૂત મૂડી સ્થિતિ ઊભી કરી છે. આ પ્રદેશની બેંકોની જોખમ-ભારિત અસ્કયામતો ઘનતા, છેલ્લા ૧૦ વર્ષના ક્રેડિટ લોસ (ધિરાણ નુકસાન) સાથે સુસંગત છે,રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૨૦૨૪ના અંત સુધીમાં, સર્વેમાં સમાવિષ્ટ હોંગકોંગ, ભારત અને કોરિયાની મોટી બેંકોનો સરેરાશ રિપોર્ટેડ CET1 મૂડી પર્યાપ્તતા ગુણોત્તર અનુક્રમે ૧૮.૦ ટકા, ૧૪.૭ ટકા અને ૧૪.૫ ટકા હતો. આ ગુણોત્તર યુ.એસ.ની ચાર સૌથી મોટી બેંકોના ૧૩.૫ ટકા અને પશ્ચિમી યુરોપની ટોચની છ બેંકોના ૧૩.૮ ટકા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. આમ, હોંગકોંગ પછી ભારતીય બેંકોની મજબૂત મૂડી સ્થિતિ બીજા ક્રમે છે. જોકે, સરકારી માલિકીની બેંકો ખાનગી બેંકો કરતાં બંને મેટ્રિક્સમાં નબળી રહે છે.જોખમ ભારિત અસ્કયામતો (RWA) એ બેંકની અસ્કયામતો છે જે જોખમના સ્તરો માટે સમાયોજિત કરવામાં આવે છે. જે લોન અથવા રોકાણને જોખમી માનવામાં આવે છે, તેને ઊંચું ભારણ સોંપવામાં આવે છે.

## બજાર પર ફેડ રેટ કટ નું વર્ચસ્વ વૈશ્વિક સંકેતો પર નજર

મુંબઈ : ભારતીય શેરબજારમાં છેલ્લા સપ્તાહમાં જોવા મળેલી તેજી બાદ ફરી સપાટ હલચલ જોવા મળી રહી છે. સોમવારે સ્થાનિક ઈન્ડેક્સ સામાન્ય ઘટાડા સાથે ખુલ્યા, કારણ કે રોકાણકારોએ ૯-૧૦ ડિસેમ્બરના રોજ યોજાનારી યુએસ ફેડરલ રિઝર્વની બેઠક પહેલા સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું. ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંકોમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યાં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૬,૧૫૯.૮૦ પર -૨૬.૬૫ પોઈન્ટ્સ (-૦.૧૦ ટકા)ના ઘટાડા સાથે ખુલ્યો, જ્યારે બીએસઈ સેન્સેક્સ ૮૫,૬૨૪.૮૪ પર -૮૭.૫૩ પોઈન્ટ્સ (-૦.૧૦ ટકા)ના ઘટાડા સાથે શરૂ થયો હતો.બજારના નિષ્ણાતો માને છે કે ભારતના સ્થાનિક ફંડામેન્ટલ્સ મજબૂત છે અને તાજેતરના આરબીઆઈ રેટ કટે બજારને વધુ ટેકો આપ્યો છે. જોકે, રોકાણકારો વર્ષના અંતની તેજીમાં નિર્ણાયક રીતે ભાગ લેતા પહેલા ટેરિફ-સંબંધિત મુદ્દાઓ પર નક્કર વિકાસની રાહ જોઈ રહ્યા છે. આ સપ્તાહે ફેડ રેટ કટનો નિર્ણય વૈશ્વિક બજારો માટે સૌથી મોટો અને પ્રભાવશાળી વિષય બની રહેશે. યુએસ વેપાર પ્રતિનિધિમંડળની મુલાકાતથી ટેરિફ મોરચે પણ રાહત મળવાની આશા વધી છે.

વચેટિયાઓના ભૂતકાળના વળતરનો દાવો હવે ચકાસણી પછી જ રજૂ કરી શકાશે

## રોકાણકાર સુરક્ષા સુનિશ્ચિત કરવા SEBI દ્વારા પાયોનિયર મિકેનિઝમનું લોન્ચિંગ

નવી દિલ્હી: ભારતમાં રોકાણકાર સુરક્ષા અને નાણાકીય બજારોમાં પારદર્શિતા લાવવાની દિશામાં એક મોટું પગલું ભરતા, SEBI (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) એ 'પાસ્ટ રિસ્ક એન્ડ રિટર્ન વેરિફિકેશન એજન્સી (PaRRVA)' નું અનાવરણ કર્યું છે. આ એક પ્રકારની વૈશ્વિક પહેલ છે, જેનાથી રોકાણકારોને હવે બજારના વચેટિયાઓના સ્વતંત્ર રીતે ચકાસાયેલા ભૂતકાળના વળતરનો ડેટા પ્રાપ્ત થશે. નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) અને કેરએજ રેટિંગ્સ ની ભાગીદારીમાં શરૂ કરાયેલી આ SEBI PaRRVA પહેલ રોકાણ સલાહકારો (IAs), સંશોધન વિશ્લેષકો (RAs) અને અન્ય નોંધાયેલા વચેટિયાઓ દ્વારા કરવામાં આવતા ભૂતકાળના વળતરનો દાવો ને માન્ય કરવા માટે એક માનક માળખું રજૂ કરે છે.SEBIના અધ્યક્ષ તુહિન કાન્તા પાંડેએ નોંધ્યું કે SEBI PaRRVA પહેલ એ ચકાસાયેલા, અતિશયોક્તિપૂર્ણ અથવા ગેરમાર્ગે દોરનારા ભૂતકાળના વળતરનો દાવો ની વધતી જતી સમસ્યાને સીધી રીતે સંબોધે છે, જે રોકાણકારોના નિર્ણયોને પ્રભાવિત કરે છે, ખાસ કરીને અનરજિસ્ટર્ડ બજાર એકમો દ્વારા.SEBIના અધ્યક્ષે જણાવ્યું, 'અમે ભારતના સિક્યોરિટીઝ બજારની અખંડિતતા અને પારદર્શિતાને મજબૂત કરવા માટે આજે એક મહત્વપૂર્ણ પગલું લઈ રહ્યા છીએ. SEBI PaRRVA પહેલ SEBI રજિસ્ટર્ડ વચેટિયાઓને રોકાણકારો સમક્ષ ચકાસાયેલું ભૂતકાળનું વળતર રજૂ કરવા માટે એક અગ્રણી પદ્ધતિ રજૂ કરે છે.'હાલના નિયમો SEBI-નોંધાયેલ વચેટિયાઓને કાયદેસર હોવા છતાં પણ ભૂતકાળનો દેખાવ રજૂ કરવાથી અટકાવે છે. આનાથી એક અસમાન સ્પર્ધાનું ક્ષેત્ર ઊભું થયું છે જ્યાં અનરજિસ્ટર્ડ ખેલાડીઓ ચકાસણી વગરના ઊંચા વળતરની જાહેરાત કરે છે, જે અજાણ્યા રોકાણકારોને આકર્ષે છે. બીજી તરફ, SEBI-નિયંત્રિત સાચા વચેટિયાઓ તેમનો વાસ્તવિક ટ્રેક રેકોર્ડ રજૂ કરી શકતા નથી, જે રોકાણકારોના વિશ્વાસ અને જાણકાર નિર્ણય લેવાની પ્રક્રિયાને મર્યાદિત કરે છે. SEBI PaRRVA પહેલ એક સ્વતંત્ર ચકાસણી પદ્ધતિ છે જે નિયમનિત સંસ્થાઓને અધિકૃત, માન્ય પ્રદર્શન ડેટા રજૂ કરવા સક્ષમ બનાવે છે, જ્યારે રોકાણકારોને જોખમમાં મૂકતા ગેરમાર્ગે દોરતા દાવાઓને દૂર કરે છે. SEBIના તાજેતરના રોકાણકાર સર્વેક્ષણમાં પણ બહાર આવ્યું છે કે માત્ર ૩૬ ટકા રોકાણકારો જ પૂરતું બજાર જ્ઞાન ધરાવે છે, જ્યારે ૬૨ ટકાથી વધુ સંભવિત રોકાણકારો 'પ્રભાવકો' પર આધાર રાખે છે.

ગુજરાત અને આંધ્ર પ્રદેશ પણ સંભવિત ઉમેદવાર

## દક્ષિણ કોરિયાની HD હ્યુન્ડાઈ શિપયાર્ડ ભારતમાં સ્થાપવા મક્કમ તમિળનાડુ સાથે સમજૂતી

નવી દિલ્હી: દક્ષિણ કોરિયાના અગ્રણી સમૂહ HD હ્યુન્ડાઈ એ ભારતમાં એક નવું શિપયાર્ડ સ્થાપવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. મીડિયા અહેવાલ મુજબ, HD હ્યુન્ડાઈ એ રવિવારે દક્ષિણ તમિળનાડુના મધુરૈ ખાતે રાજ્ય સરકાર સાથે નવા શિપયાર્ડના બાંધકામ માટે એક વિશિષ્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાની જાહેરાત સોમવારે કરી હતી. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી શિપબિલ્ડિંગ હબ અને મેરીટાઈમ શક્તિ બનવા માટે વર્તમાન શિપયાર્ડના વિસ્તરણ અને નવા શિપયાર્ડના નિર્માણની સક્રિયપણે સમીક્ષા કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, નવા શિપયાર્ડના વિકાસ માટે ગુજરાત, આંધ્ર પ્રદેશની સાથે તમિળનાડુની પણ સંભવિત રાજ્યો તરીકે પસંદગી કરવામાં આવી છે. જો તમિળનાડુ આ નવા શિપયાર્ડ માટે સ્થળ તરીકે નિશ્ચિત થાય છે, તો HD હ્યુન્ડાઈ શિપયાર્ડ ભારતમાં ના વિકાસમાં મુખ્ય ભાગીદાર બનવા માટે એક મજબૂત દાવેદાર બની જશે.ભારતીય મીડિયા




અહેવાલને ટાંકીને, આ પ્રોજેક્ટનું મૂલ્ય આશરે ૨ અબજ યુએસ ડોલર જેટલું થવાની અપેક્ષા છે. જોકે, HD હ્યુન્ડાઈ દ્વારા હાલમાં રોકાણની પદ્ધતિ અને સ્કેલ નક્કી કરવામાં આવ્યો નથી.HD હ્યુન્ડાઈ એ ભારપૂર્વક જણાવ્યું કે તમિળનાડુના થૂથુકુડી (Thoothukudi) પ્રદેશને શિપયાર્ડ માટે શ્રેષ્ઠ સ્થળ માનવામાં આવે છે. આનું મુખ્ય કારણ એ છે કે અહીંની આબોહવા અને વરસાદની સ્થિતિ ઉલ્સા (દક્ષિણ કોરિયા) - જ્યાં HD હ્યુન્ડાઈ હેવી ઈન્ડસ્ટ્રીઝ કંપની આવેલી છે - તેના જેવી જ છે, તેમજ નજીકની બંદર સુવિધાઓ માટે મોટા પાયે રોકાણની યોજનાઓ પણ છે. આ બાબતો તમિળનાડુ શિપયાર્ડ પ્રોજેક્ટ ને વધુ આકર્ષક બનાવે છે.HD હ્યુન્ડાઈ શિપયાર્ડ ભારતમાં ના પ્રોજેક્ટ ઉપરાંત, કંપનીએ અન્ય ક્ષેત્રોમાં પણ સહયોગ વધાર્યો છે. આ મહિનાની શરૂઆતમાં, HD હ્યુન્ડાઈ એ ભારતના સંરક્ષણ મંત્રાલય હેઠળની જાહેર ક્ષેત્રની કંપની BEML લિમિટેડ સાથે ક્રેન વ્યવસાય સહયોગને વિસ્તારવા માટે એક વેપારી સહકાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.કંપની BEML સાથે ક્રેન ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા - ડિઝાઈન, ઉત્પાદન અને ગુણવત્તા ખાતરી - માં કામ કરશે અને ભવિષ્યમાં ભારતીય શિપયાર્ડ્સને ગોલિયાથ અને જિબ ક્રેન્સ સપ્લાય કરવાની યોજના ધરાવે છે. આ ઉપરાંત, જુલાઈમાં, HD હ્યુન્ડાઈ એ ભારતના સૌથી મોટા સરકારી શિપબિલ્ડર, કોચીન શિપયાર્ડ સાથે શિપબિલ્ડિંગ ક્ષેત્રે લાંબા ગાળાના સહકાર માટે એક વ્યાપક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ-05

# ઈન્ડિગો દ્વારા બંધક બનાવેલ દેશ

આ કેવો દેશ છે? આ કેવો સરકાર અને વ્યવસ્થા છે? શું સરકાર એરલાઈન્સની ઈચ્છાઓ સામે ઝૂકીને સામાન્ય મુસાફરોને બંધક બનાવી શકે છે? શનિવારે પણ 800 થી વધુ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. વડા પ્રધાન કાર્યાલયે કંપનીના સીઈઓ સાથે વાત કરી અને ચેતવણી જારી કરી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઈન્ડિગોના ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને અસરગ્રસ્ત મુસાફરોને રવિવાર, 7 ડિસેમ્બરના રોજ રાત્રે 8 વાગ્યા સુધીમાં રિફંડ મળે તે સુનિશ્ચિત કરવા માટે નોટિસ જારી કરી હતી. આપણે જોઈશું કે આ એલ્ટીમેટમની શું અસર થઈ. સંસદીય સમિતિ પણ ગુસ્સે થઈ હતી. તેણે મંત્રાલય, ડીજીસીએ અને ઈન્ડિગોના અધિકારીઓને બોલાવ્યા. શું થયું? આ બધી પ્રવૃત્તિ ત્યારે પ્રકાશમાં આવી જ્યારે ઈન્ડિગોએ છેલ્લા ચાર દિવસમાં 2,694 ફ્લાઈટ્સ રદ કરી, જેના કારણે 483,600 થી વધુ મુસાફરો વ્યથિત, વ્યથિત અને વ્યથિત થઈ ગયા. આ કેવો તમાશો હતો? કેટલાક લોકો એરપોર્ટ પર વેરવિખેર થઈ ગયા, કેટલાકને ખાવા-પીવાનું મળ્યું નહીં, અને કેટલાકનો સામાન ખોવાઈ ગયો. ભારે અનિશ્ચિતતા, અરાજકતા...! છતાં, ઈન્ડિગોને સજા કરવામાં આવી નથી. શા માટે? સરકાર કેમ લાચાર લાગે છે? લોકશાહીમાં, સરકાર જવાબદાર છે, કારણ કે દેશ તેને ચૂંટ્યું છે. ઈન્ડિગોને ઓછામાં ઓછા 500 કરોડનો દંડ ફટકારવો જોઈતો હતો, અને તે રકમ અસરગ્રસ્ત મુસાફરોના ખાતામાં જમા થવી જોઈતી હતી. એરલાઈન્સ ફક્ત નફાખોરી માટે નથી. તેઓ હવાઈ સેવાઓ પૂરી પાડવા માટે છે, અને સરકાર તે સેવાઓ માટે ભાડા નક્કી કરે છે. આ કેવા પ્રકારનું કાળાબજાર છે જેના કારણે ઈન્ડિગોની ફ્લાઈટ્સ રદ થઈ છે જ્યારે અન્ય એરલાઈન્સે ભાડામાં અનેક ગણો વધારો કર્યો છે? શું આ દેશમાં કોઈ સરકાર, મંત્રાલય, નિયમો કે નિયમો છે? ઈન્ડિગોએ 2024-25માં આ દેશના મુસાફરો પાસેથી 7,258 કરોડનો નફો કમાયો હતો. તો, તે જ એરલાઈન દેશના મુસાફરોને કેવી રીતે બંધક બનાવી શકે છે? આવી કંપનીને શા માટે મુક્તિ આપવામાં આવી રહી છે? સરકાર શેનાથી ડરે છે? તપાસ પર કેવી રીતે વિશ્વાસ કરી શકાય? કોઈના લગ્ન હતા, કોઈને ઈન્ટરવ્યૂ માટે જવું પડ્યું, કોઈને બિઝનેસ મીટિંગ હતી, કોઈને વિઝા લેવા પડ્યા, અને કોઈના વૃદ્ધ માતા-પિતા બીમાર હતા અથવા શોક હવામાં હતો. ઈન્ડિગોની ઈચ્છાશક્તિએ બધું બરબાદ કરી દીધું. બધું તૂટી ગયું. પૈસા વેડફાયા, સતત આંસુ અને રડ્યા. સરેરાશ મુસાફર બીજું શું કરી શકે? શું એક એરલાઈનને આટલી 'ખલનાયક' બનવાની મંજૂરી આપી શકાય? ઉડ્ડયન ક્ષેત્રમાં ઈન્ડિગોનો હિસ્સો 62% થી વધુ કેમ થવા દેવામાં આવ્યો? શાસક પક્ષને કરોડો રૂપિયાના ચૂંટણી દાન અને બજાર પર એકાધિકાર બનાવવાનું લાઈસન્સ...! શું એરલાઈન્સ આ દેશમાં આ રીતે કાર્યરત રહેશે? શું કોઈ દેશ મુસાફરોને ઉડાનનું સ્વપ્ન વેચીને અને પછી તેમને બંધક બનાવીને 'વિકસિત' બની શકે છે? ભારત, અલબત્ત, ટ્રિલિયન ડોલરના દ્રષ્ટિએ વિકસિત દેશ બની શકે છે, પરંતુ માનસિક, સામાજિક, સુવિધા અને વ્યાવસાયિક જીવનની દ્રષ્ટિએ, ભારત 'અવિકસિત' રહેશે. ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સના ઉદાહરણો બધા માટે સ્પષ્ટ છે. ચીનની ટોચની ત્રણ એરલાઈન્સનો સંયુક્ત બજાર હિસ્સો 60% કરતા ઓછો છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં, ટોચની ચાર કંપનીઓનો બજાર હિસ્સો લગભગ 75% છે.

## 5 મહિનામાં ₹3 કરોડના વિકાસકામો | સેવાળા ગામે વિકાસની ગંગા વહેવડાવી

# 33 વર્ષીય 'યુવા સરપંચ'ના વિઝને 5 મહિનામાં બદલી ગામની કાયાપલટ

નિતીન ઠાકર | ચાણસ્મા તા.08

શહેરોની મોટી વાતો છોડો, જરા ગામડાની વાત સાંભળો. ગુજરાતના ચાણસ્મા તાલુકાનું સેવાળા ગામ આજે દેશભરના નેતાઓ માટે એક મિસાલ બની ગયું છે. જ્યાં સરપંચનું નામ સાંભળીને લોકો ફરિયાદ કરતા હતા, ત્યાં હવે ગામવાળા ગર્વથી કહે છે: 'આ અમારો અજીતભાઈ છે!' માત્ર 33 વર્ષની ઉંમરે સરપંચ બનેલા અજીત દેસાઈએ છેલ્લા પાંચ મહિનામાં એવું કામ કરી બતાવ્યું છે, જે મોટા-મોટા નેતાઓ દાયકાઓમાં નથીકરીશક્યા. પદભારસંભાળ્યાના ગણતરીના મહિનાઓમાં, આ યુવા સરપંચે ગામમાં અઢીથી ત્રણ કરોડ રૂપિયાના વિકાસ કાર્યો પૂરા કરીને, બતાવી દીધું કે ભણેલો યુવાન સત્તામાં આવે તો શું થાય. સેવાળા ગામમાં જ્યાં આંતરિક સીસી રોડ અને પીવાના પાણીની પાઈપલાઈનની સમસ્યા



વર્ષો જૂની હતી, ત્યાં આજે દરેક ઘર સુધી શુદ્ધ પાણી પહોંચી રહ્યું છે અને ગલીઓ પાક્કા રસ્તાથી શોભી રહી છે. આ કામો માટે 3 કરોડનો ખર્ચ થયો છે. અજીતભાઈ દેસાઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત હોવાથી અધિકારીઓ સાથેની તેમની વાતચીતની શૈલી બિલકુલ અલગ છે. તેમની આગવી સૂઝ અને મક્કમતાને કારણે સરકારી યોજનાઓનો લાભ ગામને તુરંત મળ્યો. અજીતભાઈનો દિલધડક નિર્ણય ત્યારે આવ્યો જ્યારે નવીન પંચાયત માટે 10% રકમ લોકફાળા તરીકે ભરવાની હતી. તેમણે એક પળનો પણ વિચાર કર્યા વિના તત્કાલ આ રકમ જમા કરાવી દીધી. આના પરિણામે ગામમાં નવો બોર બન્યો અને પાણીની કાયમી સમસ્યા ખતમ થઈ ગઈ! ગામલોકો કહે છે કે, 'અજીતભાઈએ અમને આજીવન પાણીની ચિંતામાંથી મુક્ત કરી દીધા.'

વિકાસની ગંગા ફક્ત રસ્તાઓ સુધી સીમિત નથી. આ યુવા સરપંચે ગામના મજૂર વર્ગની પણ ચિંતા કરી. મનરેગા યોજના હેઠળ તળાવ ઊંડું કરવા જેવા કામો કરાવીને તેમણે સ્થાનિક લોકોને રોજગારી આપી છે. અત્યારે ગામનું તળાવ નર્મદા યોજનાના પાણીથી ભરવામાં આવે તે માટે રાજ્ય સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત ચાલી રહી છે, જે આ યુવાનની દૂરંદેશી દર્શાવે છે.

અને હા, આવનારા દિવસોમાં સેવાળા ગામની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા નાખવાની તૈયારી પણ પૂરી થઈ ગઈ છે. એક ભણેલો, લાગણીશીલ અને વિઝનરી યુવા સરપંચ પોતાના ગામને આધુનિક બનાવી રહ્યો છે. ગામલોકોના પ્રેમ અને સહકારથી અજીતભાઈ દેસાઈ ફક્ત એક સરપંચ નથી, પરંતુ ગુજરાતના યુવાનો માટે એક પ્રેરણા બની ગયા છે. આ કામો સાબિત કરે છે કે સત્તા સેવા માટે હોય છે, સ્વાર્થ માટે નહીં.

## સાંઈબાબાના દરબારમાં 25 ગામોના ભક્તો ઉમટ્યા

# ચાણસ્મા ખાતે માગસર મહિનામાં સાંઈ ભક્તોએ ધર્મની ધજા ફરકાવી

નિતીન ઠાકર | ચાણસ્મા તા.08



શહેનશાહ-એ-હિન્દ, શ્રી સાંઈબાબાનો જયકાર છેલ્લા ત્રણ દિવસથી ચાણસ્મા-મહેસાણા હાઈવે પર ગુંજી રહ્યો હતો. ધર્મ અને આસ્થાનો આ અલૌકિક સંગમ હતો. સાંઈ ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સાંઈબાબા મંદિરના ૨૭મા ત્રિદિવસીય પાટોત્સવની ઉજવણી એટલા ઉમંગ અને ભાવથી કરવામાં આવી કે આખું વાતાવરણ ભક્તિમય બની ગયું. માગસર વદ - ૩ થી શરૂ થઈને માગસર વદ-૫ એટલે કે ૬ઠ્ઠી ડિસેમ્બરથી ૮ ડિસેમ્બર દરમિયાન આ ધાર્મિક કાર્યક્રમોની એવી શૃંખલા યોજાઈ, જેણે હજારો ભક્તોને ધન્યતાનો અનુભવ કરાવ્યો. શું તમે ક્યારેય ભક્તિનો આવો ભવ્ય માહોલ જોયો છે? મંદિર ખાતે સતત ત્રણ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો. સૌપ્રથમ આનંદના ગરબાથી આ ઉત્સવની શરૂઆત થઈ. ત્યારબાદ ભક્તોએ હૃદયના ભાવથી ભરેલી ભજન સંધ્યા અને સત્સંગનો લહાવો લીધો. સાંઈબાબાની પવિત્ર શોભાયાત્રા નીકળી ત્યારે ચાણસ્મા હાઈવે પર જાણે આખું આકાશ શ્રદ્ધાથી ઝૂમી ઉઠ્યું. હજારો લોકોએ માર્ગમાં ઉભા રહીને બાબાના આશીર્વાદ લીધા. આ સાંઈબાબા પાટોત્સવનું સૌથી મોટું આકર્ષણ હતું સાંઈ ભંડારો અને સાંઈ યજ્ઞ. ભંડારામાં દરેક વર્ગના, દરેક ગામના લોકોએ એકસાથે બેસીને પ્રેમ અને સમરસતા સાથે પ્રસાદ લીધો.

# ગિરનારના સિંહો માટે 'ગુજરાત'માં અન્યાય? વાઘને મળેલી સુવિધાથી સિંહ કેમ વંચિત!

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.08

ગુજરાતનું ગૌરવ એટલે ગીરના સિંહો. પરંતુ, આજે આ સિંહોની સુરક્ષા અને તેમના જીવનના માર્ગો (કોરિડોર) પર મોટું સંકટ ઊભું થયું છે. જૂનાગઢ-ખડીયા રસ્તાને ડબલ ટ્રેકમાંથી ફોર ટ્રેક બનાવવાની મંજૂરી મળી ગઈ છે, પરંતુ આ નિર્ણયે પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણના જાણકારોમાં મોટો વસવસો જગાવ્યો છે. ગિરનાર વિસ્તાર એ સિંહોનો મુખ્ય કોરિડોર છે, જ્યાંથી સિંહો અવરજવર કરે છે.

આ સંવેદનશીલ વિસ્તારમાં કોઈપણ જાતની તકેદારી રાખ્યા વિના ફોર ટ્રેક બનાવવાની મંજૂરી આપી દેવાતા, સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડના પૂર્વ સભ્ય ભૂષણભાઈ પંડ્યાએ સરકારને સીધો સવાલ પૂછ્યો છે: 'વાઘ માટે સરકાર તમામ વ્યવસ્થા કરી શકે, તો સિંહ માટે શા કારણે એવી વ્યવસ્થા થતી નથી?' આ એવું દુર્લભ અભયારણ્ય છે, જેને અડીને જ સ્ટેટ હાઈવે નીકળે છે, બાજુમાં જ એક મોટું મહાનગર આવેલું છે, અને અભયારણ્યની વચ્ચે જ પવિત્ર યાત્રાધામ ગિરનારની સીડીઓ આવેલી છે.

આવી સ્થિતિમાં, માનવ અને વન્યજીવોનું સહઅસ્તિત્વ જાળવવું એ એક મોટો પડકાર છે. ભૂષણભાઈ પંડ્યાના મતે, માનવ માટે સુવિધાઓ વધારવી જરૂરી છે, પરંતુ તેના લીધે વન્યજીવોને મુશ્કેલીઓ ન પડે તેની તકેદારી રાખવી એ પણ શાસકોની ફરજ છે.

## આગામી ચૂંટણીને લઈને કેજરીવાલની આગેવાનીમાં નવી રણનીતિની તૈયારી કરાઈ

# રાજકોટમાં કેજરીવાલે AAP પદાધિકારીઓ અને કાર્યકરો સાથે મહત્વપૂર્ણ મીટીંગ કરી

અમદાવાદ/રાજકોટ/ગુજરાત તા.08

આમ આદમી પાર્ટીનાં રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ગુજરાતની મુલાકાતે છે. આજે રાજકોટમાં આમ આદમી પાર્ટીનાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે મીટીંગ યોજી હતી. આ મિટીંગમાં અરવિંદ કેજરીવાલની સાથે પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, લોકસભા ઈન્ચાર્જ અજિત લોખીલ, આમ આદમી પાર્ટી રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોષી,



ટ્રેડ વિંગના પ્રદેશ પ્રમુખ શિવલાલ બારસિયા, રાજકોટ ઝોન ઓબ્ઝર્વર અને પ્રવક્તા રાહુલ ભુવા, મહિલા પાંખનાં પ્રમુખ રાજલબેન ગઢવી, પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી જનક ડાંગર, વોર્ડ ઝોન ઈન્ચાર્જ અલ્પેશ ભુવા, રાજકોટ MNP સાઉથ ઝોન કો ઈન્ચાર્જ કે.કે.પરમાર, પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી ચેતન કમાણી, વોર્ડ ઝોન ઈન્ચાર્જ પ્રદીપ સોરઠીયા સહિત અન્ય પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અરવિંદ કેજરીવાલે હાજરી આપીને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો અને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. પ્રદેશમાં આમ આદમી પાર્ટી પોતાની તેજ ગતિથી આગળ વધી રહી છે અને ચૂંટણી પણ આવી રહી છે, તે અંતર્ગત અરવિંદ કેજરીવાલજીની આગેવાનીમાં રણનિતી પણ તૈયાર કરવામાં આવી હતી.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ જમીન દિવસની ઉજવણી કરાઈ

પાલનપુર | શહેરી જીવનનું સ્વાસ્થ્ય જમીનના સ્વાસ્થ્ય પર આધારિત છે. આ મહત્ત્વપૂર્ણ સંદેશ સાથે દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ જમીન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાયન્સના ઉપક્રમે આ કાર્યક્રમ 'હેલ્થી સોઈલ્સ ફોર હેલ્થી સીટી' થીમ હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન ચીમનભાઈપટેલ કૃષિમહાવિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું, જેણે જમીન સંરક્ષણની જાગૃતિને એક નવું પરિમાણ આપ્યું. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મહાનુભાવોને જમીન પર વધતા પ્રદૂષણના ગંભીર પરિણામો વિશે માહિતી આપવામાં આવી હતી.

## લખમાબેને શીખવ્યું - વસ્તુનું નહીં, લાગણીનું જતન કરો!

# દેશલપર (ગુંતલી)ના લખમાબેનની 80 વર્ષની વૃક્ષો પ્રત્યેની ભક્તિ પ્રેરણાદાયી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.08

કચ્છની ધરતી પર આજે પણ એવા વડીલો છે, જેઓ આપણને જીવનની સાચી શીખ આપી રહ્યા છે. નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામમાં રહેતા ૮૦ વર્ષીય ગંગા સ્વરૂપ લખમાબેન રમુભાઈ ચાવડા માત્ર એક વ્યક્તિ નથી, પણ પર્યાવરણ પ્રત્યેની અદમ્ય લાગણીનું જીવતું જાગતું ઉદાહરણ છે. તેમના ઘરના આંગણામાં ઊભેલું અંદાજિત ૫૫ વર્ષ જૂનું લીમડાનું ઝાડ તેમની ભક્તિ અને ધૈર્યની કથા કહી રહ્યું છે. લખમાબેન વાત કરતાં ભાવુક થઈ જાય છે કે આ લીમડાને તેમણે બાળકની જેમ ઉછેર્યો છે. જ્યારે આંગણું નાનું હતું અને વૃક્ષ ઉછેરવામાં મુશ્કેલીઓ આવતી હતી, ત્યારે તેમણે પોતાની કોઠાસૂઝથી એવું આયોજન કર્યું કે આજે આ વૃક્ષ ક્યારેય



નડતરરૂપ નથી લાગ્યું. સૌથી પ્રેરણાદાયી વાત તો એ છે કે, આ લીમડાને તેમણે ગામના તળાવમાંથી પાણી ભરીને પીવડાવ્યું છે! તેમની આ વૃક્ષ ઉછેર પ્રત્યેની ભાવના ખરેખર આપણા સૌને વૃક્ષારોપણ તરફ પ્રેરે છે. આજે વીજળી વગરના ગરમીના દિવસોમાં જ્યારે આખું ગામ અકળાઈ જાય છે, ત્યારે લખમાબેનનું ઘર આ લીમડાના વૃક્ષની શીતળ છાયાને કારણે ઠંડુ રહે છે. તેમના પુત્ર રવજીભાઈ ચાવડા સાક્ષી પૂરતાં કહે છે કે, 'અમારા પિતાજીને વૃક્ષો વાવવાનો શોખ હતો. લીમડાનો છાંયડો અમારા માટે વીજળી વગરના એ.સી. જેવો છે, જ્યાં અમે આરામથી સૂઈ શકીએ છીએ.' આંગણામાં લીમડા ઉપરાંત ગુલમહોરનું વૃક્ષ પણ છે, જે તેમની પ્રકૃતિ પ્રત્યેની ભક્તિ દર્શાવે છે. લખમાબેન ચાવડાની બીજી એક વાત સાંભળીને તમે વિચારમાં પડી જશો. તેઓ આજે પણ માટીના માટલાનું પાણી પીવે છે, અને તે માટલું ૬૦ વર્ષ જૂનું છે! 'જૂનું તે સોનું' ની ભાવના અહીં સાચી ઠરે છે. રવજીભાઈ કહે છે કે, આ માટલું જોઈને શીખ મળે છે કે કોઈ વસ્તુની સંભાળ કેવી રીતે રાખવી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા આયોજન

# જૂનાગઢની ધરતી પર સાયક્લિંગ સ્પર્ધા, યુવાનોએ બતાવી યુનિવર્સિટીની શાન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.08

જૂનાગઢની ભૂમિ પર શિક્ષણ અને સંસ્કારની સાથે હવે ખેલકૂદનો જુસ્સો પણ છલકાયો છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં યોજાયેલી ઈન્ટર કોલેજ સાયક્લિંગ સ્પર્ધા યુવાનોમાં રહેલી ઊર્જા અને ઝડપનું પ્રતીક બની રહી. યુનિવર્સિટીના દૂરંદેશી કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ, જેણે ગુજરાતને ૬ દમદાર સાયક્લિસ્ટ આપ્યા છે. આંતર કોલેજ સાયક્લિંગ કોમ્પીટીશનનું યજમાનપદ જે.જે.સી. કોમર્સ કોલેજ, જૂનાગઢે સંભાળ્યું હતું. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનો બંને વર્ગના ખેલાડીઓએ પોતાના પરસેવાથી પાવરધાપણું બતાવ્યું હતું. ભારે ઉત્સાહ અને રોમાંચક મુકાબલા બાદ વિજેતાઓની પસંદગી જાહેર કરવામાં આવી. ખેલકૂદના જાણકારોનું



કહેવું છે કે, આ તમામ ખેલાડીઓ પાસે કાબેલિયત છે કે તેઓ આગામી દિવસોમાં યોજાનારી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સાયક્લિંગ રોડ (ભાઈઓ-બહેનો) સ્પર્ધામાં ગુજરાત અને યુનિવર્સિટીનું ગૌરવ વધારી શકે. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે જે.જે.સી. કોમર્સ કોલેજના ફીજીકલ ટ્રેનિંગ ઈન્સ્ટ્રક્ટર ડો. પ્રફુલ રાઠોડ અને ઓબ્ઝર્વર સિલેક્ટર તરીકે ડો. મોહસીન કુરેશી તેમજ ડો. કલ્પેશ સાંખલાએ સખત જહેમત ઉઠાવી હતી. સિલેક્ટ થયેલા તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવતા કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે ઉત્સાહભેર જણાવ્યું હતું કે, 'અમને અમારા વિદ્યાર્થીઓની પ્રતિભા પર પૂરો વિશ્વાસ છે.

## અતિ કુપોષણથી પીડાતા બાળકો માટે સરકાર પાસે ગ્રાન્ટ નથી: ચૈતર વસાવા

# ચૈતર વસાવાએ ભાજપના સાંસદ મનસુખ વસાવાના આક્ષેપો પર કર્યો વળતો પ્રહાર

(એજન્સી) અમદાવાદ/ભરૂચ/નર્મદા તા.08

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે, આદિજાતિનાં ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષથી ગ્રાન્ટ ન હોવાનું કહી શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી. આદિવાસી વિસ્તારમાં કુપોષિત બાળકોને આપવા માટે ગ્રાન્ટ પણ સરકાર પાસે નથી. આશ્રમ શાળામાં ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટેનાં ફૂડ બીલ ઘણા મહિનાથી મંજુર થયા નથી. આંગણવાડી વર્કરો અને બાળકોને ખવડાવવાના પૌષ્ટિક આહાર, ફ્રુટ, ગરમ નાસ્તાનાં બીલો પણ ત્રણ-ચાર મહિનાથી પેન્ડિંગ પડ્યા છે. સરકાર દ્વારા જણાવવામાં



આવ્યું છે કે ગ્રાન્ટ નથી, ગ્રાન્ટ આવશે ત્યારે આ બિલોની ચુકવણી કરીશું. આવામાં થોડા સમય પહેલા અહીં નરેન્દ્ર મોદીનાં કાર્યક્રમમાં થયેલ ખર્ચ અંગે જિલ્લા સંકલન ફરિયાદ નિવારણ સમિતિને આ ખર્ચા મામલે પૂછવામાં આવ્યું હતુ. આદિજાતિ વિકાસ વિભાગનાં બજેટમાંથી કરોડો ખર્ચવામાં આવ્યા. સ્ટેજનો ખર્ચો - ૩૮ લાખ, VVIP મંડપનો ખર્ચો - 5 કરોડ 87 લાખ, પાર્કિંગ - 3 કરોડ 61 લાખ, એમ્બ્યુલન્સનાં ડીઝલ માટે - 16,39,000, ટ્રોલીમાં લવાતા ટોયલેટ માટે - 2 કરોડ 40 લાખ, આમંત્રિત મહેમાનો માટે બસની સુવિધા માટે - 1 કરોડ 11 લાખ, પીવાનાં પાણીનો ખર્ચો - 51 લાખ 96 હજાર, ડોમનો ખર્ચો - 2 કરોડ છ લાખ, ચા-નાસ્તા કુલ બીલ - 2 કરોડ, માર્ગ મકાન પંચાયત દ્વારા કરવામાં આવેલ પાર્કિંગનાં -2 કરોડ 51 લાખ, પાણી પુરવઠાનો ખર્ચો- 57 લાખ, રિસોર્ટનું ચૂકવણું - 18 લાખ, ડીજીવીસીએલ - 1 કરોડ 16 લાખ, સામાન્ય જનતાને લાવવા માટે એસટી નિગમનું ચૂકવણું - 6 કરોડ, આ પ્રકારે ચા કોફી, ખાનગી વાહનોનું ભાડું, VVIPની હાઈટી, રાત્રી રોકાણ, બેનર-પોસ્ટર, આમ અનેક વસ્તુનાં કરોડોનાં બિલો છે.

### ગીરની બોર્ડર પર ખેડૂતો કડકડતી ઠંડીમાં રાત ઉજાગરા કરવા કેમ મજબૂર?

જાફરાબાદ | શિયાળાની કડકડતી ઠંડીમાં આપણે ઘરમાં ગરમ ધાબળા ઓઢીને આરામથી સૂતા હોઈએ છીએ, ત્યારે ગીરની બોર્ડર પરના ખેડૂતોની હાલત કેવી છે, એ જાણીને આપણું હૃદય રડી ઉઠશે. જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લાના છેવાડાના ગામડાના ખેડૂતો આજે પણ ખુલ્લા ખેતરે રાત ઉજાગરા કરવા મજબૂર છે. એક તરફ સિંહ-દીપડા જેવા ખુંખાર વન્યપ્રાણીઓનો ભય અને બીજી તરફ જંગલી રોજ, ભૂંડ અને હરણ જેવા પ્રાણીઓથી પોતાનો મહામૂલો પાક બચાવવાની મથામણ – આ જ છે ગીરના ખેડૂતોની આજની કડવી વાસ્તવિકતા. ખેડૂતો પોતાની રોજીરોટી એવા પાકને બચાવવા રાત્રિના સમયે ખેતરે રખોલા માટે ફરજિયાત જાય છે. જો થોડીવાર પણ મોડું થાય, તો રોજડા અને ભૂંડનું ટોળું આખા પાકનો સોથ વાળી દે છે. ખેડૂતોની આ વેદના પારાવાર છે. મોટાભાગના વિસ્તારોમાં વીજળીની સમસ્યા હલ કરવા માટે હવે દિવસે વીજળી આપવામાં આવે છે. આનાથી પિયતની સમસ્યા તો હલ થઈ, પણ વન્યજીવોના કારણે રાત્રિના ઉજાગરા અને ઠંડીમાં જીવ જોખમમાં મૂકવાની સમસ્યા યથાવત છે. ખેડૂતોને રાત્રે પિયતનો સમય મળતો નથી, અને પાક બચાવવા માટે રાતભર બેસી રહેવું પડે છે, જેનાથી તેમની તબિયત પણ બગડે છે.

### બનાસકાંઠામાં 213 NCC કેડેટ્સે ધ્વજ દિવસની ઉજવણી કરી

પાલનપુર | આજે જ્યારે આપણે આરામથી શ્વાસ લઈ રહ્યા છીએ, ત્યારે યાદ કરવું જરૂરી છે કે આપણી સરહદોની રક્ષા માટે રાત-દિવસ જાગતા સૈનિકોનું બલિદાન કેટલું અમૂલ્ય છે. આ જ દેશપ્રેમ અને સમ્માનની ભાવના સાથે ૩૫ ગુજરાત બટાલિયન એન.સી.સી., પાલનપુર દ્વારા સશસ્ત્ર દળ ધ્વજ દિવસની ભવ્ય અને ભાવુક ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનો મુખ્ય હેતુ દેશના નાગરિકોને સેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને જવાનોને સન્માન આપવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં આવેલી અલગ અલગ સંસ્થાઓના કુલ ૨૧૩ એન.સી.સી કેડેટ્સ દ્વારા આ ઉજવણી કરવામાં આવી. દિયોદર, કૃષિનગર દાંતીવાડા તેમજ વાવ ખાતે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ યુવાનોએ માત્ર ઉજવણી જ નહોતી કરી, પરંતુ દેશના બહાદુર સૈનિકો પ્રત્યે પોતાની એકતા દર્શાવવાના હેતુથી વિવિધ સ્થળોએ દેશભક્તિ રેલીનું પણ આયોજન કર્યું હતું. આ રેલીમાં કેડેટ્સનો જુસ્સો અને તેમની વર્દીનું ગૌરવ જોઈને સ્થાનિક નાગરિકોમાં પણ દેશપ્રેમની ભાવના છલકાઈ ગઈ હતી. કાર્યક્રમ દરમિયાન એન.સી.સી. વિદ્યાર્થીઓએ દેશભક્તિ તેમજ સશસ્ત્ર દળ વિષય પર પોતાનું અસરકારક વકતૃત્વ આપ્યું હતું.

### અંબાજી ખાતે બાળ વિવાહ મુક્ત ભારત ઝોનલ વર્કશોપનું આયોજન

પાલનપુર | શક્તિના પવિત્ર ધામ અંબાજી ખાતે આજે એક એવું આયોજન થયું, જે ઉત્તર ગુજરાતના સામાજિક પરિવર્તનનો મજબૂત પાયો નાખશે. રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને બાળ વિવાહ મુક્ત ભારત ઝોનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ દ્વારા 'બેટી બચાવો બેટી પઢાઓ' અભિયાન હેઠળ આ વર્કશોપ યોજાયો, જેમાં ઉત્તર ગુજરાતના ૬ મહત્ત્વના જિલ્લાઓ – બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને વાવ-થરાદના અધિકારીઓ અને આગેવાનો એક મંચ પર આવ્યા હતા. મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસના કાર્યોની વાત કરી. તેમણે ખાસ કરીને કાશી, ઉજ્જૈન, સોમનાથ અને અંબાજી કોરિડોરના વિકાસને યાદ કર્યો. ત્યારબાદ તેમણે જીવનનો મહત્ત્વનો પાઠ સમજાવતા કહ્યું કે, 'સમસ્યાઓ વિના માણસ પણ મજબૂત બની શકતો નથી. તે જ રીતે, જીવનમાં અનેક સમસ્યાઓનો સામનો કરીને પણ આપણે બીજા કોઈના જીવનમાં અજવાળું પાથરવાનું કામ કરવું જોઈએ.' આ વર્કશોપમાં ઉપસ્થિત અધિકારીઓને તેમણે તેમના આયોજન બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા.

## પોરબંદરનો દરિયો જોખમમાં | પ્રદૂષિત પાણીના નિકાલ પ્રોજેક્ટ પર ભાજપની રણનીતિ સામે સવાલો!

# પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાનું 'અભી બોલા, અભી ફોક': જેતપુર પ્રોજેક્ટ પર બ્રેક, પણ આશા ક્ષણભંગુર !

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.08

વાહ રે નેતાઓ! 'અભી બોલા, અભી ફોક' - આ કહેવત પોરબંદરના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ સાચી ઠેરવી છે. જેતપુરના સાડી ઉદ્યોગનું ઝેરી અને પ્રદૂષિત પાણી પોરબંદરના દરિયામાં ઠાલવવાના ભાજપ સરકારના વિવાદાસ્પદ પ્રોજેક્ટને લઈને પોરબંદરવાસીઓ અને માછીમારોમાં મોટો લોકજુવાળ ઊભો થયો છે. આ વિરોધ વચ્ચે ખુદ વન અને પર્યાવરણ મંત્રી બનેલા મોઢવાડિયાએ આ પ્રોજેક્ટ પર બ્રેક મારવાની આશ્ચર્યજનક જાહેરાત કરી, જેનાથી



માછીમારોમાં રાહતની લાગણી વ્યાપી ગઈ. જોકે, ગણતરીના કલાકોમાં જ મંત્રીશ્રીએ પોતાની આગવી બોલીની જેમ ફેરવી તોળ્યું, અને પોરબંદરવાસીઓની આશા પર જાણે ઠંડું પાણી ફરી વળ્યું! થોડા સમય પહેલાં જ વન અને પર્યાવરણ મંત્રી બનેલા શ્રી અર્જુન મોઢવાડિયાએ ભાજપ કાર્યાલય ખાતે લોક દરબારનું આયોજન કર્યું હતું.

અહીં માછીમાર બોટ એસોસિયેશનના પ્રતિનિધિ મંડળે મંત્રીને રૂબરૂ મળીને મૌખિક રીતે રજૂઆત કરી હતી કે, સરકાર જમીન સંપાદનનું જાહેરનામું બહાર પાડીને આ પર્યાવરણને નુકસાનકર્તા પ્રોજેક્ટને આગળ વધારી રહી છે. ત્યારે મંત્રીશ્રીએ જાહેરમાં ગાંધીનગર ટેલિફોનિક વાત કરીને જાણે બ્રેક મારવાની શેખી મારી! તેમણે તો ત્યાં સુધી કહી દીધું કે, પ્રોજેક્ટને આગળ વધવા નહીં દેવાય અને પોરબંદર, જૂનાગઢ તથા રાજકોટના જિલ્લા કલેક્ટર સાથે વાત કરીને જમીન સંપાદન ન કરવા અંગેની સૂચના આપી દેવાશે. માછીમાર આગેવાનોએ કહ્યું કે, પત્ર બહાર પાડીને પણ કામગીરી અટકાવવાની વાત કરાઈ હતી. જોકે, મોડી સાંજે જ્યારે મીડિયા દ્વારા મંત્રીશ્રીનો ટેલિફોનિક સંપર્ક કરાયો, ત્યારે તેમનો સૂર બદલાઈ ગયો. તેમણે કહ્યું, 'એ લોકોની રજૂઆત હતી એટલે મેં એ મુદ્દે યોગ્ય કરવાની અને અન્યાય નહીં થાય એની ખાતરી આપી છે.

## ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે 3 ગ્રામ સચિવાલયનો શિલાન્યાસ

# ગુજરાત સરકારે વિકાસની દોટ મૂકી: સાવરકુંડલામાં ₹3 કરોડના મેગા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.08

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માટે આજનો દિવસ ખરા અર્થમાં ઐતિહાસિક રહ્યો. રાજ્ય સરકારે ગ્રામ્ય વિકાસને પ્રાથમિકતા આપીને સાવરકુંડલા તાલુકાના ગામોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની દિશામાં એક મોટું પગલું ભર્યું છે. આજે, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના હસ્તે એકસાથે કુલ ૩.૦૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ધામધૂમથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આનાથી તાલુકામાં વિકાસના એક



નવા અધ્યાયની શરૂઆત થઈ છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ લુવારા, જીરા અને ગોરડકા ગામોમાં નવી ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કર્યું. દરેક સચિવાલય પાછળ ૨૫ લાખના ખર્ચે આ કુલ ૭૫ લાખના ભવનો બનશે. ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યું કે, 'સરકાર દરેક ગામે સુવિધાસભર સચિવાલય ઊભું કરવા પ્રતિબદ્ધ છે, જેથી ગામના નાગરિકોને સારો શાસન અને સરળ સેવાઓ મળી શકે. નવી ઈમારત બનવાથી વહીવટી કાર્યોમાં પારદર્શિતા અને ઝડપ આવશે.' સીમરણ ગામે દલિતવાસ વિસ્તારના લોકોની વર્ષોથી ચાલી આવતી સમસ્યાનો પણ આ પ્રોજેક્ટમાં કાયમી ઉકેલ લાવવામાં આવ્યો છે.

# અમરેલીમાં ખનીજ માફિયાઓ બેફામ

## આરોપીઓ ફરાર: આ માત્ર 'દેખાડો' કે કડક કાર્યવાહી?

### સ્થાનિકોની અનેક ફરિયાદો બાદ આખરે વહીવટી તંત્ર જાગ્યું છે, પણ આ કાર્યવાહી માત્ર નામ પૂરતી

(એજન્સી) અમરેલી | તા.08

ગુજરાતમાં ગેરકાયદે ખનન માફિયાઓને સ્થાનિક તંત્ર અને રાજકીય વર્તુળોમાંથી છૂટો દોર મળી રહ્યો હોવાના આક્ષેપો વચ્ચે, અમરેલી જિલ્લામાં ખનીજ માફિયાઓ ખાણ ખનીજ વિભાગના કાયદાને ખુલ્લો પડકાર આપી રહ્યા છે. શેત્રુંજી નદીમાં બેરોકટોક રેતી ચોરી ચાલી રહી હોવાની સ્થાનિકોની અનેક ફરિયાદો બાદ આખરે વહીવટી તંત્ર જાગ્યું છે, પણ આ કાર્યવાહી માત્ર નામ પૂરતી અને દેખાવ ખાતર કરવામાં આવી હોય તેવું જણાઈ રહ્યું છે. અમરેલી તાલુકા પોલીસ અને ખાણ ખનીજ વિભાગે હવે 'લાલ આંખ' કરી હોવાનો દાવો કર્યો છે. તાલુકા પી.આઈ. ઓમદેવસિંહ જાડેજાની ટીમે ખાણ ખનીજ વિભાગ સાથે મળીને ચાપાથલ ગામ નજીક શેત્રુંજી નદીના પટમાં મોડી રાત્રે દરોડા પાડ્યા હતા. જેમાં રેતી ચોરી કરતા 6 ડમ્પર, 1 ટ્રેક્ટર, 2 જેસીબી, 1 લોડર સહિત કુલ 10 વાહનો કબજે લેવામાં આવ્યા છે.

#### દરોડા દરમિયાન રેતી ચોરી કરતા આરોપી ન પકડાયા!

ઝડપાયેલા આ તમામ વાહનોની કિંમત લાખો રૂપિયામાં આંકવામાં આવી રહી છે, જેને જપ્ત કરીને ખાણ ખનીજ વિભાગે દંડ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, આ કાર્યવાહીનો સૌથી આશ્ચર્યજનક અને ગંભીર પાસું એ છે કે દરોડા દરમિયાન રેતી ચોરી કરતા કોઈપણ આરોપી કે મુખ્ય સૂત્રધારનો અત્તોપત્તો નથી. પોલીસ અને ખાણ ખનીજ વિભાગે માત્ર સાધનો પકડીને સંતોષ માની લીધો છે, પરંતુ ગેરકાયદે ખનનના નેટવર્કને ચલાવનાર મુખ્ય એજન્સીઓ કે વાહન માલિકો સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ દાખવ્યો નથી.



#### શેત્રુંજી નદીમાંથી લાખોનો મુદ્દામાલ જપ્ત

વાહનો કબજે, પણ મુખ્ય સૂત્રધારો સામે કાર્યવાહી ક્યારે?

■ **દરોડો અને મુદ્દામાલની જપ્તી**

■ **સ્થળ: ચાપાથલ ગામ નજીક, શેત્રુંજી નદીનો પટ.**

સામૂહિક કાર્યવાહી: અમરેલી તાલુકા પોલીસ (પી.આઈ. ઓમદેવસિંહ જાડેજાની ટીમ) અને ખાણ ખનીજ વિભાગ દ્વારા મોડી રાત્રે સંયુક્ત દરોડા.

**કબજે લેવાયેલો મુદ્દામાલ:**

• 6 ડમ્પર • 1 ટ્રેક્ટર • 2 જેસીબી • 1 લોડર

કુલ 10 વાહનો જપ્ત કરવામાં આવ્યા, જેની કિંમત લાખો રૂપિયામાં આંકવામાં આવી છે.

### પોલીસની કાર્યવાહી પર સવાલ: શું આ માત્ર 'દેખાડો' છે?

આ કાર્યવાહી બાદ તંત્રની સક્રિયતા પર અનેક સવાલો ઊભા થયા છે. પોલીસે કરોડો રૂપિયાની કિંમતના વાહનો જપ્ત કર્યા, પણ ઘટનાસ્થળેથી એક પણ રેતી માફિયા કે આરોપી પકડાયો નથી. જે વાહનો કબજે કરાયા છે, તેના રજિસ્ટ્રેશન નંબરના આધારે ગેરકાયદે ખનન કરતી એજન્સીઓ કે વાહનોના માલિકોને ઝડપવા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી શું પોલીસ માટે શક્ય નથી? હાલ તો ખનીજ માફિયાઓ ફફડી ઉઠયા છે, પરંતુ આ કાર્યવાહી માત્ર દેખાડા પૂરતી કરીને પોલીસ અને ખાણ ખનીજ વિભાગ સંતોષ માની લેશે તો શું અમરેલીની શેત્રુંજી નદીમાં થતું બેફામ ખનન ખરેખર અટકી જશે? ગેરકાયદે ખનનના આ નેટવર્કમાં ઉપરથી નીચે સુધી સાંઠગાંઠ હોવાના આક્ષેપો વચ્ચે, હવે જોવાનું એ રહે છે કે આ દેખાવ પૂરતી કાર્યવાહી બાદ પોલીસ અને ખાણ ખનીજ વિભાગ ગેરકાયદે ખનનના મુખ્ય સૂત્રધારોને પકડીને આ આખા નેટવર્કને તોડવા માટે કેટલી ગંભીરતાથી અને સક્રિયતાથી પગલાં લે છે.

# અમદાવાદમાં સિગારેટના પૈસા બાબતે લોહિયાળ ખેલ

(એજન્સી) અમદાવાદ | તા.08

અમદાવાદના મીરજાપુરમાં આવેલી એક કરિયાણાની દુકાનમાં ગત રાત્રે (રવિવારે) સિગારેટના પૈસાના મામલે ભારે હિંસક ઘટના બની છે. લોધવાડ વિસ્તારમાં ન્યૂ માર્કેટ જનરલ સ્ટોર્સના માલિક મોહમદ યુનુસ મન્સુરીએ સિગારેટના પૂરા પૈસાની માંગણી કરતા ગ્રાહક અને તેના બે ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા. આ ત્રણ આરોપી ભાઈઓએ દુકાનમાં ઘૂસી જઈને વેપારી પર જીવલેણ હુમલો કર્યો હતો અને તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ સમગ્ર ઘટનાને લઈને શાહપુર પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપી ભાઈઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

આ ઘટનાની વિગત મુજબ રાત્રે આશરે આઠ વાગ્યાની આસપાસ આરીફ નફીસ અહેમદ કુરેશી નામનો આરોપી દુકાને આવ્યો



હતો અને અડધા પૈસા આપીને બે સિગારેટની માંગ કરી હતી. વેપારીએ ઈનકાર કરતા જ આરીફે ગાળાગાળી શરૂ કરી હતી. થોડી જ વારમાં આરીફના બે ભાઈઓ ખાલીદ અને વાજીદ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. ત્રણેય ભાઈઓએ દુકાનમાં રહેલી કાચની બરણીઓ અને ઈંડા તોડી નાખીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ તેમણે દુકાન માલિક યુનુસ મન્સુરીને ગડદાપાટુનો માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપી આરીફે બરફ તોડવાના લોખંડના સોયા વડે યુનુસના ડાબા ખભા પર ઉભો ઘા માર્યો હતો, જેના કારણે તેમને ગંભીર ઈજા પહોંચી હતી.

વેપારીની બૂમાબૂમથી આસપાસના લોકો ભેગા થવા લાગ્યા. જેનો લાભ લઈને આરોપી આરીફે તુરંત જ કેશ કાઉન્ટરનું ડ્રોવર ખોલીને રોકડ રકમની લૂંટ ચલાવી હતી. લૂંટ બાદ ત્રણેય આરોપીઓએ મોહમદ યુનુસ અને તેમના પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, જો પોલીસ ફરિયાદ કરવામાં આવશે તો દુકાનને સળગાવી દેવાની પણ ધમકી આપીને તેઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. વેપારીની ફરિયાદના આધારે શાહપુર પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના બાવળામાં ઘર બહાર રમતી 6 વર્ષની બાળકી પર 3 શ્વાનોએ કર્યો હુમલો

### બાળકીની બૂમાબૂમ કરતા લોકો દોડી આવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.08

અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે ગંભીર ઘટના સામે આવી છે, જેમાં દાહોદના કોટડાખુર્દ ગામની 6 વર્ષીય બાળકી રિયા રાજુ ગુંડીયા પર ત્રણ શ્વાને હુમલો કર્યો હતો.

બાળકી પોતાના પરિવાર સાથે બાવળા ખાતેના રૂમ પર રહેતી હતી અને ગઈકાલે ઘરની બહાર રમી રહી હતી. તે દરમિયાન એક બાદ એક ત્રણ શ્વાને બાળકીને પકડી હતી અને ઘસેડીને કરડવાનું શરૂ કર્યું હતું.

બાળકીની બૂમાબૂમ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને માંડ માંડ બાળકીને શ્વાનથી દૂર કરી હતી.

આ હુમલામાં માસૂમ બાળકીને ગળા અને પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાથમિક સારવાર બાદ પરિવાર બાળકીને લઈને વધુ સારવાર માટે દાહોદની સિવિલ ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવ્યો છે. શ્વાનના હુમલાની આ ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

### શેમારૂમી લઈને આવ્યું છે ડિસેમ્બરમાં ખાસ

# 'ગુજ્જુ ફિલ્મ ફેસ્ટ' – રોજ એક નવી ગુજરાતી હિટ ફિલ્મ મફતમાં!

શેમારૂમી ગુજરાતી સિનેમાની સમૃદ્ધિ, ગૌરવ અને સર્જનાત્મક તેજસ્વિતાનો ઉત્સવ મનાવવા માટે, ૬ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ખાસ 'ગુજ્જુ ફિલ્મ ફેસ્ટ' લઈને આવી રહ્યું છે. આ દસ દિવસ દરમિયાન દરરોજ એક બ્લોકબસ્ટર ફિલ્મ મફતમાં જોવા માટે ખુલ્લી રહેશે, જેથી સમગ્ર ભારત–ખાસ કરીને ગુજરાત–ના દર્શકોને સૌથી વધુ લોકપ્રિય, વખાણેલી અને સફળ ગુજરાતી ફિલ્મોનો આનંદ માણવાની તક મળશે.

### સોનાથી પણ કિંમતી ફિલ્મોની લાઈન-અપ!

આ ફિલ્મોત્સવમાં બોક્સ-ઓફિસ હિટ અને વિવેચકોએ પ્રશંસા કરેલી એવી ફિલ્મો છે જેઓએ આધુનિક ગુજરાતી સિનેમાને નવી દિશા આપી છે. દરેક ફિલ્મ ગુજરાતના અલગ-અલગ રંગોને રજૂ કરે છે–હાસ્ય, સંસ્કૃતિ, કળા, ભાવનાઓ અને લોકજીવનની મજબૂત ભાવના. હકીકત મહિલાઓ માતે ની મજેદાર ગજબ-ગજબની પરિસ્થિતિઓથી લઈને ઝામકુડી ના ભૂતિયા હવેલીમાં બનતા રહસ્યમય બનાવો સુધી બચુભાઈ વૃદ્ધાવસ્થામાં નવી શરૂઆતની હૃદયસ્પર્શી સફર રજૂ કરે છે, જ્યારે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા હેલારો કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી-મુક્તિની શક્તિશાળી ગાથા કહે છે. મીઠાડા મહેમાન મીઠી અને અનોખી લાગણીભરી સંબંધોની વાર્તા છે, અને નદી દોષ પ્રેમને જ્યોતિષીય માન્યતાઓ સામે તપાસે છે. કચ્છ એક્સપ્રેસ એક સ્ત્રીના આત્મવિશ્વાસની યાત્રા દર્શાવે છે, જ્યારે ઓલ ધ બેસ્ટ પંડ્યા ખૂબ હસાવતી કુટુંબની ગોટાગોટ અને પિતા-પુત્રના સબંધને રસપ્રદ રીતે રજૂ કરે છે. સુપરનેચરલ થ્રિલર વશ આખી ફિલ્મ દરમિયાન રોમાંચ જાળવી રાખે છે અને ઉમ્બારો સાત સ્ત્રીઓની જીવનપરિવર્તનકારી સફર રજૂ કરીને ફિલ્મોત્સવને સુંદર રીતે પૂર્ણ કરે છે.

**૬ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન દરરોજ એક નવી ગુજરાતી હિટ ફિલ્મ મફતમાં સ્ટ્રીમ થશે શેમારૂમી પર!**




**10 દિવસ - 10 મફત ફિલ્મો**

• **6 ડિસેમ્બર :** ઝામકુડી, • **7 ડિસેમ્બર :** બચુભાઈ, • **8 ડિસેમ્બર:** હેલારો, • **9 ડિસેમ્બર :** મીઠાડા મહેમાન, • **10 ડિસેમ્બર :** નદી દોષ, • **11 ડિસેમ્બર :** કચ્છ એક્સપ્રેસ, • **12 ડિસેમ્બર :** ઓલ ધ બેસ્ટ પંડ્યા, • **13 ડિસેમ્બર :** વશ, • **14 ડિસેમ્બર :** ઉમ્બારો, • **15 ડિસેમ્બર :** હકીકત મહિલાઓ માતે

### દરેક ડ્રાઈવ માટે મનની શાંતિઃ ઓડી ડેશ કેમ ગ્રાહકો માટે આધુનિક સુરક્ષા લાવે છે

(એજન્સી) અમદાવાદ | તા.08

ઓડી ઈન્ડિયાએ માલિકીના સંપૂર્ણ પ્રવાસમં સુરક્ષા, સુવિધા અને આત્મવિશ્વાસ પ્રદાન કરતી ટેકનોલોજી પ્રેરિત બહેતરીઓ સાથે તેની ગ્રાહક પ્રથમ ફિલોસોફીને મજબૂત બનાવવાનું ચાલુ રાખ્યું છે. ઓડી ડેશ કેમના લોન્ચ સાથે બ્રાન્ડે અસલ સમયમાં ડ્રાઈવિંગ અને પાર્ક કરાય ત્યારે વોહનોનું રક્ષણ કરવા માટે તૈયાર કરાયેલા સ્માર્ટ મોબિલિટી સમાધાન પૂરા પાડવાની તેની કટિબદ્ધતા પર ભાર આપે છે. રૂ. 68,000/-ની કિંમતે ઓડી ડેશ કેમ સર્વ ઓડી મોડેલો સાથે અભિમુખ છે અને ડિલિવરીના સમયે રેટ્રોફિટેડ અને ઈન્સ્ટોલ કરી શકાય છે, જેથી નવા અને મોજૂદ ગ્રાહકો માટે તે પહોંચક્ષમ બને છે.ઓડી ડેશ કેમ જ્ઞાનાકાર ફંકશનાલિટી સાથે આધુનિક રેકોર્ડિંગ ટેકનોલોજીને જોડીને વ્યાપક ઈન-કાર સર્વેલન્સ પૂરું પાડે છે. ક્યુએચડી રિઝોલ્યુશન, ઈન્ટેલિજન્ટ બેટરી પ્રોટેકશન અને મોબાઈલ એપ કંટ્રોલની વિશિષ્ટતાઓ સાથે આ પ્રણાલી બહેતર યુઝેબિલિટી અને રેકોર્ડેડ ફૂટેજને આસાન પહોંચ આપે છે.

### 2026ની વ્યસ્ત સીઝન નજીક છે ત્યારે માનસી જોશીની નજર વર્લ્ડ ચેમ્પિયનશિપ ગોલ્ડ પર

(એજન્સી) અમદાવાદ | તા.08

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ આસિસ્ટિવ ટેક કોન્ફરન્સમાં પીટીઆઈ સાથેની વાતચીત દરમિયાન, ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન માનસી જોશીએ 2025ની અસાધારણ રીતે પડકારજનક સીઝન માટેની તેમની તૈયારીઓ અંગે જણાવતા પોતાના તાજેતરના ફોર્મ, રીકવરીની સફર અને નવા સ્પર્ધાત્મક લક્ષ્યાંકો અંગેના અપડેટ્સ શેર કર્યા હતા. તેમણે જણાવ્યું કે તેમનું સૌથી નજીકનું ફોકસ ફેબ્રુઆરીમાં યોજાનાર વર્લ્ડ ચેમ્પિયનશિપ છે, જ્યાં તેમનો લક્ષ્યાંક 2019માં જીતેલા ગોલ્ડ મેડલને ફરી મેળવવાનો છે. તેમણે એમ પણ જણાવ્યું કે 2026 અસામાન્ય રીતે ભરચક વર્ષ રહેશે, કેમ કે કોવિડ પછીના વિક્ષેપોને કારણે કાર્યક્રમ ખોરવાઈ જતાં વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સ બંને એક જ વર્ષમાં યોજાઈ રહ્યા છે.જોશીએ એ વાતને પુષ્ટિ આપી હતી કે તેમને આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટેનો સત્તાવાર પસંદગી પત્ર મળ્યો છે.

### અમૃતા વિશ્વ વિદ્યાપીઠમમાં પીએચડી પ્રવેશ (ફેઝ-2) માટે અરજીની છેલ્લી તારીખ 15 ડિસેમ્બર

(એજન્સી) અમદાવાદ | તા.08

અમૃતા વિશ્વ વિદ્યાપીઠમએ ડિસેમ્બર 2025 બેચ માટે પીએચડી પ્રવેશની બીજી ફેઝ જાહેર કરી છે. અરજી કરવા માટેની છેલ્લી તારીખ 15 ડિસેમ્બર 2025 નક્કી કરવામાં આવી છે. વિશ્વવિદ્યાલય તરફથી પીએચડી રિસર્ચ સ્કોલર્સને રૂ. 30,000 થી રૂ. 40,000 પ્રતિ મહિના ફેલોશિપ આપવામાં આવશે. સાથે જ રિસર્ચ પેપર્સના પ્રકાશન માટે આર્થિક સહાય, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માટે પ્રવાસ સહાય, ટ્યૂશન ફીમાં રિયાયત, તેમજ આધુનિક લેબોરેટરી અને સંશોધન સુવિધાઓનો લાભ પણ મળશે. ડૉક્ટોરલ રિસર્ચને મજબૂત બનાવવા માટે સંસ્થા દર વર્ષે વિશેષ રિસર્ચ ફંડ ફાળવે છે. પીએચડી પ્રોગ્રામ ઈન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, કમ્પ્યુટિંગ, ફિઝિકલ સાયન્સિસ, લાઈફ સાયન્સિસ, મેડિકલ સાયન્સિસ, સોશિયલ અને બિહેવિયરલ સાયન્સિસ, હ્યુમેનિટીઝ, કોમર્સ, કૃષિ વિજ્ઞાન, આર્કિટેક્ચર અને મેનેજમેન્ટ જેવા અનેક વિષયો માટે ઉપલબ્ધ છે.

ઉદ્યોગ સંગઠને કડક પગલાંનું સ્વાગત કર્યું અને ગુજરાતના નાગરિકોને સાવચેત કર્યા

### સરકારની બેંગાલુરુ સ્થિત કંપની દ્વારા ઉત્પાદિત ગેરકાયદેસર મચ્છર અગરબત્તી 'સ્લીપવેલ' પર તવાઈ

(એજન્સી) અમદાવાદ | તા.08

સ્લીપવેલ મચ્છર અગરબત્તીનું સમગ્ર ભારતમાં ઓનલાઈન વેચાણ થાય છે અને ચોક્કસ શહેરો, ખાસ કરીને ગુજરાત, આંધ્ર પ્રદેશ, તેલંગણા, કર્ણાટક, કેરળ અને ઓડિશા જેવા રાજ્યોમાં, વિવિધ સ્થાનિક ડિસ્ટ્રીબ્યુટર્સ અને રિટેલર્સ થકી પણ ઉપલબ્ધ છે. જોકે સરકારે મોટાપાયે રેડ પાડીને અને મુદ્દામાલ જપ્ત કરીને સ્લીપવેલ સામે કડક કાયદાકીય પગલાં ભર્યા છે.ઘરેલુ જંતુનાશકોના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપતી સ્વૈચ્છિક ઉદ્યોગ સંસ્થા હોમ ઈન્સેક્ટ કંટ્રોલ એસોસિએશન (એચઆઈસીએ) એ આ કાર્યવાહીનું સ્વાગત કર્યું છે અને સરકારને સતત તેનો અમલ ચાલુ રાખવા વિનંતી કરી છે. એચઆઈસીએએ સ્લીપવેલ, કમ્ફર્ટ, રિલેક્સ, ગોડઝિલા સહિતના ભ્રામક નામો હેઠળ વેચાતી આવી ઘણી ગેરકાયદેસર અગરબત્તી બ્રાન્ડ્સ અંગે ચિંતા વ્યક્ત કરી છે.બેંગાલુરુ સ્થિત આશિકા ઈન્સેન્સ ઈન્કોર્પોરેશન દ્વારા મચ્છર ભગાડતી 'સ્લીપવેલ' અગરબત્તીનું ઉત્પાદન કરવામાં આવે છે. રાજ્ય કૃષિ વિભાગની સૂચના પર કાર્યવાહી કરતા એનટીઆર જિલ્લાના કૃષિ અધિકારીઓએ વિજયવાડાના ગુનાદલામાં સાઈ હનુમાન એજન્સીઝ ખાતે તપાસ હાથ ધરી હતી.

### અદાણી ફાઉન્ડેશને એસીસી સિંદરી ખાતે સમુદાયોના આરોગ્ય સંભાળ લેતાં દ્રષ્ટિ અને ગૌરવ પુનઃસ્થાપિત કરાવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.08

અદાણી ગ્રૂપના ડાયવર્સિફાઈડ પોર્ટફોલિયોમાં સામેલ ઝડપથી ઉભરતી બિલ્ડિંગ મટીરિયલ્સ એન્ડ સોલ્યુશન્સ કંપની એસીસી અંતરિયાળ વિસ્તારોમાં પાયાની તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી વંચિત આદિવાસી સમુદાયોની આરોગ્ય સંભાળ લઈ રહી છે. ઝારખંડના ગુલિતાડ ગામમાં એસીસી અદાણી ફાઉન્ડેશન સાથે મળી સમુદાયોનો સંપર્ક સાધી આંખ સંબંધિત બીમારીઓ ધરાવતા લોકો સુધી પહોંચી સારવાર પ્રદાન કરાવવા મદદરૂપ થઈ રહી છે.એક પ્રશિક્ષિત સમુદાય સ્વયંસેવક (સંગિની)ના હસ્તક્ષેપ દ્વારા 59 વર્ષીય ભામુની દેવીને PM-JAY (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના) હેઠળ તેમનું આયુષ્માન ભારત કાર્ડ બનાવી આપવામાં મદદ કરવામાં આવી હતી. બાદમાં આયુષ્માન ભારત કાર્ડ સાથે જોડાયેલી હોસ્પિટલમાં મોતિયાનું મફત ઓપરેશન કરાવી શક્યા હતા. સમયસર ગુણવત્તાયુક્ત સારવાર મળતાં તેઓ પોતાની દ્રષ્ટિની સાથે સાથે ગૌરવ-આત્મનિર્ભરતા પણ પાછી મેળવી શક્યા. અગાઉ આ સારવાર આ હસ્તક્ષેપ વિના તેમની પહોંચની બહાર હતી.આંખનું મોતિયાનું ઓપરેશન સરળ રહેતાં તેમને પાછી પહેલાં જેવી સ્પષ્ટ જોતી દ્રષ્ટિ મળી અને તેમના જીવનની ગુણવત્તામાં પરિવર્તન આવ્યું. ભામુની દેવી હવે ફરી પાછા પહેલાંની જેમ સ્વતંત્રપણે પોતાનું રોજિંદા કામકાજ કરી શકે છે. તેમના વિશ્વાસ અને આત્મનિર્ભરતામાં વધારો થયો.

# અંકશાસ્ત્ર કે વૈદિક જ્યોતિષ: કયો માર્ગ તમને 'ઝીરોમાંથી હીરો' બનાવશે?




મોટાભાગના લોકો સમાચાર પત્રક ઓપન કરતા જ પ્રથમ રાશિ ભવિષ્ય વાંચતા હોય છે.ખાસ કરીને પુરુષો કરતા મહિલાઓ જ્યોતિષ શાસ્ત્ર માં વધારે રસ ધરાવતી હોય છે. પૂર્તિ માં વાસ્તુશાસ્ત્ર,મેળાપક, કુંડળીઓમાં થતા વિવિધ યોગો જેમકે રાજયોગ, શશ યોગ,કેમદ્રૂમ યોગ વગેરે વગેરે વિશે વાંચવું લોકોને વધારે ગમતું હોય છે,કેમ? વર્તમાન સમયમાં ન્યુમરીલોજી એટલે કે જન્મ તારીખ પરથી લોશુ ગ્રીડ ચાર્ટ બનાવી ને વ્યક્તિ ની સમસ્યા હલ થાય એ પદ્ધતિ ને સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. મારી જન્મ તારીખના નંબર જોતા જ મોટી આંખ કરીને ખુશી વ્યક્ત કરતા જ્યોતિષ શાસ્ત્ર ના જાણકાર એ કહ્યું કે ભાભીજી,જન્મ તારીખ માં ત્રણ એકડા મતલબ દુનિયા તમારી મુઠ્ઠી માં નક્કી ઘરમાં તમારું વધારે ચાલતું હશે મજાક માં એ ભાઈ ને જવાબ આપતા કહ્યું હતું કે ઘરના બે સભ્યો ને મુઠ્ઠી માં કેદ કરવા વરસો થી મથું છું તમારા પાસે એનો ઉપાય છે. સાચું કહું આ દુનિયા માં દરેક માણસને એના ભૂતકાળ કરતા ભવિષ્ય વિશે જાણવામાં વધારે રસ હોય છે એટલે લોકો નું જ્યોતિષ શાસ્ત્ર પરત્વે આકર્ષણ વધારે જોવા મળશે.

ભારતીય જ્યોતિષશાસ્ત્ર માં "ભૃગુ સંહિતા" નામનો ગ્રંથ ૨૫ વર્ષ પહેલા હાથ માં આવ્યો ત્યારે પ્રથમ બે પેજ વાંચી ને કંટાળો આવવા લાગ્યો. આપણું ગણિત એકદમ કાચું સમજો ઢગલા ના ઢ એટલે જીવન ના સરવાળા બાદબાકી કે ભાગાકાર ગુણાકાર કરતા ક્યારેય આવડ્યું જ નથી. જ્યોતિષ શાસ્ત્ર એ ગણિતની અટપટી રમત નું માળખું છે પણ આ ગાણિતિક માળખું પૂરેપૂરું મગજ ને સમજાય ગયું તો ઘર બેઠા ધન ધનાધન સમજો.એકવાર કસ્ટમરના દિમાગ માં રાહુ,કેતુ અને શનિ નું સ્થાન પરફેક્ટ બેસી જાય ને એ બાદ ઘર થી બે કિલો મીટર દૂર જવા માટે પણ એ જ્યોતિષ ગુરુની સલાહ લેશે.આ ગૂઢ રહસ્યમય જ્યોતિષ શાસ્ત્ર એટલું બધું પરફેક્ટ હોય છે કે માણસની જન્મ કુંડળી પરથી એની કર્મ કુંડળી ના લેખા જોખા પ્રસ્તુત કરી શકે છે.જ્યોતિષ શાસ્ત્ર મુખ્ય ગણિત જ્યોતિષ (ખગોળશાસ્ત્રીય જ્યોતિષ) અને ફલિત જ્યોતિષ એમ બે ભાગ માં વહેંચાયેલ છે.જન્મ પત્રિકા દ્વારા મનુષ્યના જીવન નું સઘળું વિવરણ, પ્રશ્ન કુંડળી, ગોચર, મેળાપક,નવમાંશ કુંડળી વગેરે ફલિત જ્યોતિષ ના મુખ્ય અંગ માનવામાં આવે છે.લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓ ની કુંડળી માં ૩૬ માંથી ૨૦ ઉપર ગુણ ન મળે તો લગ્ન નક્કી થતા નથી.સ્ત્રી પુરુષ ની નાડી એક હોય તો પુત્ર પ્રાપ્તિ થવામાં વિઘ્ન આવે છે કે પુત્રી સંતાન થાય છે. જન્મ કુંડળી ના બાર ખાના એ મનુષ્ય ના જીવન નો ઉતાર ચઢાવ સમજો. કુંડળી માં દસમું ભાગ્ય સ્થાન માનવા માં આવે છે એટલે આ સ્થાન પર સૌમ્ય ગ્રહ હોય તો વ્યક્તિ નું જીવન ઝીરો માંથી હીરો હોય પરંતુ દસમા સ્થાન ની સામેનું સ્થાન ચોખ્ખું ન હોય તો લાઈફ માં સ્ટ્રગલ કરવી પડતી હોય છે.આઠમાં સ્થાન માં રાહુ હોય તો બહેનો ને ભાઈ નથી હોતો ને છોકરા ને ભાઈ ને બદલે બહેન હોય છે. જે સ્ત્રી ની કુંડળી ના પંચમાં સ્થાન માં મંગળ ગ્રહ હોય તો એ દિકરાઓને જન્મ આપે છે વગેરે વગેરે કહી શકાય પણ એની સાથે એનું ગોચર અને એની સામેના ગ્રહ ની અસર પણ લાગુ પડતી હોય છે. કુંડળી ના સપૂર્ણ વિશ્લેષણ બાદ જ એનું વિવરણ કરી શકાય છે.



**જ્યોતિષ શાસ્ત્રનું પ્રભુત્વ**

**- રુપાલી દવે**

આચાર્ય વરાહમિહિર એ લખેલ "મયુર ચિત્રક" નામના જ્યોતિષ ગ્રંથ માં વ્યક્તિગત મનુષ્ય ની કુંડળી પરથી રાશિ ભવિષ્ય વિશે માહિતીઓ નથી.આ ગ્રંથ માં ગ્રહો નક્ષત્રો,ગ્રહો ની યુતિ પ્રતિયુતિ પર આધારિત અતિ વર્ષા,દુષ્કાળ,ધરતી કંપ, અન્ન ઉત્પાદન કે અછત વગેરે વગેરે ભૌગોલિક સ્થિતિ માટે ખાસ યોગો ની ચર્ચા કરવા માં આવી છે.વર્તમાન માં આ શાસ્ત્ર મેદનીય જ્યોતિષ શાસ્ત્ર નામે ઓળખાય છે. ઉદાહરણ: સાત ગ્રહ એક રાશિ માં આવે ત્યારે "ગોલ યોગ" નું નિર્માણ થાય છે આ યોગ ને લીધે દુષ્કાળ,રાજકારણ માં ધરખમ ફેરફાર, જનતા નો અભિગમ સતા વિરોધી થઈ જતો હોય છે. જે વ્યક્તિ નો જન્મ ગોલયોગ દરમિયાન થયો હોય એવી વ્યક્તિ અસત્ય પ્રિય,નિત્ય પ્રવાસ માં રહેનાર,નિર્બળ, અવિચારી અને અઘટિત નિંદનીય કાર્ય કરનાર થાય છે. આપણે બધા અંબાલાલ પટેલ નામની વ્યક્તિ થી સારી રીતે પરિચિત છીએ.અંબાલાલ ની મેદનીય જ્યોતિષ શાસ્ત્ર દ્વારા કરવામાં આવેલ મોટાભાગ ની આગાહીઓ સાચી જ પડતી હોય છે.

અંક શાસ્ત્ર અને અક્ષર ગણિત એ માનવી ના જન્મ સ્થળ,જન્મ તારીખ,નામ ના કુલ આંકડા અને સ્થાયી રહેઠાણ પરથી ભવિષ્ય કથન કરે છે. ગ્રીક અને હિબ્રુ મૂળાક્ષર નું આંકડાકીય મૂલ્ય હોય છે એ અનુસાર નામ ના શબ્દ ની ગણતરી કરવામાં આવે છે. ૧ થી ૯ ના આંકડા ની અસર અનુસાર થાય છે જેમકે :

અંક ૧ ને ૧,૩,૫ સાથે સુમેળ છે પણ અંક ૮ સાથે નથી, અંક ૨ ને ૨૭ અંક સાથે સુમેળ છે પણ ૯ અંક સાથે નથી,અંક ૩ ને ૩,૫,૬,૯ સાથે સુમેળ છે પણ ૨ સાથે બિલકુલ નથી,અંક ૪ ને ૪,૬,૮,૧ સાથે સુમેળ છે પણ ૫ નંબર અશુભ છે,અંક ૫ નો સુમેળ ૫ નંબર સાથે છે પણ ૪ નંબર અશુભ છે,અંક ૬ નંબર વાળા જાતક માટે ૩,૬,૯ અંક ખુબ શુભ માનવામાં આવે છે પરંતુ અંક ૫ નંબર ના જાતક એના માટે અશુભ માનવામાં આવે છે. આધુનિક ભારતમાં વર્તમાન સમયમાં ફલિત કુંડળી ના બદલે અંક શાસ્ત્ર જ્યોતિષ એ યુવાનો ને ઘેલા કર્યા છે.ટીવી ઈન્ડસ્ટ્રીઝ થી લઈને ફિલ્મ જગત,ઉધોગ પતિઓ વગેરે નો અંક શાસ્ત્ર અને અક્ષર શાસ્ત્ર જ્યોતિષ માં રસ વધ્યો છે. ગણેશ ખરા અંશે અંક અને અક્ષર શાસ્ત્ર જ્યોતિષ એ સાચું પણ સાબિત થઈ રહ્યું છે. જાતક ના જન્મ સમયે ફઈબા એ ગમ્યું એ નામ પાડી દીધું પરંતુ યુવાન થયા બાદ જોઈએ એવી પ્રગતિ ન મળતા જન્મ સમય કે તારીખ ને બદલી શકાતી નથી એટલે અંક શાસ્ત્ર જ્યોતિષીની સલાહ થી જાતક મૂળ નામ માં અમુક ફેરફારો કરાવતા હોય છે.

જ્યોતિષ શાસ્ત્ર નું મહત્વ માત્ર ભારત પૂરતું મર્યાદિત નથી દુનિયાભર માં વૈદિક જ્યોતિષ શાસ્ત્રની માફક ચાઈનીઝ જ્યોતિષ,પશ્ચિમી જ્યોતિષ, મેક્સિકો નું એકઝેટ તિથિ પત્ર જે માયા તિથિ પત્ર પરથી છે, આયર્લેન્ડ ના હસ્ત રેખાવિદ કીરો નું ભવિષ્ય કથન "કિરોમન્સી" (કહેવાય છે કે કીરો એ ભારત માં રહીને હસ્ત રેખા અને ગૂઢ વિદ્યા નું અધ્યયન કર્યું હતું) ,રોમન ગણ રાજ્ય માં અસ્તિત્વ માં આવેલ જુલિયન તિથિ પત્ર અનુસાર જુલિયન ક્લાવિધિ વગેરે વગેરે. કહેવાય છે કે ફ્રાન્સ ના ભવિષ્યવેતા તબીબ નોસ્ટ્રાડેમસ એ કરેલ ભવિષ્યવાણી વીસમી સદી ની શરૂઆત થતા જ અક્ષરશઃ સાચી સાબિત થવા લાગશે. નોસ્ટ્રાડેમસ એ એના "સેન્ચ્યુરીઝ" નામના પુસ્તક માં આવનાર ભવિષ્ય માં થનાર ભવિષ્યવાણી લખેલ છે. ફ્રેન્ચ ,સ્પેનિશ,હિબ્રુ અને લેટિન ભાષા માં સેન્ચ્યુરીઝ પુસ્તક નું ભાષાંતર થયા બાદ એની ભવિષ્યવાણીઓ વિશે ચર્ચાઓ દ્વારા ટીકા થઈ હતી પરંતુ વર્તમાન સમયમાં નિસ્ટ્રેડેમ્સ એ કરેલ અમુક આગાહીઓ સાચી પડતી અનુભવી શકાય છે. સાચું કહું તો જ્યોતિષ શાસ્ત્ર એ આપણા બધાના જીવન ની પ્રશ્ન કુંડળી નો એવો સચોટ જવાબ છે કે જેના લીધે માણસ એની લાઈફ સ્ટાઈલમાં નાના મોટા ફેરફાર કરી ને ખુદ ને મહદ અંશે તો સુખી કરી જ શકતા હોય છે..

..... ક્રમશઃ..

# દીપિકા પાદુકોણ ફરી માતા બનવાના છે? નવા લુકથી ફેન્સે અટકળો લગાવી



## દીપિકા પાદુકોણ ફરી માતા બનવાના છે?

બોલિવૂડની ટોચની અભિનેત્રી દીપિકા પાદુકોણએ હાલમાં જ સોશિયલ મીડિયા પર પોતાના નવા લુકની સુંદર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં દીપિકાએ ગાઉનમાં પોઝ આપ્યા છે અને કેપ્શનમાં 'રવિવારનો જલવો' લખ્યું છે. જોકે, આ તસવીરોમાં દીપિકા પાદુકોણ થોડી 'હેલ્ધી' દેખાતા ચાહકોએ એક મોટી અટકળ લગાવી છે. દીપિકા પાદુકોણ હેલ્ધી લુક જોઈને ઘણા યુઝર્સે કોમેન્ટ બોક્સમાં લખ્યું કે અભિનેત્રી ફરીથી ગર્ભવતી છે. એક યુઝરે લખ્યું, 'મા ફરીથી આવી ગઈ', જ્યારે બીજાએ 'મમ્મી અગેઈન' લખીને શુભેચ્છાઓ પાઠવી હતી. જોકે, આ કોમેન્ટ્સ પર દીપિકા પાદુકોણ બીજું બાળક વિશે અભિનેત્રીએ કોઈ પ્રતિક્રિયા આપી નથી. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે વર્ષ 2018માં લગ્ન કર્યા હતા અને ગયા વર્ષે એટલે કે 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેમની દીકરી દુઆ પાદુકોણ સિંહનું સ્વાગત કર્યું હતું. દીપિકા પાદુકોણ છેલ્લે ફિલ્મ 'સિંઘમ અગેઈન'માં જોવા મળી હતી. મીડિયા અહેવાલ મુજબ, હવે તે ટૂંક સમયમાં ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેમાં તેમની સાથે શાહરૂખ ખાન મુખ્ય ભૂમિકામાં હશે. આ ફિલ્મ ખાસ એટલા માટે પણ છે કારણ કે આ પહેલી ફિલ્મ હશે જેમાં શાહરૂખ ખાન અને તેમની દીકરી સુહાના ખાન સાથે કામ કરશે. દીપિકાની આ તસવીરો અને ફેન્સની કોમેન્ટ્સ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે.

**દીપિકા પાદુકોણ બીજું બાળક: ગયા વર્ષે દીકરી દુઆનો થયો હતો જન્મ.**



# બોક્સઓફિસ૨૦૨૫:'છાવ્વા'નો દબદબો, 'ધુરંધર' ટોપ ૩ માં!

## ફિલ્મે ₹૯૦ કરોડ સાથે 'હાઉસફુલ ૫'ને પછાડી દીધી

વર્ષ 2025ના બોક્સ ઓફિસ પર ફિલ્મોની ધમાકેદાર ટક્કર વચ્ચે ધુરંધર ઓપનિંગ વીકએન્ડ કલેક્શનની દ્રષ્ટિએ ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. રણવીર સિંહની આ ફિલ્મ 05 ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને ત્રણ દિવસમાં તેણે ૯૦ કરોડનું નેટ કલેક્શન નોંધાવ્યું છે. 'ધુરંધર' ફિલ્મે શુક્રવારે ૨૪.૫૦ કરોડની ઓપનિંગ કરી હતી, ત્યારબાદ શનિવારે ૨૭ કરોડની કમાણી થઈ હતી. રવિવારે ફિલ્મે જોરદાર ઉછાળો મારતા આશરે ૩૭ કરોડનું કલેક્શન કર્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ, રવિવારનો આ ગ્રોથ આશરે 40% જેટલો છે, જે ખાસ કરીને શહેરી-કેન્દ્રિત ફિલ્મ માટે અસાધારણ માનવામાં આવે છે. ૯૦ કરોડના અંદાજિત કલેક્શન સાથે રણવીર સિંહની ધુરંધર ફિલ્મે 'હાઉસફુલ 5' અને 'સૈયારા' જેવી ફિલ્મોને પાછળ છોડી દીધી છે.જોકે, વીકએન્ડ કલેક્શનની યાદીમાં 'છાવ્વા' પોતાનું શાસન જાળવી રાખ્યું છે. છાવ્વા બોક્સ ઓફિસ પર એકમાત્ર એવી ફિલ્મ છે જે પહેલા વીકએન્ડમાં ૧૦૦ કરોડના આંકડાને સ્પર્શી શકી છે. ઋત્વિક રોશન અને જુનિયર NTRની ફિલ્મ 'વૉર 2' ૯૮ કરોડ સાથે બીજા સ્થાન પર સ્થિર થઈ છે. સ્પાય એક્શન ડ્રામા 'ધુરંધર' પણ હવે આ વર્ષની સૌથી મોટી ઓપનિંગ વીકએન્ડ ફિલ્મોમાં સ્થાન પામી છે.

# 'કેદારનાથ'ના ૭ વર્ષ: સારા અલી ખાને સુશાંતને યાદ કરી આભાર માન્યો

## અભિનેત્રી સારાએ લખી ભાવનાત્મક પોસ્ટ, ૨૦૧૭માં પાછા જવાની ઈચ્છા વ્યક્ત કરી : સુશાંત સિંહ રાજપૂતે સારાને બ્લેક કોફી અને ટ્રેકિંગનો શોખ લગાવ્યો.



અભિનેત્રી સારા અલી ખાનની ડેબ્યૂ ફિલ્મ 'કેદારનાથ'ને 07 ડિસેમ્બરે ૭ વર્ષ પૂરા થયા છે. આ ખાસ અવસર પર સારાએ ફિલ્મમાં તેના સહ-કલાકાર દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતને યાદ કરીને સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે. સારાએ પોતાની આ પોસ્ટમાં ઈચ્છા વ્યક્ત કરી છે કે કાશ તે 2017ના એ જાદુઈ સમયમાં ફરી પાછી જઈ શકે. સારા અલી ખાને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે તે એ સમયની દરેક નાની પળને ફરીથી જીવવા, સંભાળવા અને તેની સાચી પ્રશંસા કરવા માટે ૨૦૧૭માં પાછા જવાની ઈચ્છા રાખે છે. તેમણે દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનો આભાર વ્યક્ત કરતા લખ્યું કે સુશાંતે જ તેમને 'બ્લેક કોફી', ટ્રેકિંગ પ્રત્યેનો પ્રેમ, 'ચાંદ' પ્રત્યેનો જુસ્સો અને કેમેરા માટેની સાચી ચાહતથી પરિચય કરાવ્યો હતો. પોતાની પોસ્ટમાં સારાએ જણાવ્યું કે તે આ સમયને 'દરરોજ મિસ કરે છે', પરંતુ આ સફરે તેમને જે કંઈ આપ્યું અને શીખવ્યું છે તેના માટે તે ખૂબ જ આભારી છે. તેમણે સુશાંતનો ખાસ કરીને હંમેશા જિજ્ઞાસુ રહેવા અને સતત પ્રયત્ન કરીને શીખવાની યાદ અપાવવા બદલ આભાર માન્યો હતો. આ સિવાય, સારાએ ફિલ્મના ડાયરેક્ટર અભિષેક કપૂર અને લેખક કનિકા ઢિલ્લોનનો પણ આભાર માનીને કહ્યું હતું કે આ યાદો આજે પણ તેમના માટે એક પવિત્ર ભાગ સમાન છે. કેદારનાથના ૭ વર્ષ પૂરા થતાં જ આ સારા અલી ખાન ભાવનાત્મક પોસ્ટ ઝડપથી વાયરલ થઈ રહી છે.

# કરીના કપૂરની બાળકોના ઉછેર પર ખાસ પોસ્ટ: 'માત્ર સ્માર્ટ નહીં'!

## અભિનેત્રી કરીનાએ શેર કર્યો ખાસ 'પેરન્ટિંગ નોટ', ચરિત્રને આપ્યું મહત્વ : કરીના કપૂરે કહ્યું: ગ્રેડ્સ અને ટ્રોફી પર ધૂળ જામે, પણ ચરિત્ર કાયમ

બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી અને બે બાળકોની માતા કરીના કપૂર સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે. હાલમાં જ કરીના કપૂર બાળકોનો ઉછેર કેવી રીતે કરવો તે વિશે એક ખાસ પોસ્ટ શેર કરીને તેમણે ચાહકોને 'હેપ્પી સંડે' કહ્યું છે. કરીના કપૂરની આ પેરન્ટિંગ ટિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કરીના કપૂરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોટ શેર કરી હતી, જેમાં બાળકોના ઉછેર વિશે ખૂબ જ ઊંડો સંદેશ આપવામાં આવ્યો છે. અભિનેત્રીએ લખ્યું છે કે, 'હું નથી ઈચ્છતી કે મારા બાળકો માત્ર સ્માર્ટ હોય. હું ઈચ્છું છું કે તેઓ દયાળુ હોય. જે લોકો અલગ છે, તેમને પ્રેમ કરે. જ્યારે પણ અવાજ કાંપી રહ્યો હોય, ત્યારે પણ પોતાની વાત રજૂ કરે. દુનિયા મજાક ઉડાવે તો પણ વિશ્વાસ સાથે જીવે.' પોતાના સંદેશને આગળ વધારતા કરીનાએ કહ્યું કે, 'કારણ કે ગ્રેડ્સ ઓછા થઈ જાય છે, નોકરીઓ બદલાઈ જાય છે, ટ્રોફીઓ પર ધૂળ જામી જાય છે, પરંતુ ચરિત્ર? તે હંમેશા માટે છે.' કરીના કપૂર પેરન્ટિંગ ટિપ્સમાં તેમણે પોતાના બાળકો માટે કયા મૂલ્યો મહત્વના છે તે સ્પષ્ટપણે જણાવ્યું હતું. વર્કફ્રન્ટની વાત કરીએ તો, કરીના કપૂર હાલમાં જ 'ડાઈનિંગ વિથ ધ કપૂર્સ'માં જોવા મળી હતી. મીડિયા અહેવાલ મુજબ, હવે તે ટૂંક સમયમાં મેઘના ગુલઝાર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'દાયરા' માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે, જેમાં સાઉથ એક્ટર પૃથ્વીરાજ સુકુમારન પણ મુખ્ય ભૂમિકામાં હશે.



# ટીવીના લક્ષ્મણની વહુ સારા ખાનનો ગ્લેમરસ લુક છવાયો!



'બિદાઈ' શોમાં સાધનાની ભૂમિકા ભજવીને જાણીતી થયેલી અભિનેત્રી સારા ખાન આજકાલ પોતાના ગુપ્ત લગ્નને લઈને સતત ચર્ચામાં છે. સારા ખાને અભિનેતા કૃષ પાઠક સાથે કોર્ટ મેરેજ કરીને પોતાના ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. જોકે, આ લગ્ન બાદ તે જેટલી ખુશ છે, તેટલી જ ધર્મના તફાવતના કારણે ટ્રોલ પણ થઈ રહી છે, કારણ કે સારા મુસ્લિમ પરિવારમાંથી છે જ્યારે કૃષ પાઠક હિંદુ પરિવારમાંથી આવે છે. લાંબા સમયથી ટીવી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહેલી સારા ખાન આજે સફળતાના એક મોટા મુકામ પર છે. મીડિયા રિપોર્ટ મુજબ, સારા ખાનની નેટવર્થ આશરે 12 કરોડથી 15 કરોડની વચ્ચે છે. તે ખૂબ જ લક્ઝરી લાઈફ જીવે છે. સારા ખાન મુખ્યત્વે ટીવી શો, વેબ સિરીઝ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ દ્વારા કમાણી કરે છે. જોકે, હાલમાં તે કોઈ ટીવી શોમાં જોવા મળી રહી નથી, પરંતુ સોશિયલ મીડિયા પર તે ઘણી સક્રિય રહે છે. સોશિયલ મીડિયા પર સારા ખાનની ફેન ફોલોવિંગ શાનદાર છે, તેમને ઈન્સ્ટાગ્રામ પર 2.2 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. સારા ખાન કૃષ પાઠક લગ્ન પહેલા તેણે બિગ બોસના ઘરમાં અલી મર્ચન્ટ સાથે પણ લગ્ન કર્યા હતા, પરંતુ તે લગ્ન માત્ર 2 મહિનામાં જ તૂટી ગયા હતા. સારા ખાને આરોપ લગાવ્યો હતો કે અલી મર્ચન્ટ લગ્ન પછી તેમને દગો આપી રહ્યો હતો, જેના કારણે તેમનો સંબંધ લાંબો ટકી શક્યો નહોતો.

# ગૌરવ ખન્ના બન્યા 'બિગ બોસ ૧૯'ના વિજેતા, જીત્યા ₹૫૦ લાખ!



લોકપ્રિય હિન્દી રિયાલિટી શો 'બિગ બોસ 19' નો પડદો આ રવિવારે ગ્રાન્ડ ફિનાલે સાથે પડી ગયો છે, જેમાં ટેલિવિઝન અભિનેતા ગૌરવ ખન્ના વિજેતા તરીકે જાહેર થયા છે. આ સિઝનનું પ્રીમિયર 24 ઓગસ્ટે થયું હતું અને ત્રણ મહિનાથી વધુ સમય સુધી આ શોએ તેના હાઈ-વોલ્ટેજ ડ્રામા, તીવ્ર ઝઘડાઓ, મિત્રતા અને ભાવનાત્મક ક્ષણો સાથે દર્શકોને જકડી રાખ્યા હતા. શરૂઆતમાં શાંત અને થોડાક સંરક્ષિત માનવામાં આવતા હોવા છતાં, બિગ બોસ 19 વિજેતા ગૌરવ ખન્ના એક જબરદસ્ત સ્પર્ધક તરીકે ઉભરી આવ્યા. તેમની શાંત અને સંયમિત વિચારસરણી, સાથે જ મુખ્ય કાર્યો દરમિયાન અપનાવેલી વ્યૂહાત્મક રમત તેમને ટોચ પર પહોંચાડવામાં મદદરૂપ સાબિત થઈ. આખરે, ગૌરવ ખન્નાએ ટ્રોફી પોતાના નામે કરી અને સાથે ૫૦ લાખ રોકડ ઈનામ પણ ઘરે લઈ ગયા. ફિનાલેમાં સ્પર્ધા ખૂબ જ રોમાંચક હતી, જેમાં ફરહાના ભટ્ટ ફર્સ્ટ રનર અપ રહી હતી. પોતાની ઉર્જા અને લવચીકતાથી ફરહાનાએ દર્શકોને પ્રભાવિત કર્યા, પરંતુ તે થોડાક માર્જિનથી ખિતાબ ચૂકી ગઈ. આ ફિનાલેમાં ક્રમશઃ અમાલ મલિક, તાન્યા મિત્તલ અને ત્યારબાદ પ્રણીત મોરે બહાર થયા હતા. ગૌરવ ખન્નાની જીત સાથે, 'બિગ બોસ 19'ની આ સિઝન ડ્રામા, રણનીતિ અને મનોરંજનના મિશ્રણ સાથે સમાપ્ત થઈ છે.

**ફરહાના ભટ્ટ ફર્સ્ટ રનર અપ રહી, અંતિમ સ્પર્ધામાં આપી ટક્કર**



# પવન સિંહને બિશ્નોઈની ધમકી છતાં 'બિગ બોસ ૧૯'માં હાજરી!



ભોજપુરી સિનેમાના સુપરસ્ટાર પવન સિંહને તાજેતરમાં જ લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્યો તરફથી ધમકીભર્યો કોલ આવ્યો હતો. આ ધમકીમાં તેમને 'બિગ બોસ 19' ના ગ્રાન્ડ ફિનાલેમાં સલમાન ખાન સાથે સ્ટેજ શેર ન કરવાની ચેતવણી આપવામાં આવી હતી. જોકે, પવન સિંહ લોરેન્સ બિશ્નોઈ ગેંગની ધમકીને અવગણીને ફિનાલેમાં પહોંચ્યા હતા અને સલમાન ખાન સાથે મંચ પર ધમાકેદાર ડાન્સ પર્ફોમન્સ પણ આપ્યું હતું. મીડિયા રિપોર્ટ મુજબ, પવન સિંહને શનિવારે એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો, જેમાં કોલ કરનારે પોતાને બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો ગણાવ્યો હતો. તેણે અભિનેતાને સલમાન ખાન ધમકીના સંદર્ભમાં સ્ટેજ શેર ન કરવાની સલાહ આપી હતી અને સાથે જ પૈસાની માંગણી પણ કરી હતી. માંગણીઓ ન સ્વીકારવા પર ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી પણ આપવામાં આવી હતી. જોકે, પવન સિંહે આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી, પરંતુ તેમની ટીમે સુરક્ષા એજન્સીઓને આ ઘટનાની જાણ કરી દીધી છે. ધમકીઓ મળવા છતાં, પવન સિંહ 'બિગ બોસ 19'ના ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચ્યા હતા અને પૂર્વ સ્પર્ધક નીલમ ગિરી સાથે જોરદાર ડાન્સ કર્યો હતો. આ દરમિયાન સલમાન ખાન પણ તેમની સાથે થિરકતા જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબરથી જ ઈન્ટેલિજન્સ બ્યુરોના રિપોર્ટ બાદ પવન સિંહને ગૃહ મંત્રાલય દ્વારા Y-કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે.

# 'બિગ બોસ ૧૯' ફિનાલેમાં ધર્મેન્દ્રને યાદ કરી સલમાન ખાન રડી પડ્યા!

**'આપણે સૌથી અદ્ભુત વ્યક્તિ ગુમાવ્યા છે. મને નથી લાગતું કે ધરમજીથી સારો કોઈ વ્યક્તિ છે.'**

**સલમાન ખાન ભાવુક થઈને બોલ્યા: ધરમજીથી સારો કોઈ વ્યક્તિ નથી, બોલિવૂડના 'હી-મેન' ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બરે ૮૯ વર્ષની વયે નિધન થયું**

'બિગ બોસ 19'ના ગ્રાન્ડ ફિનાલેના મંચ પર હોસ્ટ સલમાન ખાન ધર્મેન્દ્રના નિધનને યાદ કરીને ખૂબ જ ભાવુક થઈ ગયા હતા અને પોતાના આંસુ રોકી શક્યા નહોતા. બોલિવૂડના દિગ્ગજ અભિનેતા, જેમને પ્રેમથી 'હી-મેન' કહેવામાં આવતા હતા, તેમનું નિધન 24 નવેમ્બરના રોજ 89 વર્ષની વયે થયું હતું. બિગ બોસ ૧૯ ફિનાલેમાં સલમાન ખાને ધર્મેન્દ્રને યાદ કરીને કહ્યું કે તેમણે પોતાના સમગ્ર કરિયરમાં ધરમજીને ફોલો કર્યા છે. સલમાન ખાન ધર્મેન્દ્રના સંસ્મરણો વાગોળતા રડી પડ્યા અને કહ્યું કે, 'આપણે સૌથી અદ્ભુત વ્યક્તિ ગુમાવ્યા છે. મને નથી લાગતું કે ધરમજીથી સારો કોઈ વ્યક્તિ છે.' 'સિકંદર' અભિનેતાએ વધુમાં ઉમેર્યું કે ધરમજીએ ૬૦ વર્ષ સુધી મનોરંજન જગતને આપ્યું અને 'કિંગ સાઈઝ' જીવન જીવ્યા. તેમણે ધર્મજીની એ વાતની પ્રશંસા કરી કે તેમણે ઈન્ડસ્ટ્રી જોઈન કર્યાના સમયથી લઈને અંત સુધી માત્ર સારું કામ કરવાની જ ઈચ્છા રાખી હતી. ધર્મેન્દ્રનું નિધન 24 નવેમ્બરે થયું હતું, જે સલમાનના પિતાનો જન્મદિવસ છે, અને 8મી ડિસેમ્બર ધરમજી અને સલમાનની માતાનો જન્મદિવસ છે. આ લાગણીશીલ જોડાણને યાદ કરીને સલમાને કહ્યું કે ધરમજીની પ્રાર્થના સભા ગરિમા અને સન્માન સાથે યોજવામાં આવી હતી. તેમણે સની દેઓલ અને બોબી દેઓલની પ્રશંસા કરી અને કહ્યું કે, 'દરેક વ્યક્તિ રડી રહ્યું હતું

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## આંસુ સાથે લેન્ડો નોરિસે ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો

**● અબુ ધાબીમાં મેક્સ વર્સ્ટાપેનના ચાર વર્ષના શાસનનો આખરે આવ્યો અંત, હેમિલ્ટન પછી મેકલેરન માટે આ ૧૩મો ડ્રાઈવર્સ ચેમ્પિયનશિપ ખિતાબ**



(એજન્સી) અબુધાબી | તા.08

બ્રિટનના યુવા ડ્રાઈવર લેન્ડો નોરિસએ રવિવારે અબુ ધાબીમાં સિઝનના અંતિમ રેસમાં ત્રીજા સ્થાને રહીને પોતાનો પ્રથમ ફોર્મ્યુલા વન વર્લ્ડ ડ્રાઈવર્સ ટાઈટલ જીતી લીધો છે, જેનાથી મેક્સ વર્સ્ટાપેનના ચાર વર્ષના શાસનનો અંત આવ્યો. રેસ વિજેતા વર્સ્ટાપેન અને મેકલેરન ટીમના સાથી ઓસ્કાર પિઆસ્ટ્રીથી પાછળ રહીને પણ નોરિસ માત્ર બે પોઈન્ટના માર્જિનથી ચેમ્પિયન બન્યા. ફ્લડલાઈટથી ઝળહળતા યાસ મરિના સર્કિટ પર પોડિયમ પર લેન્ડો નોરિસ ભાવુક થઈ ગયા અને આંસુ સાથે કહ્યું, 'મને લાગતું નહોતું કે હું રડીશ, પણ હું રડ્યો. હું મારા માતા-પિતાનો આભાર માનું છું, જેમણે શરૂઆતથી મને ટેકો આપ્યો. આ અદ્‌ભુત લાગણી છે. હવે હું થોડું સમજી શકું છું કે મેક્સને કેવું લાગતું હશે.' ટીમ પ્રિન્સિપાલ એન્ડ્રીયા સ્ટેલા અને સીઈઓ ઝેક બ્રાઉનની આગેવાની હેઠળની મેકલેરને ગયા મહિને સિંગાપોરમાં સતત બીજું કન્સ્ટ્રક્ટર ટાઈટલ સુરક્ષિત કર્યું હતું. અમેરિકન સીઈઓ બ્રાઉને આ જીતને 'ઉત્તેજક, થોડી વધારે પડતી ઉત્તેજક અને શાનદાર' ગણાવી હતી.

## ક્રિસ્ટલ પેલેસની અણધારી સફળતા, ફુલહામને હરાવી ચોથા સ્થાને પહોંચી

બ્રિટન: ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં રવિવારે મોટો ઉલટફેર જોવા મળ્યો હતો, જ્યાં ક્રિસ્ટલ પેલેસએ ફૂલહામને ૨-૧થી હરાવીને પોઈન્ટ ટેબલમાં ચોથું સ્થાન મેળવ્યું છે. આ અણધારી સફળતાએ પેલેસને ચેમ્પિયન્સ લીગ ક્વોલિફિકેશનના સ્થાનોમાં પહોંચાડી દીધું છે. ક્રિસ્ટલ પેલેસ માટે નિર્ણાયક ગોલ ઈંગ્લેન્ડના ડિફેન્ડર માર્ક ગુએહીએ મેચની છેલ્લી મિનિટોમાં ક્રેવન કોટેજ ખાતે હેડર દ્વારા કર્યો હતો. આ જીત ઓલિવર ગ્લાસનરની ટીમને ચેલ્સી અને એવર્ટનથી આગળ લઈ ગઈ છે, જે તેમની છેલ્લી છ લીગ મેચોમાંથી ચોથી જીત છે. અત્યાર સુધી ઈંગ્લિશ ફૂટબોલના પણ 'અન્ય દોડવીર' ગણાતા ક્રિસ્ટલ પેલેસ માટે આ એક સુવર્ણ સમયગાળો છે, જેમાં ગયા સિઝનની એફએ કપ ફાઈનલમાં માન્ચેસ્ટર સિટી સામેનો વિજય અને આ સિઝનની શરૂઆતમાં લિવરપૂલ સામે કોમ્યુનિટી શીલ્ડની જીતનો સમાવેશ થાય છે.

## યુવા સિમરનપ્રીત કૌરે ૨૫ મીટર પિસ્તોલમાં ગોલ્ડ જીતીને ઈતિહાસ રચ્યો

દોહા: યુવા ભારતીય શૂટર સિમરનપ્રીત કૌર બ્રારએ દોહામાં યોજાયેલી ISSF વિશ્વ કપ ફાઈનલમાં એક પડકારજનક ક્ષેત્રને હરાવીને મહિલાઓની ૨૫ મીટર પિસ્તોલ ગોલ્ડ મેડલ જીત્યો છે. આ સાથે જ પુરુષોની ૫૦ મીટર રાઈફલ થ્રી-પોઝિશનમાં ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમરએ પોતાના વર્લ્ડ કપ ફાઈનલ ડેબ્યુમાં જ સિલ્વર મેડલ મેળવ્યો. ૨૫ મીટર રેપિડ-ફાયર પિસ્તોલમાં વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલ્વર મેડલ વિજેતા અનીશ ભાનવાલાએ પણ વધુ એક સિલ્વર સાથે વર્ષનો અંત કર્યો, જેનાથી ભારતનો મેડલનો આંકડો ૬ પર પહોંચ્યો છે, જેમાં બે ગોલ્ડ, ત્રણ સિલ્વર અને એક બ્રોન્ઝનો સમાવેશ થાય છે. સિમરનપ્રીત કૌર, જેમણે આ વર્ષની શરૂઆતમાં લિમા ખાતે વર્લ્ડ કપમાં સિલ્વર જીત્યો હતો, તેના પિતાએ તેમની પુત્રીને સમર્થન આપવા માટે સરકારી નોકરી છોડી દીધી હતી. સિમરનપ્રીતે ફાઈનલમાં ૪૧નો શાનદાર સ્કોર કરીને કારકિર્દીની સૌથી મોટી સિદ્ધિ મેળવી અને વર્લ્ડ જુનિયર રેકોર્ડની બરાબરી પણ કરી. ક્વાલિફિકેશન રાઉન્ડમાં ૫૮૫નો સ્કોર કરીને ફાઈનલમાં પહોંચેલી સિમરનપ્રીતે શરૂઆતમાં સંઘર્ષ કર્યા બાદ ત્રણ પરફેક્ટ ૫ના સ્કોર કરીને ચીનની એસ શૂટર યાઓ કિઆનક્સુન (૩૬ પોઈન્ટ્સ) અને જર્મનીની પૂર્વ ચેમ્પિયન ડોરીન વેન્નેકેમ્પને હરાવીને ગોલ્ડ જીત્યો.



## દક્ષિણ આફ્રિકા સામે ધમાલ મચાવી વિરાટ કોહલી લંડન થયા રવાના

**સ્ટાર બેટ્સમેન હવે વિજય હઝારે ટ્રોફી રમવા ભારત પરત ફરશે : મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા કોહલી, ફેન્સમાં ઉત્સાહનો માહોલ**



(એજન્સી) મુંબઇ | તા.08

ભારતીય વનડે ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી દક્ષિણ આફ્રિકા સામેની શાનદાર વનડે સિરીઝ પૂરી કરીને રવિવારે લંડન રવાના થયા હતા. શનિવારે વિશાખાપટ્ટનમમાં દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી વનડેમાં ભારતની 2-1થી સિરીઝ જીત બાદ કોહલીને મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. જોકે, તેમના ચાહકો માટે સારા સમાચાર એ છે કે કોહલી લાંબા સમય સુધી વિદેશમાં નહીં રહે અને ટૂંક સમયમાં જ વિજય હઝારે ટ્રોફી રમવા માટે ભારત પરત ફરશે. મીડિયા અહેવાલ મુજબ, વિરાટ કોહલીએ દિલ્હીની ટીમ વતી વિજય હઝારે ટ્રોફીમાં રમવા માટે પોતાની હાજરીની પુષ્ટિ કરી છે. ડીડીસીએના અધ્યક્ષ રોહન જેતલીએ આ સમાચારને સમર્થન આપતા જણાવ્યું હતું કે, 'તેઓ કેટલા મેચ રમશે તે હજી સ્પષ્ટ નથી, પરંતુ તેમની હાજરીથી દિલ્હી ટીમના ડ્રેસિંગ રૂમને મોટો પ્રોત્સાહન મળશે.' દિલ્હીની ટીમ આ ટૂર્નામેન્ટમાં પોતાના પાંચ મેચ અલૂરમાં અને બાકીના બે બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમશે. ટૂર્નામેન્ટનો પ્રારંભ 24 ડિસેમ્બરથી અમદાવાદમાં થવા જઈ રહ્યો છે. ૩૭ વર્ષીય વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકા સામેની વનડે સિરીઝમાં બે સદી અને એક અર્ધસદીની મદદથી કુલ ૩૦૨ રન ફટકાર્યા હતા અને તેમને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો હતો. આ પ્રદર્શન સાથે કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮૪ સદી (વનડેમાં ૫૩) ફટકારીને સચિન તેંડુલકરના ૪૯ વનડે સદીના રેકોર્ડને પણ પાર કરી ગયા છે. કોહલી છેલ્લે ૨૦૧૩માં દિલ્હી વતી ૫૦ ઓવરનો મેચ રમ્યા હતા, તેથી તેમની આ વાપસી ઘરેલુ ક્રિકેટ માટે એક મોટી વાત છે.

## પ્લેયર ઓફ ધ સિરીઝ બન્યા બાદ વિરાટ કોહલી પહોંચ્યા નરસિંહ સ્વામી મંદિર



ક્રિકેટ બાદ વિરાટ કોહલીએ વિશાખાપટ્ટનમમાં કરી વિશેષ પૂજા-અર્ચના : સાઉથ આફ્રિકા સિરીઝમાં ધમાકેદાર પ્રદર્શન બાદ મંદિરે પહોંચ્યા કોહલી

(એજન્સી) વિશાખાપટ્ટનમ | તા.08

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકા સામેની વનડે સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ આધ્યાત્મિક શાંતિ માટે વિશાખાપટ્ટનમ સ્થિત શ્રી લક્ષ્મી નરસિંહ સ્વામી મંદિરની મુલાકાત લીધી હતી. કોહલી રવિવારના રોજ એકલા જ મંદિરે પહોંચ્યા હતા અને તેમણે ભગવાન વરાહ લક્ષ્મી નરસિંહની વિધિવત પૂજા-અર્ચના કરી હતી. તેમની આ ભક્તિમય મુલાકાતનો વિડિયો સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રણ મેચોની વનડે સિરીઝ તાજેતરમાં જ પૂરી થઈ, જેમાં ભારતે 2-1થી જીત મેળવી. શનિવારના રોજ વિશાખાપટ્ટનમમાં રમાયેલા ત્રીજા અને નિર્ણાયક વનડેમાં ભારતે નવ વિકેટથી આસાન જીત મેળવી. આ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવવા બદલ વિરાટ કોહલીને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કોહલીએ આ ત્રણ મેચની સિરીઝમાં બે સદી અને એક અર્ધસદી સહિત કુલ 302 રન ફટકાર્યા હતા. આ પહેલીવાર છે જ્યારે કોહલીએ ત્રણ કે તેથી ઓછી મેચની દ્વિપક્ષીય વનડે સિરીઝમાં 300થી વધુ રન બનાવ્યા હોય, જે તેમના આંતરરાષ્ટ્રીય સદીઓની કુલ સંખ્યા 84 પર પહોંચાડે છે. મીડિયા અહેવાલ મુજબ, આ વર્ષની શરૂઆતમાં ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લીધા પછી, વિરાટ કોહલી હવે ફક્ત વનડે ફોર્મેટમાં જ ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેઓ પોતે પણ કહી ચૂક્યા છે કે એક જ ફોર્મેટ રમવાથી માનસિક દબાણ ઘટ્યું છે અને તેઓ રમતનો વધુ આનંદ માણી રહ્યા છે. કોચ ગૌતમ ગંભીર પણ ત્રીજા વનડે પહેલા આ જ નરસિંહ સ્વામી મંદિરના દર્શન કરવા પહોંચ્યા હતા.

## ૭ ખેલાડી OUT, સૂર્યકુમાર કપ્તાન: પહેલા ટી૨૦માં ભારતની નવી પ્લેઈંગ ઈલેવન

**શુભમન ગિલ અને હાર્દિક પંડ્યાની વાપસી, યુવા બ્રિગેડ દક્ષિણ આફ્રિકા સામે સજ્જ**

**મંગળવારે કટકના બારાબતી સ્ટેડિયમમાં સાંજે ૭ વાગ્યે થશે પ્રથમ ટી૨૦નો પ્રારંભ**



(એજન્સી) કટક | તા.08

વનડે સિરીઝમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યા બાદ હવે ટીમ ઈન્ડિયા ટી૨૦ સિરીઝમાં પણ પ્રોટિયાઝને હરાવવાનો લક્ષ્યાંક ધરાવે છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચોની ટી૨૦ સિરીઝનો પ્રારંભ મંગળવાર, ૯ ડિસેમ્બરથી થશે. પ્રથમ ટી૨૦ મુકાબલો કટકના બારાબતી સ્ટેડિયમમાં રમાશે, જેની શરૂઆત ભારતીય સમય મુજબ સાંજે ૭ વાગ્યે થશે, જ્યારે ટોસ સાંજે ૬:૩૦ વાગ્યે થશે. વનડે સિરીઝની તુલનામાં આ ટી૨૦ સિરીઝમાં ૭ જેટલા સિનિયર ખેલાડીઓ બહાર છે. તેમાં રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ, કેએલ રાહુલ, રવિન્દ્ર જાડેજા અને પ્રસિદ્ધ કૃષ્ણાનો સમાવેશ થાય છે. આ તમામ ખેલાડીઓ વનડે સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ તેઓ ટી૨૦ ફોર્મેટનો ભાગ નથી. સૌથી સકારાત્મક સમાચાર એ છે કે યુવા ઓપનર શુભમન ગિલ હવે ફિટ થઈ ગયા છે. તેઓ પહેલા ટી૨૦માં અભિષેક શર્મા સાથે ઈનિંગ્સની શરૂઆત કરશે. આ ઉપરાંત સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પણ ટીમમાં પરત ફર્યા છે, જે બેટિંગ અને બોલિંગ બંનેમાં સંતુલન લાવશે. કોચ ગૌતમ ગંભીર અને કપ્તાન સૂર્યકુમાર યાદવ માટે સંજુ સેમસન અને જીતેશ શર્મામાંથી વિકેટકીપર તરીકે કોને તક આપવી તે મોટો સવાલ રહેશે.

### સંભવિત પ્લેઈંગ ઈલેવન અને લાઈવ પ્રસારણ

સંભવિત પ્લેઈંગ ઈલેવન: અભિષેક શર્મા, શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ (કપ્તાન), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, જીતેશ શર્મા (વિકેટકીપર), અક્ષર પટેલ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા/અર્શદીપ સિંહ અને જસપ્રીત બુમરાહ.

આ પાંચ મેચોની ટી૨૦ સિરીઝના તમામ મુકાબલા ટીવી પર સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્કની ચેનલો પર અને મોબાઈલ પર જિઓહૉટસ્ટાર પર લાઈવ જોઈ શકાશે.

## શાકિબ અલ હસને કબૂલ્યું: જાણીજોઈને અવૈધ બોલિંગ એક્શન કરી રહ્યો હતો



**■ ૨૦૨૪માં કાઉન્ટી ક્રિકેટ દરમિયાન થાકને કારણે બોલિંગ એક્શન પર ઉઠ્યા હતા સવાલ**

**■ ECB અને ICCના નિયમો હેઠળ લાગ્યો હતો પ્રતિબંધ, હવે પૂર્વ ક્રિકેટરનો ખુલાસો**

(એજન્સી) ઢાકા | તા.08

બૅંગ્લાદેશના દિગ્ગજ ઓલરાઉન્ડર શાકિબ અલ હસનએ પોતે સ્વીકાર્યું છે કે વર્ષ ૨૦૨૪માં જ્યારે તે કાઉન્ટી ક્રિકેટમાં સરે ક્લબ માટે રમી રહ્યા હતા, ત્યારે તેઓ જાણી જોઈને અવૈધ બોલિંગ એક્શન સાથે બોલિંગ કરી રહ્યા હતા. આ કબૂલાતથી ક્રિકેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે.આ મામલો સરે અને સોમરસેટ વચ્ચેની કાઉન્ટી મેચનો છે. ડિસેમ્બર ૨૦૨૪માં થયેલી તપાસમાં શાકિબ અલ હસનનું એક્શન અવૈધ જણાયું હતું. ત્યારબાદ ECB (ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ) દ્વારા તેમને યુકેમાં કોઈપણ મેચ કે ટૂર્નામેન્ટમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને ICCના નિયમો મુજબ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પર પણ પ્રતિબંધ લાગુ પડ્યો હતો. 'બિયર્ડ બિફોર વિકેટ' પોડકાસ્ટ પર વાત કરતા શાકિબે ખુલાસો કર્યો કે થાક મુખ્ય કારણ હતું. તેમણે કહ્યું, 'મને લાગે છે કે હું તે જાણી જોઈને કરી રહ્યો હતો, કારણ કે મેં એક મેચમાં ૬૩થી વધુ ઓવર ફેંકી હતી. મેં મારા સમગ્ર કારકિર્દીમાં ક્યારેય એક ટેસ્ટ મેચમાં પણ આટલી ઓવરો ફેંકી નથી. હું તેની પહેલા પાકિસ્તાનમાં ટેસ્ટ સિરીઝ રમીને સીધો કાઉન્ટી મેચ રમવા આવ્યો હતો. હું ખૂબ જ થાકેલો હતો.'

**અમ્પાયરના નિર્ણયનું સન્માન...**શાકિબ અલ હસનએ અમ્પાયરો દ્વારા તેમને રમતમાંથી બહાર કરવાના નિર્ણયનું સન્માન કર્યું, જોકે તેમણે કહ્યું કે પહેલા ચેતવણી આપી શકાઈ હોત. તેમણે સ્વીકાર્યું, 'તે નિયમોમાં લખેલું છે, તેથી તેમની પાસે મને હટાવવાનો અધિકાર હતો. એટલે મેં કોઈ ફરિયાદ ન કરી.' યુકેમાં અને ત્યારબાદ ચેન્નાઈમાં થયેલી બીજી તપાસમાં પણ શાકિબ નિષ્ફળ રહ્યા હતા. ત્યારબાદ તેમણે સરે પરત જઈને કોચો સાથે માત્ર ૨ ટ્રેનિંગ સેશન બાદ જ પોતાની બોલિંગ એક્શનને સુધારી લીધી હતી અને ફરીથી ક્રિકેટમાં સક્રિય થઈ ગયા હતા.

## મિચેલ સ્ટાર્કના ૮ વિકેટ: ગાબા ટેસ્ટ જીતી એશિઝમાં ઓસ્ટ્રેલિયાની ૨-0ની લીડ

**જો રૂટની ઓસ્ટ્રેલિયન ધરતી પર પ્રથમ ટેસ્ટ સદી છતાં ઈંગ્લેન્ડનો પરાજય**

(એજન્સી) ગાબા | તા.08

ઓસ્ટ્રેલિયાએ બીજા એશિઝ ટેસ્ટ મેચમાં પણ ઈંગ્લેન્ડને ૮ વિકેટથી કારમી હાર આપી છે. ગાબામાં રમાયેલા આ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાને જીતવા માટે માત્ર ૬૫ રનનો નાનકડો લક્ષ્યાંક મળ્યો હતો, જે તેણે માત્ર બે વિકેટ ગુમાવીને સરળતાથી હાંસલ કરી લીધો. આ જીત સાથે કાંગારૂઓએ પાંચ મેચોની સિરીઝમાં ઈંગ્લેન્ડ પર ૨-૦ની મજબૂત લીડ મેળવી લીધી છે, જે ઈંગ્લેન્ડની મુશ્કેલી વધારી રહી છે. આ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટએ ઓસ્ટ્રેલિયન ધરતી પર પોતાની સૌપ્રથમ ટેસ્ટ સદી ફટકારી હતી અને પ્રથમ ઈનિંગમાં ૧૩૮ રન બનાવી નોટઆઉટ રહ્યા હતા, પરંતુ તેમની આ શાનદાર ઈનિંગ પણ ટીમને હારથી બચાવી શકી નહોતી. ઈંગ્લેન્ડે પ્રથમ ઈનિંગમાં ૩૩૪ રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ સ્ટીવ સ્મિથ, માર્નસ લાબુશેન, જેક વેદરાલ્ડ, એલેક્સ કેરી અને મિચેલ સ્ટાર્કના અર્ધશતકોની મદદથી ૫૧૧ રન બનાવી ૧૭૭ રનની વિશાળ લીડ મેળવી હતી. મેચમાં ટકી રહેવા માટે ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં મોટો સ્કોર કરવો જરૂરી હતો, પરંતુ સતત વિકેટ પડવાને કારણે ટીમ ૨૪૧ રનમાં સમેટાઈ ગઈ. બીજી ઈનિંગમાં બેન સ્ટોક્સના ૫૦ અને વિલ જેક્સના ૪૧ રન સિવાય કોઈ મોટો સ્કોર નોંધાયો નહોતો.



### સ્ટાર્ક અને સ્મિથનો દબદબો

૬૫ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમે ૩૭ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ચોથા ક્રમે બેટિંગ કરવા આવેલા સ્ટીવ સ્મિથએ માત્ર ૯ બોલમાં ૨૫૫ના તોફાની સ્ટ્રાઈક રેટથી ૨ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૨૩ રન બનાવીને ટીમને ઝડપી જીત અપાવી. બોલિંગમાં મિચેલ સ્ટાર્ક છવાયેલા રહ્યા, જેમણે પ્રથમ ઈનિંગમાં ૬ અને બીજી ઈનિંગમાં ૨ વિકેટ સાથે કુલ ૮ વિકેટ ઝડપી અને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર થયા. સ્ટાર્ક હવે બે મેચોમાં ૧૮ વિકેટ સાથે આ સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે, જે ઈંગ્લેન્ડના બ્રાઈડન કાર્સ (૯ વિકેટ)થી ઘણો આગળ છે.

**સપનું કચડાયું // હવે બ્રોન્ઝ મેડલ માટે ભારત આર્જેન્ટિના સામે ટકરાશે**

## ભારતનું જુનિયર હોકી વર્લ્ડ કપ જીતવાનું સપનું તૂટ્યું: જર્મની સામે હાર

**નવ વર્ષના અંતરાલ પછી ખિતાબ જીતવાની ભારતની આશા ધૂળમાં મળી ગઈ**

(એજન્સી) ચેન્નાઇ | તા.08

ભારતનું FIH જુનિયર હોકી વર્લ્ડ કપ ફરી જીતવાનું સપનું રવિવારે ચેન્નાઈમાં ચકનાચૂર થઈ ગયું. સેમિફાઈનલમાં સાત વખતની ચેમ્પિયન અને વર્તમાન ખિતાબ ધારક જર્મની સામે ભારતને ૧-૫થી કારમી હારનો સામનો કરવો પડ્યો. ભારતે છેલ્લે ૨૦૧૬માં લખનઉ ખાતે જુનિયર વર્લ્ડ કપ જીત્યો હતો, પરંતુ આ વખતે નવ વર્ષના અંતરાલ પછી ફરીથી ખિતાબ મેળવવાની આશા જર્મની સામેની આ હારમાં ધૂળમાં મળી ગઈ છે. ક્રૂર દેખાવ કરતી જર્મન ટીમે લુકાસ કોસેલ (૧૪મી, ૩૦મી મિનિટ), ટાઈટસ વેક્સ (૧૫મી), જોનાસ વોન ગરસુમ (૪૦મી) અને બેન હેસબાખ (૪૯મી) દ્વારા ગોલ કર્યા હતા. ભારત તરફથી એકમાત્ર ગોલ ૫૧મી મિનિટે એનમોલ એક્કાએ પેનલ્ટી કોર્નરને કન્વર્ટ કરીને કર્યો હતો. શરૂઆતમાં ભારતે સકારાત્મક શરૂઆત કરી, પરંતુ મેચ આગળ વધતા જ જર્મનીએ રમત પર કાબૂ મેળવી લીધો. ૧૩મી મિનિટે જર્મનીને પેનલ્ટી સ્ટ્રોક મળ્યો, જેના પર લુકાસ કોસેલે ગોલ કરીને લીડ મેળવી. પ્રથમ ક્વાર્ટરના અંતે વેક્સે બીજો ગોલ કરીને લીડ બમણી કરી, અને બીજા ક્વાર્ટરના અંતના ૧૧ સેકન્ડ પહેલાં જ કોસેલે વધુ એક ગોલ કરીને હાફ-ટાઈમ સુધી જર્મનીને ૩-૦ની મજબૂત સરસાઈ અપાવી દીધી હતી. હાફ-ટાઈમ પછી સૌરભ આનંદ કુશવાહાએ ખુલ્લા ગોલ સામે તક ગુમાવતા ભારતની મુશ્કેલી વધી. ૪૦મી મિનિટે જોનાસ વોન ગરસુમે અને ૪૯મી મિનિટે હેસબાખે વધુ ગોલ કરીને સ્કોર ૫-૦ કર્યો. પાછળથી એનમોલ એક્કાએ એક ગોલ કરીને સ્કોર ૧-૫ કર્યો, પરંતુ ત્યાં સુધીમાં મેચનું પરિણામ આવી ચૂક્યું હતું.



**હવે બ્રોન્ઝ મેડલની ટક્કર...**હવે ભારત બુધવારે બ્રોન્ઝ મેડલ મેચ માટે આર્જેન્ટિના સામે ટકરાશે. આર્જેન્ટિનાને પ્રથમ સેમિફાઈનલમાં સ્પેને ૨-૧થી હરાવ્યું હતું. ફાઈનલ મુકાબલો હવે જર્મની અને સ્પેન વચ્ચે રમાશે.

**કર્ણાટક ક્રિકેટ સંઘના અધ્યક્ષ પદ પર ભારતના પૂર્વ ક્રિકેટરની નિયુક્તિ**

## બેંગલુરુમાં IPL પાછું લાવવાનું વચન વૈંકટેશ પ્રસાદ બન્યા KSCAના નવા અધ્યક્ષ

(એજન્સી) ચેન્નાઇ | તા.08

ભારતના પૂર્વ ક્રિકેટર વૈંકટેશ પ્રસાદ કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘ (KSCA)ના નવા અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. તેમણે બ્રિજેશ પટેલ દ્વારા સમર્થિત પેનલના સભ્ય કેએન શાંત કુમારને હરાવીને આ મહત્વપૂર્ણ પદ હાંસલ કર્યું છે. વૈંકટેશ પ્રસાદની પેનલમાંથી સંતોષ મેનન સચિવ અને સુજીત સોમસુંદર ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત થયા છે. વૈંકટેશ પ્રસાદ અને તેમની ટીમે સ્પષ્ટ કરી દીધું હતું કે તેઓ સક્રિયપણે કામ કરશે જેથી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ફરીથી સ્પર્ધાત્મક ક્રિકેટ પાછું આવી શકે. આ એ જ મેદાન છે, જ્યાં RCBની IPL ૨૦૨૫માં ખિતાબી જીત બાદ થયેલી ભાગદોડને કારણે ત્યારથી કોઈ સ્પર્ધાત્મક મેચ યોજાઈ નથી. વૈંકટેશ પ્રસાદની ટીમે આ મામલે પોતાનો સંકલ્પ જાહેર કર્યો છે. KSCAના લાઈફ મેમ્બર અને કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડીકે શિવકુમારે પણ મતદાન કર્યું હતું અને મીડિયાને જણાવ્યું હતું કે, 'અમે IPL મેચોને ચિન્નાસ્વામી સ્ટેડિયમમાંથી બહાર નહીં જવા દઈએ. આ બેંગલુરુ અને કર્ણાટકના ગૌરવનો સવાલ છે. અમે એ સુનિશ્ચિત કરવા માટે અથાક પ્રયાસ કરીશું કે IPLની મેચો અહીં જ યોજાય.' તેમણે વધુમાં ઉમેર્યું કે તેઓ મેદાનની ગરિમા જાળવી રાખવા અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની ખાતરી કરશે. KSCA હવે વધુ એક સ્ટેડિયમ બનાવવાની તૈયારીમાં પણ છે.નવા ઉપાધ્યક્ષ સુજીત સોમસુંદરએ તાજેતરમાં જ BCCIના સેન્ટર ઓફ એક્સલન્સમાં હેડ ઓફ ક્રિકેટ એજ્યુકેશનના પદ પરથી રાજીનામું આપ્યું હતું. વૈંકટેશ પ્રસાદના નેતૃત્વ હેઠળની આ નવી પેનલ કર્ણાટકમાં ક્રિકેટના વિકાસ માટે સક્રિય રીતે કામ કરવા તૈયાર છે.



### ભારત-ચીન સંબંધોમાં વિશ્વાસ નિર્માણ: પ્રવાસન અને વેપાર વિઝા સંપૂર્ણ કાર્યરત

# 22 ડિસેમ્બરથી ચીની વિઝા અરજીની નવી ઓનલાઈન શરૂ

**(એજન્સી) નવી દિલ્હી । તા. 08**

ભારત અને ચીન વચ્ચેના પીપલ-ટુ-પીપલ એક્સચેન્જને વેગ આપવાના ઉદ્દેશ્યથી, ભારતમાં ચીની દૂતાવાસ એક મહત્વપૂર્ણ પગલું ભરવા જઈ રહ્યું છે. ચીની રાજદૂત શુ ફેઈહોંગે સોમવારે જાહેરાત કરી કે દૂતાવાસ આગામી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ થી ચીની વિઝા અરજી માટેની નવી ઓનલાઈન સિસ્ટમનું સત્તાવાર લોન્ચિંગ કરશે. આ વિઝા ઓનલાઈન સિસ્ટમ શરૂ થવાથી ભારતીય અરજદારોને અરજી પ્રક્રિયામાં વધુ અનુકૂળતા અને પારદર્શિતા મળશે.

રાજદૂત ફેઈહોંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ અંગે વિગતો શેર કરી. તેમણે જણાવ્યું કે અરજદારો હવે https://visaforchina.cn/DEL3_EN/qianzhengyewu ની મુલાકાત લઈને ફોર્મ ભરી શકશે અને અરજી માટે જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરી શકશે. આ પગલું ડિજિટલ યુગમાં સરકારી સેવાઓને વધુ સરળ બનાવવાની દિશામાં એક મોટું પરિવર્તન છે.



#### લાંબા ગાળાના અવરોધનો અંત: વિઝા શાસન સંપૂર્ણ કાર્યરત

આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે બંને દેશો વચ્ચેના ભારત-ચીન સંબંધો સામાન્ય બનાવવા માટે 'લોકો-કેન્દ્રિત' વિશ્વાસ નિર્માણના પગલાં લેવામાં આવી રહ્યા છે. ગયા મહિને, ૨૬ નવેમ્બરે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સત્તાવાર રીતે પુષ્ટિ કરી હતી કે ચીની નાગરિકો માટે પ્રવાસન અને વેપારના હેતુઓ માટેનું વિઝા શાસન હવે "સંપૂર્ણપણે કાર્યરત" છે. આ જાહેરાત સાથે જ, ૨૦૨૦ના સરહદીય સંઘર્ષ પછી લાદવામાં આવેલી પાંચ વર્ષની લાંબી વિઝા સ્થગિતતાનો અંત આવ્યો છે. પ્રવક્તા જયસ્વાલે સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "પ્રવાસીઓ માટે વિઝા ચીની નાગરિકોને આપવામાં આવી રહ્યા છે અને વેપાર વિઝા અગાઉથી જ આપવામાં આવતા હતા. તેથી, હવે તમામ વિઝા યથાવત છે. પ્રવાસન અને વેપાર વગેરેનું વિઝા શાસન સંપૂર્ણપણે કાર્યરત છે."

#### લોકો-કેન્દ્રિત પગલાં અને ભવિષ્યની અસર

ભારતે સત્તાવાર રીતે નવેમ્બર ૨૦૨૫ માં વિશ્વભરના ચીની નાગરિકોને પ્રવાસી વિઝા આપવાનું ફરી શરૂ કર્યું હતું, જે જુલાઈ ૨૦૨૫ માં શરૂ થયેલી મર્યાદિત પુનઃઓપનિંગ કરતાં વધુ વ્યાપક હતું. આ જાહેરાત પહેલાં પણ વેપાર વિઝાનું વિતરણ ચાલુ હતું, અને તે પ્રક્રિયા પણ યથાવત છે.

વિઝા પ્રણાલીનું આ પુનઃશરૂઆત એ ૨૦૨૫ માં બંને પક્ષો દ્વારા સંમત થયેલા શ્રેણીબદ્ધ 'લોકો-કેન્દ્રિત' વિશ્વાસ નિર્માણના પગલાંનો એક ભાગ છે.

### કંબોડિયાના શેલિંગમાં થાઈ સૈનિકનું મોત

## થાઈલેન્ડ-કંબોડિયા સંઘર્ષ ફરી ભડક્યો, હવાઈ હુમલા શરૂ

**(એજન્સી) બેંગકોક । તા. 08**

દક્ષિણપૂર્વ એશિયામાં ફરી એકવાર તણાવ વધ્યો છે. કંબોડિયાના શેલિંગમાં એક થાઈ સૈનિકના મોત અને અન્ય કેટલાકના ઘાયલ થયા બાદ સોમવારે સવારે થાઈલેન્ડ દ્વારા કંબોડિયન સૈન્ય સ્થળો પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા, તેમ મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળે છે. આ તાજેતરની ઉગ્રતા એવા સમયે આવી છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થીથી થયેલ ટ્રમ્પ શાંતિ કરાર પર ગંભીર તાણ આવી ગયો છે.


રોયલ થાઈ આર્મીના જણાવ્યા અનુસાર, કંબોડિયન દળોએ સવારે લગભગ ૭ વાગ્યે નામ યૂએન જિલ્લાના ચોંગ બોક વિસ્તારમાં થાઈ સૈન્ય અને નાગરિક વિસ્તારો પર શેલ અને રોકેટ છોડ્યા હતા. આ હુમલામાં એક થાઈ સૈનિક શહીદ થયો અને ચાર અન્ય ઘાયલ થયા હતા. "ચોંગ અન મા પાસના વિસ્તારમાં કંબોડિયાના શસ્ત્ર સહાયક સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા, કારણ કે તે લક્ષ્યોએ અનુપોંગ બેઝ પર થાઈ તરફના ભાગ પર આર્ટિલરી અને મોર્ટાર લોન્ચર્સનો ઉપયોગ કરીને હુમલો કર્યો હતો." રજી આર્મી રીજિયને એ પણ અહેવાલ આપ્યો કે સવારે લગભગ ૮:૩૦ વાગ્યે, કંબોડિયન બીએમ-૨૧ લોન્ચર્સમાંથી છોડવામાં આવેલા રોકેટો બુરી રામ પ્રાંતના બાન કૃઅત જિલ્લામાં બાન સાઈ થો ૧૦ પર પડ્યા હતા. કંબોડિયાના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે થાઈ સૈન્ય દળો પર પ્રેહ વિહાર પ્રાંતની સરહદ પર કંબોડિયન સૈનિકો પર "બર્બર અને અમાનવીય" હુમલા કરવાનો આરોપ મૂક્યો હતો.

**થાઈલેન્ડનો વળતો પ્રહાર: લડાયક વિમાનોનો ઉપયોગ**

મેજર જનરલ વિન્થાઈ સુવરીએ જણાવ્યું કે થાઈ સૈનિકોએ વળતો ગોળીબાર કર્યો હતો અને ત્યાર બાદ આવનારા હુમલાઓને રોકવા માટે કંબોડિયન સ્થાનો પર હવાઈ હુમલા કરવા માટે લડાયક વિમાનોનો ઉપયોગ કર્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### મ્યાનમારમાં 3.૮ની તીવ્રતાનો ભૂકંપ: ઊંડા અને છીછરા આંચકાઓની શ્રેણી



નેપ્યિડો (મ્યાનમાર) | મ્યાનમારમાં સોમવારે સવારે ૧૦:૧૮ કલાકે ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, તેમ નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા જાણવા મળ્યું છે. એનસીએસના અહેવાલ મુજબ, આ આંચકો ૮૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. જોકે, આ વિસ્તારમાં ભૂકંપની ઘટનાઓ વધી રહી છે. આ પહેલાં, ૫ ડિસેમ્બરે પણ મ્યાનમારમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જે માત્ર ૧૦ કિલોમીટરની છીછરી ઊંડાઈએ નોંધાયો હતો. ભૂસ્તરશાસ્ત્રીઓના મતે, છીછરા ભૂકંપો સામાન્ય રીતે ઊંડા ભૂકંપો કરતાં વધુ જોખમી હોય છે. તેનું કારણ એ છે કે છીછરા ભૂકંપના સિસ્મિક તરંગોને સપાટી પર મુસાફરી કરવા માટે ઓછું અંતર કાપવું પડે છે.

### યુએસ ટોપ ડિપ્લોમેટ એલિસન હૂકર ભારતની મુલાકાતે

નવી દિલ્હી | સંયુક્ત રાજ્ય અમેરિકાના રાજકીય બાબતોના અન્ડર સેક્રેટરી એલિસન હૂકર ભારતમાં આવી પહોંચ્યા છે. યુએસ દૂતાવાસે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું કે તેમની આ મુલાકાત, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત અને વોશિંગ્ટન ડીસી વચ્ચે મજબૂત ભારત-યુએસ ભાગીદારી તથા મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટેની પ્રાથમિકતાઓને આગળ ધપાવશે. યુએસ દૂતાવાસે કહ્યું, "યુએસ મિશન યુએસ ટોપ ડિપ્લોમેટ એલિસન હૂકરનું ભારતમાં સ્વાગત કરીને ખુશ છે! આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના અસંખ્ય નિર્ણાયક મુદ્દાઓ પર અમેરિકા-ભારત સંબંધોને આગળ ધપાવવાનું ચાલુ રાખીએ છીએ, ત્યારે અન્ડર સેક્રેટરીની મુલાકાત મજબૂત ભારત-યુએસ ભાગીદારી અને મુક્ત તથા ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટે રાષ્ટ્રપતિની પ્રાથમિકતાઓને આગળ વધારવામાં મદદ કરશે."

### ગુમ થયેલા સિન્ધી કાર્યકર્તાઓની મુક્તિ અને શાંતિપૂર્ણ દેખાવો



જામશોરો (પાકિસ્તાન) | સિન્ધી એકતા અને સાંસ્કૃતિક દિવસની ઉજવણી નિમિત્તે, જય સિંધ ફ્રીડમ મૂવમેન્ટ (JSFM) દ્વારા જામશોરોમાં એક વિશાળ અને સુવ્યવસ્થિત સાંસ્કૃતિક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ રેલીનો મુખ્ય હેતુ સિન્ધના કથિત રીતે બળજબરીથી ગુમ થયેલા સિન્ધી કાર્યકર્તાઓને પરત લાવવાની માંગણી અને સિન્ધુદેશની મુક્તિ માટેનો શાંતિપૂર્ણ અને સંગઠિત વિરોધ નોંધાવવાનો હતો. ડિસ્ટ્રિક્ટ પ્રેસિડેન્ટ સઈદ ટિયૂનો, ખાન સિન્ધી, સરમદ અલી કુરેશી, મજીદ સિન્ધી અને અન્ય પક્ષના સભ્યોના નેતૃત્વ હેઠળ, આ રેલી જામશોરોની સિન્ધ યુનિવર્સિટી કૉલોનીથી શરૂ થઈ હતી.

### નાટો વિસ્તરણ રોકવાનો સંકેત: રશિયા માટે સૌથી મોટા રાહતના સમાચાર

# પુતિન સાથે મિત્રતા વધારવા ટ્રમ્પે રશિયા પરથી 'દુશ્મન'નો ટેગ હટાવ્યો! મોસ્કો ખુશ, યુરોપમાં ફફડાટ

**(એજન્સી) વોશિંગ્ટન/મોસ્કો । તા. 08**

અમેરિકામાં સત્તા પરિવર્તન થતાં જ યુએસ-રશિયા સંબંધોના સમીકરણોમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની નવી યુએસ રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના જાહેર કરી છે, જેમાં રશિયાને હવે અમેરિકા માટે 'સીધો ખતરો' માનવામાં આવ્યું નથી. ટ્રમ્પના આ નિર્ણયથી મોસ્કોમાં ખુશીનો માહોલ છે, જ્યારે યુક્રેન અને યુરોપિયન દેશોમાં ગંભીર ચિંતાની લહેર પ્રસરી ગઈ છે.

વર્ષ ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ અમેરિકા સતત રશિયાને આક્રમક દેશ તરીકે જોતું આવ્યું હતું. જો કે, ટ્રમ્પની નવી વ્યૂહરચના 'ફ્લેક્સિબલ રિયલિઝમ'ના સિદ્ધાંત પર આધારિત છે. આ અંતર્ગત વોશિંગ્ટન હવે મોસ્કો સાથે ટકરાવ વધારવાને બદલે વ્યૂહાત્મક સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માંગે છે.

ટ્રમ્પના આ વલણને પુતિન પ્રત્યેના તેમના 'સોફ્ટ કોર્નર' તરીકે જોવામાં આવી રહ્યું છે, જે ટ્રમ્પ-પુતિન મિત્રતાને મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું છે.

રશિયા માટે સૌથી મોટા રાહતના સમાચાર નાટો (NATO) નીતિમાં ફેરફાર છે. ટ્રમ્પની નવી વ્યૂહરચના નાટોના સતત વિસ્તરણની પ્રક્રિયાને સમાપ્ત કરવાનું વચન આપે છે.



ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે ટ્રમ્પના નિર્ણય પર સકારાત્મક પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "અમેરિકા દ્વારા રશિયાને ખતરો ન ગણીને સહકારની વાત કરવી એ બરફ પીગળવા જેવું છે. નાટોના વિસ્તરણને રોકવાનો સંકેત પણ સકારાત્મક છે."

જ્યારે રશિયા આનંદ મનાવી રહ્યું છે, ત્યારે યુરોપિયન દેશોમાં ગભરાટ છે. ટ્રમ્પની વ્યૂહરચનામાં ઉલ્લેખ છે કે યુરોપ હાલમાં 'સભ્યતાના પતન'ના જોખમનો સામનો કરી રહ્યું છે. યુરોપિયન દેશોને ડર છે કે ટ્રમ્પ હવે યુરોપની સુરક્ષાની જવાબદારીમાંથી પીછેહઠ કરી રહ્યા છે.

ટ્રમ્પના વિરોધીઓ આને પુતિન સમક્ષ 'શરણાગતિ' ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે યુક્રેનનો નાશ કરનાર રશિયાને 'ખતરો' ન ગણવું એ વૈશ્વિક શાંતિ માટે અત્યંત જોખમી છે.

**■ યુક્રેન યુદ્ધનો અંત કે શરણાગતિ?**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દાવો કરે છે કે, તેમની પ્રાથમિકતા યુક્રેન યુદ્ધનો અંત લાવવાની છે, અને તે રશિયા સાથે વાટાઘાટો કર્યા વગર શક્ય નથી. હાલની પરિસ્થિતિ જોતા લાગે છે કે વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચેની ટ્રમ્પ-પુતિન મિત્રતા વધી રહી છે, જેની કિંમત કદાચ યુક્રેન અને યુરોપને ચૂકવવી પડી શકે છે. યુક્રેન યુદ્ધનો અંત લાવવાના ટ્રમ્પના પ્રયાસો શાંતિ તરફ દોરી જશે કે યુક્રેનને પરાણે શરણાગતિ સ્વીકારવી પડશે, તે જોવું રહ્યું.

### ન્યૂ યોર્ક મેયર-ઈલેક્ટ મામદાનીની ટિપ્પણી પર

## ઈઝરાયેલના રાષ્ટ્રપતિ હર્ઝોગેનો આક્રોશ



**(એજન્સી) તેલ અવીવ । તા. 08**

ઈઝરાયેલ- અમેરિકાની ધરતી પર યહૂદી વિરોધ (એન્ટી-સેમિટિઝમ) ની વધતી લહેર વચ્ચે, ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે ન્યૂ યોર્ક સિટીના મેયર-ઈલેક્ટ ઝોહરાન મામદાનીની ટીકા કરીને એક મોટો રાજદ્વારી હુમલો કર્યો છે. ન્યૂ યોર્કની યેશીવા યુનિવર્સિટીમાં માનદ ડોક્ટરેટ સ્વીકારતી વખતે આપેલા પોતાના ભાષણમાં રાષ્ટ્રપતિ હર્ઝોગે મામદાનીની ટિપ્પણીઓને "આઉટરેજસ" અને યહૂદી સમુદાયો માટે હાનિકારક ગણાવી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે યહૂદીઓના ઈઝરાયેલમાં સ્થળાંતર (આલિયા)ના અધિકાર પર સવાલ ઉઠાવતી અને પરંપરાગત સિયોનિસ્ટ પ્રથાઓ પર વાંધો લેતી આવી વાતો માત્ર યહૂદી લોકોના પ્રાચીન વતનને ગેરકાયદેસર ઠેરવતી નથી, પરંતુ તે હિંસાને કાયદેસરતા અને ધાર્મિક સ્વતંત્રતાને નબળી પાડે છે.

ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ આ પ્રકારની ઉશ્કેરણીજનક ભાષાને યહૂદી-વિરોધી તેમજ અમેરિકન-વિરોધી ગણાવી હતી. રાષ્ટ્રપતિ હર્ઝોગે હોલોકોસ્ટ ઈન્વર્ઝન, ષડયંત્રના સિદ્ધાંતો અને નફરત ફેલાવવાના નવા પ્રકારોનો ઉલ્લેખ કર્યો. તેમણે નોંધ્યું કે જ્યાં ભૂતકાળમાં જાહેરમાં યહૂદીઓ સામે ખુલ્લેઆમ ગાળાગાળી કે ટીકા થતી હતી, તે હવે સામાજિક રીતે અસ્વીકાર્ય બની ગયું છે, પરંતુ યહૂદી વિરોધ હવે 'એન્ટિ-સિયોનિઝમ'ના ઓઠા હેઠળ યહૂદીઓને નિશાન બનાવવાનું વધુ સામાન્ય બની ગયું છે.

રાષ્ટ્રપતિએ કટાક્ષ કરતા કહ્યું, "જ્યાં એક સમયે અમેરિકામાં યહૂદીઓને 'યિડ્સ' કહેવામાં આવતા હતા, ત્યાં હવે સિયોનિસ્ટોને 'ઝિયોસ' કહેવામાં આવે છે." આ નિવેદન સ્પષ્ટ કરે છે કે કેવી રીતે ઈઝરાયેલના રાષ્ટ્રપતિ યહૂદીઓ સામેની નફરતની પ્રકૃતિમાં થયેલા ફેરફારથી ચિંતિત છે.

## અમેરિકાએ વર્ક પરમિટનો પાંચ વર્ષનો સમય ઘટાડીને માત્ર દોઢ વર્ષનો કર્યો

વોશિંગ્ટન | અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ વર્ષની શરૂઆતમાં સત્તા સંભાળ્યા બાદથી જ ઈમિગ્રન્ટ્સ પર તવાઈ શરૂ કરી છે. ટ્રમ્પ સરકારે હવે ઈમિગ્રેશન નિયમોમાં મોટા ફેરફારની જાહેરાત કરી છે, જેની સીધી અસર ત્યાં કામ કરતા હજારો ભારતીય સહિતના વસાહતીઓ પર પડશે. ટ્રમ્પ સરકારે નવા નિયમ હેઠળ વર્ક પરમિટનો મહત્તમ સમયગાળો પાંચ વર્ષથી ઘટાડીને માત્ર દોઢ વર્ષનો કરી નાંખ્યો છે. બીજીબાજુ ટ્રમ્પ સરકારે દુનિયાભરમાં અમેરિકન દૂતાવાસોને એવા અરજદારોના વિઝા રદ કરવા કહ્યું, જેમણે ફેક્ટ-ચેકિંગ, કન્ટેન્ટ મોડરેશન, કમ્પ્લાયન્સ અથવા ઓનલાઈન સુરક્ષા સંબંધિતપદો પર કામ કર્યું હોય. ટ્રમ્પ સરકારે અમેરિકાની ઈમિગ્રેશન સિસ્ટમમાં એક મોટો ફેરફાર કરતા યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઈએસ)એ જાહેરાત કરી છે કે હવે એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ (ઈએડી)ની મહત્તમ સમય મર્યાદા ઘટાડી દેવાઈ છે. એજન્સીનું કહેવું છે કે સુરક્ષા તપાસને મજબૂત કરવા અને સંભવિત જોખમોની ભાળ મેળવવા માટે ઈમિગ્રેશન નિયમોમાં આ ફેરફાર જરૂરી છે.

## ડીસી નેશનલ ગાર્ડ પર થયેલા ફાયરિંગ કેસમાં અફઘાન સમુદાયની ન્યાયી તપાસની માંગ

**(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 08**

થેંક્સગિવિંગની પૂર્વ સંધ્યાએ વ્હાઈટ હાઉસ નજીક થયેલા ગોળીબારની ઘટના, જેમાં યુએસ નેશનલ ગાર્ડના એક સૈનિકનું મૃત્યુ થયું હતું, તેણે માત્ર અમેરિકન પ્રશાસનમાં જ નહીં પરંતુ યુએસમાં વસતા અફઘાન સમુદાયમાં પણ ચિંતા અને સવાલોની લહેર ઊભી કરી છે. આ ઘટના બાદ, યુએસમાં અફઘાનિસ્તાન-યુએસ રિલેશન્સ ઓફિસના વડાએ આ કેસમાં ગંભીર અને ન્યાયી તપાસ હાથ ધરવા માટે આહ્વાન કર્યું છે.

અફઘાનિસ્તાન-યુએસ રિલેશન્સ ઓફિસના વડા સાબેર નાસેરીએ જણાવ્યું કે, "અફઘાન તરીકે ઓળખાયેલી વ્યક્તિએ અમેરિકન પર હુમલો કર્યો હોવાનું સાબિત કરતો કોઈ વીડિયો અમે જોયો નથી. મેં ઘટનાસ્થળની મુલાકાત લીધી, સવાલો પૂછ્યા, અને હું એ વીડિયો મેળવવા માંગુ છું કે જેથી ચકાસી શકાય કે લકનવાલે ખરેખર આ કૃત્ય કર્યું છે કે નહીં."




યુએસ સરકારે એક વ્યક્તિના કૃત્યને કારણે હજારો અફઘાન સમુદાયના સ્થળાંતર કરનારાઓને ભેદભાવનો શિકાર ન બનાવવા જોઈએ. રાજકીય વિશ્લેષક વાહેદ ફકીરીને ટાંકીને મીડિયા અહેવાલે જણાવ્યું હતું કે, "અમેરિકન કાયદાના મુખ્ય સિદ્ધાંતોમાંનો એક એ છે કે ગુનાઓ વ્યક્તિગત હોય છે, સામૂહિક નહીં.

## નોર્વેનો ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમમાં ગાઢ ભારત-નોર્વે સહકાર પર ભાર

**નવી દિલ્હી** | નોર્વેના આરોગ્ય અને સંભાળ સેવાઓના મંત્રી જાન ક્રિશ્ચિયન વેસ્ટ્રેએ ભારતના ઝડપથી વિકસતા ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ સાથે તેમના દેશના આરોગ્ય ક્ષેત્રની પ્રાથમિકતાઓને જોડવાની ઉત્સુકતા વ્યક્ત કરી છે. તેમણે ભારતીય પહેલોના વખાણ કરતા કહ્યું કે, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જનસંખ્યાના સ્તરે સેવા વિતરણ અને કૃત્રિમ બુદ્ધિમત્તામાં ભારતની સિદ્ધિઓ "ખરેખર અવિશ્વસનીય" છે. મીડિયા અહેવાલ સાથેની મુલાકાતમાં મંત્રી વેસ્ટ્રેએ ભારપૂર્વક જણાવ્યું કે બંને દેશો સમાન સિદ્ધાંતોમાં વિશ્વાસ રાખે છે: ડિજિટલાઈઝેશનનો ઉપયોગ સમાન આરોગ્યસંભાળ સુલભતા માટે મુખ્ય સક્ષમકર્તા તરીકે કરવો. આ સિદ્ધાંત ભારતના આયુષ્માન ભારત અને આયુષ્માન ભારત ડિજિટલ મિશન તેમજ 'મેક ઈન ઈન્ડિયા' વ્યૂહરચનાના મૂળમાં છે.

## બલૂચિસ્તાનના અનેક વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડતાં દુષ્કાળનો ખતરો

### ક્વેટા, ચાગાઈ, ગ્વાદર સહિત 11 જિલ્લાઓમાં દુષ્કાળનો ખતરો ગંભીર

**(એજન્સી) બલૂચિસ્તાન । તા. 08**

પાકિસ્તાનના પ્રાંત બલૂચિસ્તાનના અનેક વિસ્તારોમાં પાણીની તંગી અને આજીવિકા પર ગંભીર જોખમ તોળાઈ રહ્યું છે, કારણ કે છેલ્લા ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન અહીં સામાન્ય કરતાં ૪૧.૯ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. એક મીડિયા અહેવાલ મુજબ, હવામાન વિભાગના અહેવાલોએ ક્વેટા સહિત પ્રાંતના અન્ય છ જિલ્લાઓમાં દુષ્કાળનો ખતરો વધાર્યો છે. સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં બલૂચિસ્તાનમાં સરેરાશ ૧૪.૮ મિલીમીટર વરસાદની સામે માત્ર ૮.૬ મિલીમીટર વરસાદ પડ્યો છે, જે સ્પષ્ટપણે પાણીની ભયંકર કટોકટી તરફ ઈશારો કરે છે.

હવામાન વિભાગે તેના દુષ્કાળ સલાહ (પ્રી-એલર્ટ)માં જણાવ્યું છે કે મેથી નવેમ્બર સુધીના સમયગાળા દરમિયાન પશ્ચિમી અને દક્ષિણ-પશ્ચિમી બલૂચિસ્તાનમાં વરસાદમાં સતત ઘટાડો જોવા મળ્યો છે, સાથે જ સળંગ સૂકા દિવસોની સંખ્યામાં પણ વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન તાપમાન પણ સરેરાશ કરતાં ૦.૯C જેટલું ઊંચું રહ્યું હતું.

હવામાનની આગાહીઓ સૂચવે છે કે ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી અસરગ્રસ્ત વિસ્તારોમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો વરસાદ રહેશે, જ્યારે તાપમાન પણ સામાન્ય કરતાં ઊંચું રહેશે. આ સંજોગો ક્વેટા, ચાગાઈ, ગ્વાદર, કેચ, ખારાન, મસ્તુન્ગ, નુશ્કી, પિશિન, પંજગુર, કિલ્લા અબ્દુલ્લા અને વાશુક સહિત અગિયાર જિલ્લાઓમાં દુષ્કાળનો ખતરો વધુ ગંભીર બનાવશે.

**અબજોપતિ** | બેલેરિનાથી બિલ્યોનેર સુધીની પ્રેરણાદાયી સફર: લુઆના લોપેઝ લારાએ રચ્યો ઈતિહાસ

# 29 વર્ષીય લારા વિશ્વની સૌથી નાની ઉંમરની અબજોપતિ

**(એજન્સી) કેલિફોર્નિયા । તા. 08**

બ્રાઝિલમાં જન્મેલી ૨૯ વર્ષીય લુઆના લોપેઝ લારાએ પોતાની સ્ટાર્ટઅપની સફળતા દ્વારા એક નવો ઈતિહાસ રચ્યો છે. અમેરિકાની પ્રિડિક્શન માર્કેટ સ્ટાર્ટઅપ **કલ્શી (Kalshi)**ના સહ-સ્થાપક તરીકે, તેમની કંપનીનું મૂલ્યાંકન ૧૧ અબજ ડોલરને પાર પહોંચતા લુઆના હવે વિશ્વની સૌથી નાની ઉંમરની સેલ્ફમેડ અબજોપતિ બની ગયા છે.

આપને જણાવી દઈએ કે, ક્રિપ્ટો ફર્મ પેરાડિગમના નેતૃત્વમાં કલ્શીને ૧ અબજ ડોલરનું જંગી ફંડિંગ મળ્યા બાદ કંપનીનું વેલ્યુએશન આ આંકડા પર પહોંચ્યું છે. લારાએ આ ખિતાબ સ્કેલ એઆઈની લુસી ગો પાસેથી મેળવ્યો છે, જે થોડા સમય પહેલા જ પોપ-આઈકોન ટેલર સ્વિફ્ટને પાછળ છોડીને આ સ્થાને પહોંચ્યા હતા. લુઆના લોપેઝ લારાની સફળતાની સફર પ્રેરણાદાયક રહી છે. ડાન્સર તરીકે તેઓ રોજના ૧૩ કલાક જેટલું સખત કામ કરતા હતા.



૨૦૧૩માં ગ્રેજ્યુએટ થયા બાદ, તેમણે નવ મહિના સુધી ઑસ્ટ્રિયામાં પ્રોફેશનલ ડાન્સર તરીકે કામ કર્યું. જોકે, એક સમયે તેમણે પોતાના પહેલા પ્રેમ ડાન્સને છોડીને વિશ્વની પ્રતિષ્ઠિત મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (MIT) માં એડમિશન લેવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો. લુઆના લોપેઝ લારાએ માત્ર છ વર્ષના ટૂંકા ગાળામાં ૧૧ અબજ ડોલરની સ્ટાર્ટઅપનું નિર્માણ કરીને ખરા અર્થમાં 'અમેરિકન ડ્રીમ' કોને કહેવાય તે શીખવ્યું છે. માર્ક ઝુકરબર્ગ, લેરી એલિસન અને લેરી પેજ જેવા દિગ્ગજોની જેમ જ, લુઆના તેમના બિઝનેસ પાર્ટનર તારેક મન્સૂરને કોલેજમાં જ મળ્યા હતા.

**■ કલ્શીની સફળતા: ફેડરલી રેગ્યુલેટેડ પ્લેટફોર્મ**

તેમની સ્ટાર્ટઅપ કલ્શી લોકોને ચૂંટણીઓ, સ્પોર્ટ્સ મેચો અને પોપ કલ્ચરની ઘટનાઓના પરિણામો પર દાવ લગાવવાની તક આપે છે. વેન્ચર કેપિટલ ફર્મ વાય કોમ્બિનેશનના સ્ટાર્ટઅપ એક્સિલરેટરમાં સફળ પીચ કર્યા બાદ, તેમને કોમોડિટી ફ્યુચર્સ ટ્રેડિંગ કમિશન (CFTC) તરફથી મંજૂરી મળી. ત્યારબાદ, તેમની કંપની કલ્શી પહેલું ફેડરલી રેગ્યુલેટેડ પ્રિડિક્શન માર્કેટ પ્લેટફોર્મ બની હતી, જેણે તેમની સફળતાનો માર્ગ મોકળો કર્યો. લુઆના લોપેઝ લારાની આ સિદ્ધિ ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં મહિલાઓ માટે એક પ્રેરણાસ્ત્રોત છે.

## ભારતની સેમિઓકેમિકલ ટેકનોલોજી હવે ઈઝરાયેલમાં ઉત્પાદિત થશે

**(એજન્સી) નવી દિલ્હી । તા. 08**

ભારત-ઈઝરાયેલ કૃષિ સહકારના લાંબા ગાળાના સંબંધોમાં એક મોટો અને ઐતિહાસિક વળાંક આવ્યો છે. ઈઝરાયેલી દૂતાવાસ દ્વારા જારી કરાયેલા અખબારી નિવેદન મુજબ, બંને દેશોએ એક નવા સંયુક્ત સાહસની શરૂઆત કરીને કૃષિ ટેકનોલોજી ક્ષેત્રે એક મોટી છલાંગ લગાવી છે. આ ભાગીદારી દ્વારા ભારતીય ફેરોમોન આધારિત પાક સંરક્ષણ ટેકનોલોજીનું વૈશ્વિક બજારોમાં ઉત્પાદન અને વ્યાવસાયીકરણ કરવામાં આવશે.

નવી દિલ્હીમાં યોજાયેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી ક્લસ્ટર્સ કોન્ફરન્સના સમાપન સત્રમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ અવસરે, ATGC બાયોટેક પ્રાઈવેટ લિમિટેડ (ભારત) અને લક્ઝમબર્ગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (ઈઝરાયેલ) વચ્ચે ઔપચારિક રીતે લાઈસન્સિંગ કરારોની આપ-લે કરવામાં આવી, જેના દ્વારા ૫૦-૫૦ ભાગીદારીમાં સેમિઓફોર લિમિટેડ નામનું ઈન્ડો-ઈઝરાયેલી સંયુક્ત સાહસ સ્થાપિત કરવામાં આવ્યું.

આ સંયુક્ત સાહસ બંને દેશો માટે અનેક રીતે પ્રથમ છે. આ પ્રથમ વખત છે જ્યારે ભારતીય સેમિઓકેમિકલ ટેકનોલોજીને આઉટ-લાયસન્સ આપવામાં આવ્યું છે અને તે ઈઝરાયેલમાં ઉત્પાદિત થશે. આ કરાર ભારત-ઈઝરાયેલ કૃષિ સહકારની ઊંડાઈ દર્શાવે છે. કાર્યક્રમમાં ભારતના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર અજય કુમાર સૂદ, ઈઝરાયેલના ડેપ્યુટી ચીફ ઓફ મિશન ફેરસ સાએબ અને ભારત સરકારના PSA કાર્યાલયના વિશાલ ચૌધરી સહિત બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## કંગના રનૌત: વંદે માતરમ 'આઝાદીના જંગની ચિનગારી'



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

લોકસભામાં આજે વંદે માતરમ્ પર વિશેષ ચર્ચા ચાલી રહી છે, ત્યારે ભાજપ સાંસદ કંગના રનૌતે આ રાષ્ટ્રગીતને 'આઝાદીના જંગની ચિનગારી' ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ ગીતને તેનું યોગ્ય સન્માન મળી રહ્યું છે તે ગર્વની વાત છે. આ સાથે જ કંગના રનૌતે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે તેમણે રચનામાંથી દેવી દુર્ગાનો સંદર્ભ આપતા ભાગોને દૂર કર્યા હતા, અને કહ્યું કે આ પક્ષ "હંમેશા મહિલા વિરોધી રહ્યો છે." સંસદ ભવનની બહાર પત્રકારો સાથે વાત કરતા રનૌતે કહ્યું, "દેશ માટે ગર્વની વાત છે કે જે ગીત આઝાદીના સંઘર્ષની ચિનગારી બનીને ઊભું થયું અને સમગ્ર બ્રિટિશ સામ્રાજ્યને રાખમાં ફેરવી દીધું, તેને હવે તેનું યોગ્ય સન્માન મળી રહ્યું છે." આ મામલો એવા સમયે સામે આવ્યો છે જ્યારે ભાજપ સતત કોંગ્રેસ પર જાણીજોઈને રાષ્ટ્રગીત વંદે માતરમ્માં ફેરફાર કરવાનો આરોપ લગાવી રહ્યું છે. નવેમ્બરની શરૂઆતમાં, ભાજપના નેતા સી. આર. કેસવને આક્ષેપ કર્યો હતો કે ૧૯૩૭માં જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ દ્વારા દેવી દુર્ગાની પ્રશંસા કરતા પદોને દૂર કરવામાં આવ્યા હતા.

કેસવને દાવો કર્યો હતો કે આ નિર્ણય અમુક સાંપ્રદાયિક જૂથોને ખુશ કરવા માટે લેવામાં આવ્યો હતો. તેમણે 'X' પર પોસ્ટ કરીને દાવો કર્યો કે સાંપ્રદાયિક વિચારણાઓના કારણે કોંગ્રેસ દ્વારા માત્ર પ્રથમ બે પંક્તિઓ સ્વીકારવામાં આવી હતી, અને દેવી માં દુર્ગાનો આહ્વાન કરતા પછીના શ્લોકોને છોડી દેવામાં આવ્યા હતા.

## BSF પંજાબ બોર્ડર પર મોટી કાર્યવાહી : BSFની સતત ઓપરેશન્સ સફળ

# 6.6 કિલો હેરોઇન, અફીણ અને પિસ્તોલના પાર્ટસ સાથેનું ડ્રોન જપ્ત

## ડ્રોનથી હેરોઇનની તસ્કરી નિષ્ફળ: અમૃતસર અને તરન તારનમાં BSFની સતર્કતા

(એજન્સી) મૃતસર । તા. 08

સરહદ પારથી થતી નશીલા પદાર્થોની દાણચોરી (નાર્કો-સ્મગલિંગ) ને મોટો ફટકો પડ્યો છે. BSF પંજાબ દ્વારા પંજાબ સરહદ પર કરવામાં આવેલા વિવિધ સફળ ઓપરેશન્સમાં હેરોઇન, અફીણનો મોટો જથ્થો અને પિસ્તોલના ભાગો સાથેનું એક ડ્રોન જપ્ત કરવામાં આવ્યું છે.

BSF દ્વારા જારી કરાયેલી સત્તાવાર માહિતી અનુસાર, ગઈકાલે મોડી રાત્રે હવાઈ હિલચાલની શંકાના અહેવાલો મળ્યા બાદ BSFની ટીમોએ અમૃતસરના દાઓકે ગામ નજીકના ખેતીવાડી વિસ્તારોમાં સઘન શોધખોળ હાથ ધરી હતી.

### હેરોઇનનો જથ્થો અને અફીણ જપ્ત

આ ઓપરેશનના પરિણામે, ૬.૬૪૧ કિલોગ્રામ વજનના હેરોઇનના બે મોટા પેકેટો મળી આવ્યા હતા. આ પેકેટો પીળી એડહેસિવ ટેપમાં લપેટાયેલા હતા અને તેમાં પ્રકાશિત થતી લાકડીઓ (illuminating sticks) તેમજ ધાતુના લૂપ્સ જોડાયેલા હતા. તપાસ કરતાં આ પેકેટોમાં નશીલા પદાર્થોથી ભરેલા ૧૨ નાના સફેદ પોલિ-પેકેટ્સ મળી આવ્યા હતા.

અમૃતસરના જ મહાવા ગામ નજીક એક અલગ ઓપરેશનમાં, ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, BSFના જવાનોએ એક ખેતરમાંથી ૪૨૯ ગ્રામ વજનનું અફીણનું એક પેકેટ પણ જપ્ત કર્યું હતું.



### પિસ્તોલના ભાગો સાથે ડ્રોન મળી આવ્યું

આ દરમિયાન, તરન તારન વિસ્તારમાં સરહદ પર ડ્રોનની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. BSF પંજાબ અને પંજાબ પોલીસની ટીમોના સંકલિત પ્રયાસોના પરિણામે, દલ ગામ નજીકના ખેતરમાંથી ડીજેઆઈ એર ૩ (DJI Air 3) ડ્રોન મળી આવ્યું હતું, જેમાં પિસ્તોલના ભાગો (pistol parts) હતા.

આ સફળ ઓપરેશન્સ આંતરરાષ્ટ્રીય સરહદ પર હવાઈ માર્ગોનો ઉપયોગ કરીને થતી તસ્કરીના અત્યાધુનિક પ્રયાસોને રોકવામાં BSFની વ્યવસાયિક કુશળતા, ચોક્કસ ગુપ્ત માહિતી અને ઓપરેશનલ કાર્યક્ષમતાને પ્રકાશિત કરે છે.

# News Brief

## "ભાજપ બધું હડપી લેવા માંગે છે": વંદે માતરમ્ વિવાદ પર લોકસભામાં અખિલેશ યાદવના ભાજપ પર પ્રહાર



નવી દિલ્હી | સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સોમવારે લોકસભામાં 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠ પરની વિશેષ ચર્ચા દરમિયાન શાસક ભાજપ પર પ્રહાર કરતાં એક આકરો હુમલો કર્યો હતો. તેમણે ભાજપ પર "રાજકીય લાભ માટે દરેક વસ્તુ પર દાવો કરવા અને બધું જ પોતાનું બનાવવાનો" પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. યાદવે ભારપૂર્વક જણાવ્યું કે ગીતનો વારસો આજે જે રાજકીય કથાઓ રજૂ કરવામાં આવી રહી છે તેના કરતા ઘણો મોટો છે. વંદે માતરમ્ આઝાદીના સંઘર્ષનું અને ભારતના લોકોનું છે, કોઈ રાજકીય પક્ષનું નહીં. તેમણે કહ્યું, "આજે શાસક પક્ષના લોકો દરેક વસ્તુને પોતાની ગણાવવા માંગે છે."

## "ભાજપ નેતાજીનું સન્માન નથી કરતું, તો કોનું કરે છે?": વંદે માતરમ્ની ચર્ચા પર મમતા બેનર્જી



કોલકાતા | પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે સંસદમાં ચાલી રહેલી વંદે માતરમ્ની ચર્ચામાં ઝંપલાવ્યું હતું. સ્વતંત્રતા સેનાનીઓનું સન્માન ન કરવાના ભાજપના વલણ પર સવાલ ઉઠાવતા તેમણે પૂછ્યું કે, જો ભાજપ નેતાજી, રવીન્દ્રનાથ ટાગોર કે રાજા રામમોહન રોયનું સન્માન ન કરે, તો તે ખરેખર કોનું સન્માન કરે છે? કોલકાતામાં પત્રકાર પરિષદને સંબોધતા બેનર્જીએ કહ્યું, "મેં ભાજપના કેટલાક લોકોને કહેતા સાંભળ્યા કે તેઓ નેતાજીની પ્રશંસા કરતા નથી. તમે નેતાજી, રવીન્દ્રનાથ ટાગોર, રાજા રામમોહન રોયની પ્રશંસા કરતા નથી, તો તમે કોની પ્રશંસા કરો છો?" લોકસભામાં વંદે માતરમ્ પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે કોંગ્રેસના ઉપનેતા ગૌરવ ગોગોઈએ વડાપ્રધાન મોદીની ટીકા કરી હતી.

## ચેન્નાઈમાં સેનીટરી વર્કર્સનો ઉગ્ર વિરોધ: કોવિડ પ્રોત્સાહન-પગાર વધારોની માંગ

(એજન્સી) ચેન્નાઈ । તા. 08

તમિલનાડુના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ૫૦૦થી વધુ સેનીટરી વર્કર્સનો વિરોધ આજે ચેન્નાઈના સૈદાપેટ વિસ્તારમાં જોવા મળ્યો હતો. તેમણે કોવિડ પ્રોત્સાહન (ઈન્સેન્ટિવ), પગાર વધારો અને અન્ય અનેક માંગણીઓ માટે પ્રદર્શન કર્યું હતું.

આ વિરોધનું નેતૃત્વ તમિલનાડુ રૂરલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ વર્કર્સ યુનિયન દ્વારા કરવામાં આવ્યું હતું, જે ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ વિભાગ હેઠળ કામ કરતા સફાઈ કર્મચારીઓ અને અન્ય સ્ટાફનું પ્રતિનિધિત્વ કરે છે.

આ વિરોધના પગલે, સરકારે તેમની અનેક મુખ્ય માંગણીઓ સ્વીકારી છે અને તેની લેખિત પુષ્ટિ પણ જારી કરી છે. સ્વીકૃત માંગણીઓમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે: જોકે, કર્મચારીઓએ ચેતવણી આપી છે કે જ્યાં સુધી ઔપચારિક સરકારી આદેશ (GO) જારી ન થાય, ત્યાં સુધી તેઓ તેમનો વિરોધ અનિશ્ચિતકાળ સુધી ચાલુ રાખશે. તમિલનાડુ રૂરલ ડેવલપમેન્ટ લેબર યુનિયન (TNRDLU) ના મહાસચિવ કૃષ્ણસામીએ જણાવ્યું કે સરકારે કોવિડ-૧૯ પ્રોત્સાહનો અને પગાર વધારો જેવી માંગણીઓ પૂરી કરવા માટે સહમતી આપી હતી, પરંતુ હજુ સુધી તેનો અમલ કર્યો નથી. તેમણે ઉમેર્યું, "અમે ૧૨,૦૦૦ની માંગણી કરી હતી, પરંતુ સરકાર સાંભળી રહી નથી.

જો અમારી માંગણીઓ પૂરી નહીં થાય, તો અમે અનિશ્ચિતકાળની હડતાલ શરૂ કરીશું."

તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે ચેન્નાઈ આવતા વિવિધ જિલ્લાના કાર્યકર્તાઓને પોલીસે અટકાવ્યા હતા, અને કેટલાકને તો નજરકેદ પણ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, "ગેરકાયદેસર અટકાયત બદલ સરકારે પોલીસ સામે કાર્યવાહી કરવી જોઈએ. પોલીસ અમને ધમકી આપી રહી છે."

## કુદરતી આફતોમાં હોમ ગાર્ડ્સનું યોગદાન અમૂલ્ય

# CM પુષ્કર સિંહ ધામીની મોટી જાહેરાત

## હોમ ગાર્ડ્સના ભથ્થા અને સુવિધાઓમાં મોટો વધારો

(એજન્સી) દેહરાદૂન । તા. 08

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સોમવારે નાનુરખેડા, દેહરાદૂન ખાતે આયોજિત હોમ ગાર્ડ્સ ફાઉન્ડેશન ડે કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ હોમ ગાર્ડ્સ અને સિવિલ ડિફેન્સ વિભાગનું સ્મૃતિચિહ્ન ૨૦૨૫ અને વિભાગીય કેલેન્ડર ૨૦૨૬ પણ બહાર પાડ્યું હતું. તેમણે ફરજ પરના અને દિવંગત હોમ ગાર્ડ્સ કર્મીઓના આશ્રિતોને ચેકનું વિતરણ પણ કર્યું હતું અને અનેક મોટી ઘોષણાઓ કરી હતી.





મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી દ્વારા હોમ ગાર્ડ્સના કલ્યાણ માટે નીચે મુજબની મોટી જાહેરાતો કરવામાં આવી: યુનિફોર્મ ભથ્થું: હવેથી હોમ ગાર્ડ સ્વયંસેવકો માટે યુનિફોર્મ ભથ્થું મંજૂર કરવામાં આવશે.

રાજ્યમાં આંતર-જિલ્લા ફરજો પર તૈનાત હોમ ગાર્ડ સ્વયંસેવકોનું દૈનિક ભોજન ભથ્થું ૧૦૦ થી વધારીને ૧૫૦ પ્રતિ દિવસ કરવામાં આવ્યું છે. સિવિલ ડિફેન્સ સ્વયંસેવકો માટે તાલીમ ભથ્થું ૫૦ થી વધારીને ૧૪૦ પ્રતિ દિવસ કરવામાં આવ્યું છે. ઈતિહાસમાં પ્રથમ વખત, રાજ્ય સરકારે હોમ ગાર્ડ કર્મીઓ માટે ૧૨ કેઝ્યુઅલ રજાઓ મંજૂર કરી છે. મહિલા હોમ ગાર્ડ્સ માટે મેટરનિટી લીવની જોગવાઈ પણ રજૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પોલીસ અને એનડીઆરએફના કર્મીઓની જેમ, ૯,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઈ પર તૈનાત હોમ ગાર્ડ સ્વયંસેવકોને હવે ૨૦૦ પ્રતિ દિવસનું પ્રોત્સાહન ભથ્થું મળશે.

## ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમને 150 વર્ષ પૂર્ણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

લોકસભામાં આજે રાષ્ટ્રગીત વંદેમાતરમને લઈને વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાષ્ટ્રગીત પર 10 કલાક સુધી ચર્ચા ચાલશે. સંસદમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતાના પોતાના સંબોધનમાં કહ્યું કે આપણું રાષ્ટ્રગીત દેશની સ્વતંત્રતા ચળવળને ઉર્જા આપનાર અને પ્રેરણા આપનાર અને બલિદાન અને તપસ્યાનો માર્ગ બતાવનાર મંત્ર છે. આપણે બધા ખાસ પ્રસંગો પર આ રાષ્ટ્રગીત ગાઈએ છીએ. પરંતુ આ ગીતનો અર્થ ખબર છે.

વંદેમાતરમ ગીતનો જાણો અર્થ

આજે પણ અનેક લોકોને જન ગણ મન.. અને વંદે માતરમ.. ગીતને લઈને મૂંઝવણ છે. ભારતનું રાષ્ટ્રગીત વંદે માતરમ છે. આ ગીતનો ભાવાર્થ સમજવા આપણા અને આગળની પેઢી માટે બહુ જરૂરી છે. આ ગીત કહે છે કે 'માતા, હું તમને સલામ કરું છું. હે માતૃભૂમિ! હું તમને પ્રણામ કરું છું, હું તમારી પૂજા કરું છું. પાણીથી ભરપૂર અને ફળો અને પાકોથી ભરપૂર ભૂમિ, જેની હવા મલય પર્વતોમાંથી આવતી ઠંડી, સુગંધિત પવન જેટલી ઠંડી છે. લીલા પાકથી ભરેલી ભૂમિ - આવી માતૃભૂમિ..ને હું તમને પ્રણામ કરું છું. જેમની રાતો ચાંદનીથી શણગારેલી હોય છે, જેમની ભૂમિ ખીલેલા ફૂલોથી શણગારેલી હોય છે. માતા, જે હંમેશા હસતી રહે છે, જે મીઠી વાતો કરે છે, જે સુખ અને આશીર્વાદ આપે છે, તેને મારા સત.. સત.. પ્રણામ.

### 1950માં રાષ્ટ્રગીતનો દરજ્જો મળ્યો

મહત્વનું છે કે વંદેમાતરમના રચયિતા બંકિમચંદ્ર ચેટર્જી છે. બંગાળના પ્રસિદ્ધ લેખક બંકિમ ચંદ્રએ 1882માં લખેલ નવલકથા 'આનંદમઠ' માંથી લેવામાં આવ્યું છે. 7 નવેમ્બર, 1875ના રોજ 'બંગદર્શન' મેગેઝિનમાં પ્રકાશિત કરાયું અને રવિન્દ્રનાથ ટાગોરે 1896માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં રાજકીય પરિપ્રેક્ષ્યમાં ગાયું હતું. ત્યારબાદ 1950માં આ ગીતને ભારતના 'રાષ્ટ્રીય ગીત'નો સત્તાવાર દરજ્જો આપવામાં આવ્યો હતો. ત્યારબાદથી તે ભારતનું રાષ્ટ્રીય ગીત છે. ભારતીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન 'વંદે માતરમ' એ ભારતમાં સ્વતંત્રતા માટેનું મોટી રાષ્ટ્રીય આહવાન બન્યું હતું.

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | શાખાનું નામ | જિલ્લો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | હાલોલ | પંચમહાલ | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૧૫-૧૨-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૦૬-૧૨-૨૦૨૫** **ઝોનલ મેનેજર**

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | શાખાનું નામ | જિલ્લો | સૂચિત સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|---|
| ૧ | એમ.જી રોડ સુરત (S0305) | સુરત | વીઆઈપી રોડ, વસુ | ૧૨૦૦-૧૫૦૦ |
| ૨ | રાજકોટ (R0410) | રાજકોટ | લિમડા ચોક પાસે, / ત્રીકોણ બાગ / ગોંડલ રોડ | ૧૨૦૦-૧૫૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૨૯-૧૨-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૦૬-૧૨-૨૦૨૫** **ઝોનલ મેનેજર**

**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**
PEGASUS
કોર્પોરેટ ઓફિસ: ૫૫-૫૬, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.
રજીસ્ટર્ડ ઓફિસ: ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.

**ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત હોવાથી, જે સુરક્ષિત લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ)ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે**, જેને **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જાના બેંક")** દ્વારા 28/03/2024 ના રોજ SARFAESI અધિનિયમ, 2002 ની જોગવાઈઓ હેઠળ સોંપવામાં આવી છે, તે SARFAESI અધિનિયમ અને તેના હેઠળના નિયમો **"જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે"**ના આધારે **30.12.2025**ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.
**જના બેંક**ના અધિકૃત અધિકારીએ ૧૪/૧૦/૨૦૨૩ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિનો **કબજો સ્થાવર મિલકત તરીકે લીધો** છે અને **પેગાસસ ૨૦૨૩ ટ્રસ્ટ ૧૦ ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ)ના નામ: | 1) દાફડા રમેશ (ઉધાર લેનાર)<br>2) મંજુલાબેન રમેશભાઈ દાફડા (સહ લેનારા અને ગીરો) |
| બાકી લેણાં જેના માટે સુરક્ષિત સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી **07/07/2023**થી તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત **06/07/2023**ના રોજ **રૂ. 13,24,335/- (રૂપિયા તેર લાખ ચોવીસ હજાર ત્રણસો પાંત્રીસ માત્ર)**<br>**(રૂ. ૧૮,૩૫,૪૧૨/-** (રૂપિયા અઢાર લાખ પાંત્રીસ હજાર ચારસો બાર માત્ર) ૦૭/૧૨/૨૦૨૫ ના રોજ બાકી રહેલા વ્યાજ, ખર્ચ, ચાર્જ અને તેના પરના ખર્ચ સહિત **૦૮/૧૨/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી.) |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **ગિરવેદાર: શ્રીમતી મંજુલાબેન રમેશભાઈ ડાફડા**<br>પીપળી મહેસૂલ સર્વે નં. 8/1 ના પ્લોટ નં. 14 પાયકી અને 15 પાયકીના 43.86 ચોરસ મીટર જમીન પર બાંધકામ બ્લોક નં. J-5 નો સમાવેશ કરતી બધી સ્થાવર મિલકતનો ટુકડો અને પાર્સલ "માનસ ધામ-2", તા. અને જિ. મોરબી ખાતે સ્થિત છે. **સીમાઓ : પૂર્વ:** અડ્ડો બ્લોક નં. J-3, **પશ્ચિમ:** ના રોડ, **ઉત્તર:** અડ્ડો બ્લોક નં. J-6, **દક્ષિણ:** અડ્ડો બ્લોક નં. J-4.<br>**CERSAI SI.ID: 400066932743; સંપત્તિ ID: 200067941643;**<br>**લેન: 36499420003112** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | **રૂ.9,71,000/- (રૂપિયા નવ લાખ ઈકોતેર હજાર માત્ર)** |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | **રૂ.97,100/- (રૂપિયા સત્તાણું હજાર એકસો માત્ર)** |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | **જાણીતું નથી** |
| મિલકતોનું નિરીક્ષણ: | **12.12.2025ના રોજ સવારે 11.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી** |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690**<br>**શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468** |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | **29.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી** |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | **30.12.2025ના રોજ સવારે 11:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી.** |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસ**ની નોટિસ પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 09.12.2025**
**SD/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, PEGASUS 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**

**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**
PEGASUS
કોર્પોરેટ ઓફિસ: ૫૫-૫૬, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.
રજીસ્ટર્ડ ઓફિસ: ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.

**ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત હોવાથી, જે સુરક્ષિત લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ)ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે**, જેને **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જાના બેંક")** દ્વારા 28/03/2024 ના રોજ SARFAESI અધિનિયમ, 2002 ની જોગવાઈઓ હેઠળ સોંપવામાં આવી છે, તે SARFAESI અધિનિયમ અને તેના હેઠળના નિયમો **"જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે"**ના આધારે **30.12.2025**ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.
જના બેંકના અધિકૃત અધિકારીએ ૧૪/૧૦/૨૦૨૩ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિનો **કબજો સ્થાવર મિલકત તરીકે લીધો** છે અને **પેગાસસ ૨૦૨૩ ટ્રસ્ટ ૧૦ ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ)ના નામ: | 1) સોરઠિયા વિવેકકુમાર કરશનભાઈ (ઉધાર લેનાર)<br>2) સોરઠિયા પિનલ વિવેકકુમાર (સહ લેનારા અને ગીરો) |
| બાકી લેણાં જેના માટે સુરક્ષિત સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, **20/12/2023**થી, તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત, **19/12/2023**ના રોજ **રૂ. 16,10,541/- (રૂપિયા સોળ લાખ દસ હજાર પાંચસો એકતાલીસ માત્ર)**<br>**(રૂ. ૨૧,૧૭,૬૧૫/-** (રૂપિયા એકવીસ લાખ સત્તર હજાર છસો પંદર માત્ર) **૦૭/૧૨/૨૦૨૫**ના રોજ બાકી રહેલા વ્યાજ, ખર્ચ, ચાર્જ અને તેના પરના ખર્ચ સહિત **૦૮/૧૨/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી.) |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **પિનલ વિવેકકુમાર સોરઠીયા અને વિવેકકુમાર કરશનભાઈ સોરઠીયા દ્વારા ગીરવે મુકાયેલ**<br>સુરત જિલ્લાના કામરેજ પેટા જિલ્લાના મોજે ગામ કામરેજના બિન-કૃષિ જમીન ધરાવતા "સ્વસ્તિક રહેઠાણ" માં, રોડ અને સી.ઓ.પી. માં પ્લોટ નં. ૧૩, (કે.જે.પી. બ્લોક નં. ૧૪૧/૧૩ પછી ૪૦.૨૬ ચો.મી.), ૪૦.૨૬ ચો.મી., ધરાવતી સ્થાવર મિલકતનો બધો ટુકડો, ૨૧.૦૭ ચો.મી. માપનો અવિભાજિત હિસ્સો, કુલ ૬૧.33 ચો.મી. માપનો, "સ્વસ્તિક રહેઠાણ" માં, ૧૨૯૯૨ ચો.મી. માપનો, રૂ. ૧૨.૪૪ પૈસા. સીમાઓ: પૂર્વ: એડજ. ઓપન સ્પેસ, પશ્ચિમ: એડજ. સોસાયટી રોડ, ઉત્તર: એડજ. પ્લોટ નં. ૧૨, દક્ષિણ: એડજ. પ્લોટ નં. ૧૪.<br>**CERSAI SI.ID: 400066198361; સંપત્તિ ID: 200067164231;**<br>**લેન: 45249420005194;** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | **રૂ.12,03,000/- (રૂપિયા બાર લાખ ત્રણ હજાર માત્ર)** |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | **રૂ.1,20,300/- (રૂપિયા એક લાખ વીસ હજાર ત્રણસો માત્ર)** |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | **જાણીતું નથી** |
| મિલકતોનું નિરીક્ષણ: | **12.12.2025ના રોજ સવારે 11.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી** |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690**<br>**શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468** |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | **29.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી** |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | **30.12.2025ના રોજ સવારે 11:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી.** |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસ**ની નોટિસ પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 09.12.2025**
**SD/- અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, PEGASUS 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**

### 55 વર્ષના બદલે હવે 58 વર્ષે નિવૃત્તિ, રાજ્યના હજારો હોમગાર્ડ જવાન માટે રાજ્ય સરકારની મહત્ત્વની જાહેરાત

# હોમગાર્ડની નિવૃત્તિ વયમર્યાદામાં 3 વર્ષનો વધારો...

ગાંધીનગર | રાજ્યમાં આંતરિક સુરક્ષા, કાયદો વ્યવસ્થા અને વિવિધ કટોકટીની સ્થિતિમાં પોલીસ વિભાગ સાથે મળી કામગીરી કરતા રાજ્યના હજારો હોમગાર્ડ જવાનો માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્યાર સુધી હોમગાર્ડ જવાનની નિવૃત્તિની વયમર્યાદા 55 વર્ષ હતી, એમાં 3 વર્ષનો વધારો કરી 58 વર્ષ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયના કારણે હવે હોમગાર્ડ જવાન 58 વર્ષ સુધી ફરજ બજાવી શકશે.



**હોમગાર્ડ રૂલ્સમાં ફેરફાર કરી નિવૃત્તિ વયમર્યાદામાં વધારો કરાયો** રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવા અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે મુંબઈ હોમગાર્ડ્ઝ રૂલ્સ, 1953ના નિયમ- 9 માં આ અંગે સુધારો કરવા નિર્ણય લીધો છે. જેને પરિણામે હવે હોમગાર્ડઝ સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા 55 વર્ષથી વધારીને 58 વર્ષ થશે. નાયબ મુખ્યમંત્રીહર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યમાં આ દળ પોલીસના પૂરક બળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે. હોમગાર્ડઝના જવાનો માનદ સેવા આપીને ચૂંટણી બંદોબસ્ત, ટ્રાફિક ફરજો, રાત્રી પેટ્રોલિંગ, વી.આઈ.પી. બંદોબસ્ત, ધાર્મિક/મેળા બંદોબસ્ત સહિતની દૈનિક તમામ ફરજો પોલીસ સાથે ખંતપૂર્વક નિભાવે છે. આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોમાં રાષ્ટ્ર-સેવા કરવા માટેનો જુસ્સો વધશે, અને તેઓ વધુ ત્રણ વર્ષ માટે પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી શકશે.

### હોમગાર્ડને ફરજના બદલામાં મળે છે માનદવેતન

આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોને વધુ ત્રણ વર્ષ રાષ્ટ્ર અને સમાજની સેવા કરવાનો મોકો મળશે. એટલું જ નહીં, હોમગાર્ડઝના સભ્યો માનદ હોય છે અને તેમના પર કૌટુંબિક જવાબદારીઓ હોય છે. નિવૃત્તિ વયમર્યાદા વધવાથી તેઓ વધુ સારી રીતે પોતાની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ નિભાવી શકશે.

હોમગાર્ડ્ઝ સભ્યો ક્ષેત્રીય કક્ષાએ ભૌગોલિક અને સામાજિક રીતે લોકો સાથે જોડાયેલા હોવાથી, તેઓ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની કામગીરી વધુ સારી રીતે પાર પાડવા પોલીસને વધુ મદદ કરી શકશે. બૃહદ મુંબઈ રાજ્યમાં 6 ડીસેમ્બર, 1947ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરિક સુરક્ષા માટે હોમગાર્ડઝ દળની રચના કરવામાં આવી હતી.

ગુજરાતમાં હોમગાર્ડ (ગૃહ રક્ષક દળ) એ એક મહત્વપૂર્ણ સ્વયંસેવી સંસ્થા છે, જે રાજ્યની આંતરિક સુરક્ષા, કાયદા વ્યવસ્થા જાળવવા અને વિવિધ કટોકટીની પરિસ્થિતિઓમાં પોલીસને સહાય કરવા માટે કાર્યરત છે. આ દળના જવાનો પોલીસ સાથે મેળવીને રાત-દિવસ ફરજ બજાવે છે અને તેમને માનદ વેતન આપવામાં આવે છે. ઇતિહાસ અને સ્થાપના રાજ્યમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાનને 2022 પહેલાં પ્રતિદિન રૂ. 300 રૂપિયાનું માનદ વેતન મળતું હતું. રાજ્ય સરકારે 31 નવેમ્બરે 2022ના રોજ હોમગાર્ડના વેતનમાં 50 ટકાનો વધારો કરી પ્રતિદિન રૂપિયા 450 માનદ વેતન કરવામાં આવ્યું હતું.

## ન્યુઝ બ્રિફ

### 'મોદી સામે મેવાણીનું કોઈ અસ્તિત્વ નથી'

ગાંધીનગર | વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ વડનગરના સુંઢિયા ગામમાં કરેલી ટિપ્પણી મુદ્દે આજે(8 ડિસેમ્બર) મોદી સમાજના આગેવાનોએ અમદાવાદ કલેક્ટર કચેરીએ વિરોધપ્રદર્શન કરી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આ તકે મોદી સમાજના આગેવાનો ભારે આક્રોશમાં હતા. તેમણે કહ્યું હતું કે મોદી સામે મેવાણીનું કોઈ અસ્તિત્વ નથી. તેના આકાઓ મોદીના શરણે થઈ ગયા, તો મેવાણીનું શું આવે?. વધુમાં તેમણે મેવાણી જાહેરમાં માફી માગે એવી માગ પણ કરી હતી તથા ભવિષ્યમાં આવો વાણીવિલાસ ન કરવા માટે પણ ચેતવ્યા હતા.

મુંબઈ-પુણે મોદી સમાજના પ્રેસિડેન્ટ જયંતીભાઈ મોદીએ જણાવ્યું હતું કે રાજનીતિ અલગ વસ્તુ છે, પણ મોદીસાહેબ અમારા સમાજના છે, અમારા ગામના છે, અમારી પવિત્ર ભૂમિના છે, એનું અમને ગૌરવ છે, અમારું અભિમાન છે. આજે પાર્ટીને કોઈ લેવાદેવા નથી, પણ નરેન્દ્ર મોદી વિશે જિજ્ઞેશ મેવાણીએ વડનગરની પવિત્ર ભૂમિની બાજુના સુંઢિયા ગામમાં જે વાણીવિલાસ કર્યો છે, જે તુચ્છ શબ્દોનો ઉપયોગ કર્યો છે, શબ્દોની મર્યાદા ચૂકી ગયા છે.

### ગાંધીનગરના જાણીતા રાધે સ્વીટ્સની પાઉંમાં જીવાત!

ગાંધીનગર : ગાંધીનગર શહેરમાં ખૂબ જ પ્રચલિત અને વિશ્વાસપાત્ર ગણાતી ફૂડ બ્રાન્ડ 'રાધે સ્વીટ્સ' ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં કથિત રીતે સરગાસણ સ્થિત રાધે સ્વીટ્સના આઉટલેટમાંથી ખરીદેલા સીલબંધ બ્રેડના પાઉંના પેકેટમાં જીવંત જીવાત ફરતી જોવા મળી રહી છે. નવાઈની વાત એ છે કે આ પેકેટ એક્સપાયરી ડેટ વાળું પણ નહોતું.

ગાંધીનગર શહેરમાં ખૂબ જ પ્રચલિત અને વિશ્વાસપાત્ર ગણાતી ફૂડ બ્રાન્ડ 'રાધે સ્વીટ્સ' ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. એક વાયરલ વીડિયોમાં એક જાગૃત ગ્રાહક રાધે બ્રાન્ડના સીલબંધ પાઉંના પેકેટમાં જીવાત હોવાનું આઉટલેટના મેનેજરને બતાવી રહ્યો છે. પેકિંગની અંદર અને પાઉં પર સ્પષ્ટપણે જીવંત ઈયળો જોઈ શકાય છે. મેનેજર પણ આ હકીકતનો સ્વીકાર કરતા જોવા મળે છે. ગ્રાહકે આ ઘટના દ્વારા બ્રેડ બનાવતી કંપની અને વેપારીની ગંભીર બેદરકારી પર સવાલો ઉઠાવ્યા છે.

# સુભાષબ્રિજ 15 ડિસેમ્બર સુધી બંધ

### 4 એજન્સીઓ ટેસ્ટિંગ કરશે, તમામ ટેસ્ટ થયા બાદ બ્રિજ અંગે રાજ્ય સરકાર નિર્ણય લેશે

અમદાવાદ | અમદાવાદના સૌથી વ્યસ્ત અને ઉત્તર ગુજરાતથી શહેરમાં પ્રવેશ કરવા માટેના મુખ્ય રોડ તરીકે ગણાતા એવા સુભાષબ્રિજ પર તિરાડ અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના મામલે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. બ્રિજ નિર્માણ અને કન્સલ્ટન્ટ એજન્સીઓએ સુભાષબ્રિજના ટેસ્ટિંગની કામગીરી શરૂ કરી છે. અલગ અલગ ત્રણ એજન્સીઓ અને કન્સલ્ટન્ટ દ્વારા બ્રિજના રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. આગામી 15 ડિસેમ્બર સુધી બ્રિજના ટેસ્ટની કામગીરી ચાલવાની હોવાના કારણે હજી એક અઠવાડિયા સુધી બ્રિજ બંધ રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા મુજબ શહેરના સુભાષબ્રિજ પર પડેલી તિરાડ અને ભાગ બેસી જવા મામલે બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અલગ અલગ ત્રણ એજન્સીઓ પાસે આખા સુભાષબ્રિજના ટેસ્ટિંગની કામગીરી કરાવવામાં આવી રહી છે. આજે 8 ડિસેમ્બરના રોજ વડોદરાની જીઓ ડાયનેમિક્સ નામની કંપની દ્વારા સુભાષ બ્રિજની તપાસ કરવામાં આવી રહી છે. બ્રીજના તમામ પિલ્લર અને તમામ સ્પાનના ઈન્ટીગ્રિટી ટેસ્ટ કરવામાં આવશે. તમામ પાસાઓ ઉપર તપાસ કરીને બે દિવસ બાદ બ્રિજનો રિપોર્ટ આપવામાં આવશે.

આજે SVNIT સુરતની ટીમ બ્રિજ ઈન્સ્પેક્શન માટે અમદાવાદ આવવાની હતી. જોકે હવે ટીમ આવતીકાલે 9 ડિસેમ્બરના રોજ મંગળવારે સુભાષ બ્રિજના ઈન્સ્પેક્શન અને ટેસ્ટ માટે આવશે. બે દિવસ બાદ IIT મુંબઈ અને IIT રૂડકીની ટીમ પણ બ્રિજના ઈન્ફેક્શન અને ટેસ્ટ માટે આવશે જેથી આખા અઠવાડિયા દરમિયાન સુભાષબ્રિજના ટેસ્ટ અને ઈન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવશે. સોમવારે સાંજ સુધીમાં તમામ ટેસ્ટ પૂર્ણ થઈ ગયા બાદ બ્રિજ અંગેનો નિર્ણય લેવામાં આવી શકે છે.

### એક અઠવાડિયા સુધી બ્રિજના ઈન્સ્પેક્શન-ટેસ્ટની કામગીરી અલગ અલગ એજન્સીઓ કરશે

મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા મુજબ એક અઠવાડિયા સુધી બ્રિજના ઈન્સ્પેક્શન અને ટેસ્ટની કામગીરી અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવશે. જે તમામ એજન્સીઓના સૂચનો અને રિપોર્ટના આધારે રાજ્ય સરકાર નિર્ણય લેશે.

સુભાષબ્રિજ બંધ થતા વાડજ સર્કલ ખાતે ટ્રાફિકની સમસ્યા વધી છે. વાડજ બ્રિજની બંને તરફ સવાર-સાંજના સમયે ટ્રાફિક ખૂબ જ વધી રહ્યો છે જેને લઈને પોલીસ કમિશનર વાડજ ટ્રાફિક નિરીક્ષણ માટે પહોંચ્યા હતા. શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધતા અલગ અલગ પોલીસ સ્ટેશનના 250 પોલીસકર્મીની ટ્રાફિકમાં બદલી કરવાનો જી. એસ. મલિકે નિર્ણય કર્યો છે.



### '250 પોલીસકર્મીની પોલીસ સ્ટેશનથી ટ્રાફિકમાં ઓર્ડર કરાશે'

પોલીસ કમિશનર જી.એસ મલિકે જણાવ્યું હતું કે, વાડજ ખાતે ટ્રાફિકની સમસ્યા ખૂબ વધી હતી. હજુ AMC દ્વારા સુભાષબ્રિજ અંગે કોઈ ટાઈમ લાઈન આપવામાં આવી નથી. જેથી લોકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો ન કરવો પડે તથા ટ્રાફિક ઓછો થાય તે માટે AMCના અધિકારીઓને વાડજમાં બનતા બ્રિજના કારણે રસ્તો સાંકડો થયો છે તેમ બિનજરૂરી વસ્તુઓ હટાવી રસ્તો પહોળો કરવા સૂચન આપ્યા છે. આ ઉપરાંત શહેરના અલગ અલગ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા 250 પોલીસકર્મીની ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવશે.

### આરોપીને પગમાં ગોળી વાગી, ઝપાઝપીમાં એક હેડ કોન્સ્ટેબલ પણ ઘાયલ

# અમદાવાદમાં દુષ્કર્મના આરોપીએ ભાગવાનો પ્રયાસ કરતા PIનું ફાયરિંગ




અમદાવાદ | અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં દિવ્યાંગ યુવતી પર થયેલા દુષ્કર્મ કેસના આરોપીએ રિકન્સ્ટ્રક્શન દરમિયાન પોલીસ પર હુમલો કરી ભાગી જવાનો પ્રયાસ કરતા PIએ ફાયરિંગ કરવાની ફરજ પડી હતી. આરોપીના પગમાં ગોળી વાગતા તેને સારવાર માટે ખસેડાયો છે. જ્યારે એક હેડ કોન્સ્ટેબલ પણ ઈજાગ્રસ્ત થતા તેને પણ સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

અમદાવાદના દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કમના કેસમાં ઝડપાયેલા મોઈનુદ્દીન નામના આરોપીને લઈ પોલીસ આજે ઘટનાસ્થળે રિકન્સ્ટ્રકન માટે લઈ ગઈ હતી. ત્યારે આરોપીએ પોલીસ પર હુમલો કરી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળ પર હાજર પોલીસ ઈન્સ્પેક્ટર ઈમરાન ઘાસુરા પાસેથી હથિયાર છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. PI તરફથી ફાયરીંગ કરાતા આરોપીને એક ગોળી પગમાં વાગી હતી.

દુષ્કર્મના આરોપી અને પોલીસકર્મી વચ્ચે થયેલી ઝપાઝપી દરમિયાન હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ રાઠોડ ઈજાગ્રસ્ત થયા છે. જેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં દિવ્યાંગ યુવતી પર મોડીરાતે અજાણ્યા શખસે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાંચે ગુનો દાખલ થયાના ચાર દિવસમાં માનિસક વિકૃત આરોપીની ધરપકડ કરી લીધી છે. મોડીરાતે દિવ્યાંગ યુવતી તેના ઘરેથી ઊતરીને રોડ પર આવી હતી, જ્યાં આરોપીએ મોકાનો ફાયદો ઉઠાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ક્રાઈમ બ્રાંચને આરોપીને ઝડપી લેવા માટે 30થી વધુ સીસીટીવી કેમેરા ચેક કરવા પડ્યા હતા. માનસિક વિકૃત આરોપી સામે 15થી વધુ ગુના નોંધાયેલા છે.

# સરખેજમાં સાથળમાં છરી મારતા ઈજાગ્રસ્ત યુવકનું હોસ્પિટલમાં મોત

અમદાવાદ | અમદાવાદના સરખેજમાં સામાન્ય બાબતમાં યુવકની હત્યાનો બનાવ બન્યો છે. ગઈકાલે(7 ડિસેમ્બર) રાત્રે જાવેદ નામનો યુવક એક હોટલ પાસે બેઠો હતો ત્યારે સાજીદ નામના યુવકે તેની પાસે સિગારેટ માંગી હતી. સિગારેટ આપવાની ના પાડતા સાજીદે સાથળના ભાગે છરી મારી દેતા જાવેદને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં તેનું મોત થયું હતું. આ અંગે સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરખેજમાં રહેતો જાવેદ મહીડા નામનો 32 વર્ષીય યુવક રિક્ષા ચલાવે છે. જાવેદ ગઈકાલે રાત્રે રિક્ષા લઈને ફતેવાડી પાસે આવેલી સવેરા હોટલ પાસે બેઠો હતો. જાવેદ પાસે સાજીદ નામનો શખસ આવ્યો હતો જેને જાવેદ પાસે સિગારેટ માંગી હતી, પરંતુ જાવેદે આપી નહોતી. બાદમાં સાજીદે છરી બતાવતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી વધુ ઉગ્ર થતા સાજીદે છરી વડે જાવેદ પર હુમલો કરી દીધો હતો.

સાજીદે જાવેદના સાથળના ભાગે છરી મારી દીધી હતી જેથી જાવેદે બુમાબુમ કરતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. ત્યાં ઉભેલા હનીફે બંનેને છોડાવ્યા હતા. જાવેદે તેના બનેવીને ફોન કરીને ઘટનાની જાણ કરી હતી. જાવેદના બનેવી સ્થળ પર પહોચતા જાવેદ લોહીલુહાણ હાલતમાં હતો.

# દાહોદ 10 ડિગ્રી સાથે સૌથી ઠંડુ, નલિયા બીજા નંબર પર : તાપમાનનો પારો ત્રણ ડિગ્રી ગગડ્યો

અમદાવાદ | રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં મિશ્ર વાતાવરણ જોવા મળ્યું છે. વહેલી સવારે અને રાત્રે કડકડતી ઠંડીનો માહોલ જામ્યો છે. તો બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જોકે બપોર દરમિયાન પણ પવન ફુંકાઈ રહ્યો છે, જેથી વાતાવરણમાં ઠંડીનો પારો વધ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે. ગુજરાતમાં દાહોદ 10 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડ રહ્યું છે. જ્યારે નલિયામાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે બીજા નંબર પર રહ્યું. જ્યારે 21.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ઓખા સૌથી ગરમ રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આગામી દિવસોમાં ઠંડી વધે તેવી પૂરી શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 29.9 અને લઘુત્તમ તાપમાન 15.5 નોંધાયું છે. આ ઉપરાંત, અમરેલીમાં મહત્તમ 30.5 અને લઘુત્તમ 15, જ્યારે બનાસકાંઠામાં મહત્તમ 29.6 અને લઘુત્તમ 14.8 નોંધાયું. સૌરાષ્ટ્રમાં, ભાવનગરમાં મહત્તમ 29.1 અને લઘુત્તમ 15.8, ભૂજમાં મહત્તમ 31.0 અને લઘુત્તમ 14.4, દ્વારકામાં મહત્તમ 30.2 અને લઘુત્તમ 19.4 નોંધાયું છે. મધ્ય ગુજરાતમાં, દાહોદ રાજ્યમાં સૌથી ઓછા લઘુત્તમ તાપમાન 10 સાથે ઠંડુ રહ્યું હતું. જ્યારે ગાંધીનગરમાં મહત્તમ 30.3 અને લઘુત્તમ 15, કંડલામાં મહત્તમ 29.4 અને લઘુત્તમ 16.6, નલિયામાં મહત્તમ 30.9 અને લઘુત્તમ 11 નોંધાયું છે.

### કોંગ્રેસે સ્ટિંગ ઓપરેશન દ્વારા સ્ટીકરવાળી ઉઘરાણીનો કર્યો પર્દાફાશ

# અમદાવાદ પોલીસ પર રૂ.180 કરોડના 'રિક્ષા હપ્તા કાંડ'નો આરોપ

(એજન્સી) અમદાવાદ | તા. 08

ગુજરાતની રાજનીતિમાં હલચલ મચાવે તેવો એક ચોંકાવનારો દાવો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. કોંગ્રેસે સ્ટિંગ ઓપરેશન થકી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરતાં જણાવ્યું છે કે, અમદાવાદ શહેરમાં દોડતી મોટાભાગની રિક્ષાચાલકો પાસેથી પોલીસના વહીવટદારો દ્વારા દર મહિને રિક્ષા દીઠ રૂ. 1000નો હપ્તો વસૂલવામાં આવે છે. આ હપ્તો વસૂલવા માટે પોલીસ દ્વારા રિક્ષાચાલકોને વિશિષ્ટ સ્ટીકર આપીને એક ખાસ મોડસ ઓપરેન્ડીથી ઉઘરાણી કરવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપવામાં આવી હતી. તેમણે સ્ટિંગ ઓપરેશનના તારણો રજૂ કરતાં જણાવ્યું હતું કે, રિક્ષાચાલકો સાથેની વાતચીતમાં સામે આવ્યું કે પોલીસ વહીવટદાર દ્વારા દર મહિને રિક્ષાનો રૂ. 1000નો હપ્તો લેવામાં આવે છે. કોંગ્રેસના દાવા મુજબ, અમદાવાદ શહેરમાં કુલ 3 લાખ રિક્ષાઓ છે, જેમાંથી અંદાજે 1.5 લાખ જેટલી રિક્ષા શટલ રિક્ષા તરીકે ચલાવવામાં આવે છે. 'જો 1.5 લાખ શટલ રિક્ષા પાસેથી વાર્ષિક રૂ. 12000 (માસિક રૂ. 1000) લેખે હપ્તો વસૂલવામાં આવે તો, માત્ર અમદાવાદમાં જ પોલીસ વહીવટદારના માધ્યમથી રૂ. 180 કરોડથી વધારે હપ્તાની ગેરકાયદેસર ઉઘરાણી થાય છે.'

### સ્ટીકરની મોડસ ઓપરેન્ડી: હપ્તો ભર્યાનું 'પ્રમાણ'

કોંગ્રેસે આ ઉઘરાણી પાછળની ચોક્કસ પદ્ધતિ (મોડસ ઓપરેન્ડી) સમજાવતા જણાવ્યું હતું કે,

- હપ્તો આપનાર રિક્ષામાં વિશિષ્ટ પ્રકારનું સ્ટીકર લગાવવામાં આવે છે.
- આ સ્ટીકર હપ્તો ભર્યાનું પ્રમાણ ગણાય છે.
- સ્ટીકર લગાવેલી રિક્ષાઓને પોઈન્ટ પર પોલીસ દ્વારા રોકવામાં આવતી નથી.
- દર મહિને આ સ્ટીકરની ડિઝાઇન બદલવામાં આવે છે અને દિવાળી જેવા તહેવારોમાં ખાસ દીવા સ્વરૂપનું સ્ટીકર લગાડવામાં આવે છે.

### કોંગ્રેસની મુખ્ય માંગણીઓ

સમગ્ર કૌભાંડ મામલે કોંગ્રેસે ગુજરાત સરકાર અને પોલીસ તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. સ્ટીકર આધારિત હપ્તા ઉઘરાણીના મુદ્દે તાત્કાલિક અને ગંભીર તપાસ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે. ગરીબ રિક્ષાચાલકોને તેમના જીવનનિર્વાહ માટે શેરિંગ પેસેન્જર લઈને ચાલવાની કાયદેસર છૂટ આપવામાં આવે. કોંગ્રેસનું કહેવું છે કે, જો આરટીઓના નિયમ મુજબ પેસેન્જર બેસાડવાની છૂટ અપાય તો હપ્તા ઉઘરાવતું ગેરકાયદેસર નેટવર્ક આપોઆપ તૂટી પડે. વધુમાં, કોંગ્રેસે એ પણ સ્વીકાર્યું કે અમદાવાદના રીલીફ રોડ, રતનપોળ, ગાંધીરોડ, કાળુપુર, સ્ટેશન જેવા વિસ્તારોમાં શેરિંગ રિક્ષા વડે જ સામાન્ય જનતાનું ટ્રાન્સપોર્ટેશન શક્ય બને છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...